અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

17 JANUARY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 196 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ઈરાનમાં યુદ્ધની આશંકા વચ્ચે રશિયાની એન્ટ્રી! પુતિને બે દેશના નેતાઓ સાથે કરી ટેલિફોનિક વાતચીત

4  કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના હસ્તે નારણપુરા ખાતે સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-2ના....

6  ICCએ પોતાની ભૂલ સુધારી: રેન્કિંગમાં કોહલીના નંબર-1 રહેવાના દિવસો ઓછા જણાવ્યા હતા, પહેલા પણ ઘણી....

7  સેન્સેક્સમાં 200 અંકથી વધુનો ઊછાળો: 83,600 પર ટ્રેડિંગ, નિફ્ટી પણ 50 અંક ચઢ્યો

## મહારાષ્ટ્ર નગર નિગમની ચૂંટણીમાં કોંગ્રેસને 3 સીટ મળી

# મહારાષ્ટ્રની 29 નગર નિગમમાંથી 21 સીટ પર ભાજપનો કબજો

### શિવસેના (શિંદે જૂથ), કોંગ્રેસ અને શિવસેના (ઠાકરે જૂથ)ને મર્યાદિત સફળતા

### મતગણતરીના પરિણામો બતાવે છે કે રાજ્યમાં ભાજપની સ્પષ્ટ લહેર જોવા મળી

**મુંબઈ, તા.16**

મહારાષ્ટ્રના રાજકારણમાં નગર નિગમ ચૂંટણીએ મોટો રાજકીય બદલાવ નોંધાવી દીધો છે. રાજ્યની ૨૯ નગર નિગમોની ચૂંટણીના પરિણામ જાહેર થઈ ચુક્યા છે અને આ પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ સ્પષ્ટ લીડ બનાવતા વિપક્ષને મોટો ઝટકો આપ્યો છે. આંકડા અનુસાર, ભાજપે મુંબઈ સહિત ૨૧ નગર નિગમ પર કબજો કરી લીધો છે. જ્યારે શિવસેના (શિંદે જૂથ), કોંગ્રેસ અને શિવસેના (ઠાકરે જૂથ)ને મર્યાદિત સફળતા મળી શકે છે.



સૌથી મોટો ઝટકો શિવસેના (ઠાકરે જૂથ)ને લાગ્યો છે, જેને મુંબઈમાં ૨૫ વર્ષો બાદ સત્તા ખોવાનો વારો આવ્યો છે. એક સમયે મહાનગરોની રાજનીતિમાં મજબૂત પકડ ધરાવતી કોંગ્રેસ પણ આ ચૂંટણીમાં ખાસ કંઈ પ્રભાવ છોડી શકી નથી.

મતગણતરીના પરિણામો બતાવે છે કે રાજ્યમાં ભાજપની સ્પષ્ટ લહેર જોવા મળી રહી છે. ભાજપે ન ફક્ત મુંબઈમાં સત્તા મેળવી છે, પણ પુણે, નાગપુર, નાસિક જેવા મોટા શહેરો અને રાજકીય રીતે મહત્ત્વના શહેરો પર પોતાનું વર્ચસ્વ બનાવી રાખ્યું છે.

**આ સીટો પર ભાજપની જીત**

મુંબઈ, નવી મુંબઈ, મીરા-ભયંદર, ઉલ્હાસનગર, પનવેલ, પુણે, પિંપરી-ચિંચવડ, ઈચલકરંજી, સાંગલી-મિરાજ-કુપવાડ, કોલ્હાપુર, સોલાપુર, નાગપુર, અકોલા, અમરાવતી, નાસિક, ધુલે, જલગાંવ, અહિલ્યાનગર, જાલના, નાંદેડ-વાધાલા, છત્રપતિ સંભાજીનગર

**શિવસેના (શિંદે જૂથ): થાણે-કલ્યાણમાં ગઢ જાળવી રાખ્યો**

મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાએ બે સીટો પર દબદબો જાળવી રાખ્યો છે.

થાણે, કલ્યાણ ડોમ્બિવલી

**કોંગ્રેસને આ વખતે ૩ નગર નિગમોમાં સફળતા મળી છે**

લાતૂર-એકલા દમ પર સત્તા મેળવી

ભિવંડી-નિઝામપુર-એકલા દમ પર સત્તા

ચંદ્રપુર-શિવસેના (યુબીટી) સાથે ગઠબંધનમાં સરકાર

ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળા જૂથને ખાલી પરભણી નગર નિગમમાં સફળતા મળી છે. જ્યાં કોંગ્રેસના સમર્થનથી સત્તા બની છે. કૂલ મળીને ઠાકરે જૂથનો શહેરી પ્રભાવ આ ચૂંટણીમાં નબળો પડ્યો છે.

વસઈ-વિરાર નગર નિગમમાં બહુજન વિકાસ અઘાડીએ ફરી એક વાર પોતાની મજબૂત પકડ બનાવી છે. લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ આ જીત મ્ફછ માટે રાજકીય રીતે મહત્ત્વની માનવામાં આવી રહી છે. માલેગાંવ નગર નિગમમાં કોઈ પણ પાર્ટીને સ્પષ્ટ બહુમત મળતો નથી દેખાતો. આવા સમયે અપક્ષ ઉમેદવાર કિંગમેકરની ભૂમિકામાં આવી ગયા છે. હવે માલેગાંવના મેયર કોણ હશે, એ સંપૂર્ણપણે એ વાત પર નિર્ભર છે કે અપક્ષ કઈ પાર્ટીને ટેકો આપે છે.

## ઈન્દોરમાં રાહુલ ગાંધીની મીટિંગને મંજૂરી ન મળી

### હવે માત્ર બોમ્બે હોસ્પિટલ અને ભગીરથપુરા જશે, દૂષિત પાણીથી અત્યાર સુધીમાં 24 મોત

**ભોપાલ, તા.16**

ઈન્દોરના ભાગીરથપુરા વિસ્તારમાં દૂષિત પાણીના કારણે અત્યાર સુધીમાં 24 લોકોના મોત થયા બાદ પરિસ્થિતિનો તાગ મેળવવા કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી શનિવાર, 17 જાન્યુઆરીએ ઈન્દોર આવી રહ્યા છે. જોકે, આ દરમિયાન ઈન્દોરમાં કોંગ્રેસના નેતાઓ અને શહેરી જનપ્રતિનિધિઓ સાથે પ્રસ્તાવિત બેઠકને વહીવટીતંત્ર તરફથી મંજૂરી મળી શકી નથી.



કોંગ્રેસે રાજ્યભરના કાઉન્સિલરો, મેયરો, નગરપાલિકા અને નગર પરિષદના પ્રમુખો અને ઉપપ્રમુખો સાથે રાહુલ ગાંધીની બેઠક માટે અભય પ્રશાલ અને આનંદ મોહન માથુર સભાગૃહમાં કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. આ માટે લગભગ એક હજાર લોકોની હાજરીની મંજૂરી માંગવામાં આવી હતી, પરંતુ જિલ્લા વહીવટીતંત્રે બેઠકને મંજૂરી આપી ન હતી.

કોંગ્રેસના સંગઠન પ્રભારી ડો. સંજય કામલે જણાવ્યું કે વહીવટીતંત્ર તરફથી મંજૂરી ન મળવાને કારણે બેઠક રદ કરવી પડી છે. હવે રાહુલ ગાંધીનો ઈન્દોર પ્રવાસ મર્યાદિત કાર્યક્રમ સુધી જ રહેશે.

રાહુલ ગાંધી ઈન્દોર પહોંચ્યા પછી પહેલા બોમ્બે હોસ્પિટલ જશે, જ્યાં તેઓ દૂષિત પાણીથી બીમાર થયેલા દર્દીઓ અને તેમના પરિવારજનોને મળશે. આ પછી તેઓ ભાગીરથપુરા પહોંચીને તે પરિવારોને મળશે, જેમના પરિવારજનોનું દૂષિત પાણીના કારણે મૃત્યુ થયું છે. રાહુલ ગાંધીના પ્રવાસને લઈને જિલ્લા પ્રશાસન એલર્ટ મોડમાં છે.

મધ્યપ્રદેશ કોંગ્રેસ સમિતિએ 17 થી 31 જાન્યુઆરી 2026 સુધી તબક્કાવાર આંદોલનની જાહેરાત કરી છે. આ આંદોલન મનરેગામાં ફેરફાર કરીને કાનૂની અધિકારોની પુનઃસ્થાપના, ઈન્દોરના ભાગીરથપુરામાં દૂષિત પાણીથી થયેલા મૃત્યુ અને રાજ્યમાં બગડતી જળ ગુણવત્તાના વિરોધમાં કરવામાં આવશે.

આંદોલનનો પ્રથમ તબક્કો 17 જાન્યુઆરીએ થશે. આ દિવસે શહેરી જિલ્લા કોંગ્રેસ સમિતિઓ ભાગીરથપુરાની ઘટના અને જળ ગુણવત્તાના મુદ્દે જિલ્લા સ્તરે એક દિવસીય ઉપવાસ રાખશે. આ ઉપવાસ સવારે 11 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી રહેશે. ગ્રામીણ જિલ્લાઓમાં પણ મનરેગા અને જળ ગુણવત્તાને લઈને ઉપવાસ આયોજિત કરવામાં આવશે.

બીજો તબક્કો 18 થી 31 જાન્યુઆરી સુધી ચાલશે, જેમાં જનજાગૃતિ અભિયાન, જળ ગુણવત્તા સંબંધિત તથ્યો અને પુરાવા એકત્ર કરવા, દૂષિત જળ સ્ત્રોતો, સીવેજ લાઈનો અને ઔદ્યોગિક કચરાવાળા વિસ્તારોની આસપાસ પાણીની તપાસ જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

ઈન્દોરના ભાગીરથપુરા દૂષિત પાણી કાંડના મામલામાં ગુરુવારે વધુ એક મૃત્યુ થયું. જેના કારણે મૃતકોની સંખ્યા હવે 24 થઈ ગઈ છે. ભાગીરથપુરામાં રહેતી સુભદ્રાબાઈ પતિ બસંતરાવ પંવાર (78)નું એક પ્રાઈવેટ હોસ્પિટલમાં સવારે મૃત્યુ થયું. પુત્ર મનીષે જણાવ્યું કે 26 ડિસેમ્બરે દૂષિત પાણી પીધા પછી માતાની તબિયત બગડી હતી.

## PM મોદીએ કહ્યું- 10 વર્ષ પહેલા દેશમાં 500 સ્ટાર્ટઅપ હતા: આજે 2 લાખથી વધુ; પીયૂષ ગોયલે કહ્યું- સ્ટાર્ટઅપથી 21 લાખ નોકરીઓ મળી

**નવી દિલ્હી, તા.16**

પીએમ મોદીએ શુક્રવારે કહ્યું કે ભારત આજે દુનિયાનું ત્રીજું સૌથી મોટું ઈકોસિસ્ટમ છે. 10 વર્ષ પહેલાં દેશમાં 500થી પણ ઓછા સ્ટાર્ટઅપ હતા, પરંતુ આજે 2 લાખથી વધુ સ્ટાર્ટઅપ છે.



નેશનલ સ્ટાર્ટઅપ ડેના અવસરે પીએમએ કહ્યું કે ભારતના યુવાનોનું ધ્યાન વાસ્તવિક સમસ્યાઓ હલ કરવા પર છે. આપણા યુવા ઈનોવેટર્સ, જેમણે નવા સપના જોવાની હિંમત બતાવી. હું તે બધાની ખૂબ-ખૂબ પ્રશંસા કરું છું.

પીએમએ આ વાતો નવી દિલ્હી સ્થિત ભારત મંડપમમાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા કેમ્પેનના 10 વર્ષ પૂરા થવાના કાર્યક્રમમાં કહી. તેમણે કહ્યું કે આપણું લક્ષ્ય હોવું જોઈએ કે આવનારા 10 વર્ષોમાં ભારત નવા સ્ટાર્ટઅપ અને ટેકનોલોજીમાં દુનિયાનું નેતૃત્વ કરે.

સ્ટાર્ટઅપ ઈન્ડિયા કેમ્પેઈનને 16 જાન્યુઆરી 2016ના રોજ વડાપ્રધાને લોન્ચ કર્યું હતું. જેનો હેતુ ઈનોવેશન, એન્ટરપ્રેન્યોરશિપને પ્રોત્સાહન આપવાનો અને ઈન્વેસ્ટમેન્ટથી થતી ગ્રોથને સક્ષમ બનાવવાનો છે. છેલ્લા એક દાયકામાં દેશભરમાં 2 લાખથી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા મળી છે.

સ્ટાર્ટઅપ ઈન્ડિયાની 10 વર્ષની સફર તમારા સપના સાકાર થવાની યાત્રા છે. 10 વર્ષ પહેલાં સ્ટાર્ટઅપની કોઈ શક્યતા જ નહોતી. અમે યુવાનોને ખુલ્લું આકાશ આપ્યું અને આજે પરિસ્થિતિ આપણી સામે છે. આજે ભારત દુનિયાનું ત્રીજું સૌથી મોટું ઈકોસિસ્ટમ છે. 10 વર્ષ પહેલાં દેશમાં 500થી પણ ઓછા સ્ટાર્ટઅપ હતા. આજે આ સંખ્યા 2 લાખથી વધુ છે.

મને ખૂબ આનંદ છે કે સ્ટાર્ટઅપ ઈન્ડિયાએ દેશમાં એક નવી સંસ્કૃતિને જન્મ આપ્યો છે. પહેલાં નવો બિઝનેસ અને નવું વેન્ચર ફક્ત મોટા-મોટા ઘરાનાના બાળકો જ લાવતા હતા. કારણ કે તેમને જ સરળતાથી ફંડિંગ અને સપોર્ટ મળતો હતો. મધ્યમ વર્ગ અને ગરીબ બાળકો ફક્ત નોકરીના જ સપના જોઈ શકતા હતા. પરંતુ સ્ટાર્ટઅપ ઈન્ડિયાએ તે પરિસ્થિતિ બદલી.

જે દેશ AI ક્રાંતિમાં જેટલો આગળ હશે, તેટલો જ આગળ વધશે. આપણા યુવા સ્ટાર્ટઅપ્સને કરવું પડશે. આપણે નવા ઉત્પાદનો બનાવવા પડશે. ટેકનોલોજીમાં પણ નવા કામ કરીને આગળ વધવું પડશે. હું તમને વિશ્વાસ અપાવું છું કે સરકાર તમારી સાથે ઊભી છે.

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની 20 જાન્યુઆરીએ ચૂંટણી: પાર્ટીએ નોટિફિકેશન બહાર પાડ્યું, હાલ નીતિન નબીન છે કાર્યકારી અધ્યક્ષ

**નવી દિલ્હી, તા.16**

ભારતીય જનતા પાર્ટી (BJP)ના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે પાર્ટીએ નોટિફિકેશન બહાર પાડ્યું છે. નોટિફિકેશન મુજબ, 19 જાન્યુઆરીના રોજ આ માટે ઉમેદવારી પત્ર ભરવામાં આવશે, જ્યારે 20 જાન્યુઆરીના રોજ BJPના નવા અધ્યક્ષના નામની જાહેરાત કરવામાં આવશે.



હાલમાં નીતિન નબીનને પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. પાર્ટી તેમને જ બિનહરીફ અધ્યક્ષ તરીકે ચૂંટી શકે છે. ગયા વર્ષે 14 ડિસેમ્બરે નીતિન નબીનને પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ જાહેર કરવામાં આવ્યા હતા.

ભાજપે વર્ષ 2020માં જેપી નડ્ડાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવ્યા હતા. 2024માં તેમનો કાર્યકાળ પૂરો થયો હતો. ત્યારથી તેઓ એક્સટેન્શન પર હતા. નડ્ડા હાલમાં કેન્દ્રમાં સ્વાસ્થ્ય મંત્રાલય સંભાળી રહ્યા છે.

ભાજપના રાષ્ટ્રીય રિટર્નિંગ ઓફિસર કે. લક્ષ્મણે ચૂંટણીનું શિડ્યૂલ જાહેર કર્યું. એ મુજબ, પક્ષપ્રમુખની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો 19 જાન્યુઆરીના રોજ બપોરે 2થી 4 વાગ્યાની વચ્ચે ભરી શકાશે અને ઉમેદવારો એ જ દિવસે સાંજે 5થી 6 વાગ્યાની વચ્ચે પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે.

લક્ષ્મણે કહ્યું હતું કે જો જરૂર પડશે તો 20 જાન્યુઆરીએ મતદાન થશે અને એ જ દિવસે નવા ચૂંટાયેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પક્ષના મુખ્યાલયમાં યોજાશે.

હાલમાં પાર્ટીએ નીતિન નબીનને રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બનાવ્યા છે. તેમની ઉંમર 45 વર્ષ છે. ભવિષ્યમાં જો નીતિનને જ રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવે છે તો તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ બનનારી સૌથી યુવા વ્યક્તિ હશે.

નીતિનના કાર્યકારી અધ્યક્ષ બનવાની સાથે જ ભાજપમાં 80% યુવાનોને આગળ લાવવાનો માર્ગ મોકળો થઈ ગયો છે, જોકે નવી ટીમ બનવામાં લગભગ 6 મહિના લાગશે, પરંતુ એટલું સ્પષ્ટ છે કે ટીમમાં મહામંત્રી અને મંત્રી જેવાં મુખ્ય પદો પર મોટા ભાગના 50 વર્ષથી ઓછી ઉંમરના હશે.

5 રાજ્યમાં વિધાનસભા ચૂંટણીઓ છે. નીતિન આ મુજબ જ ટીમ બનાવશે. એક વરિષ્ઠ નેતાનું કહેવું છે કે સામાન્ય રીતે રાષ્ટ્રીય અધ્યક્ષ જુનિયર અથવા સમકક્ષોને જ મહાસચિવ, સચિવ જેવાં પદો પર રાખે છે.



# SG હાઇ-વે-રિંગ રોડ નજીકના ત્રણ તળાવનો વિકાસ: ફરતે વોક-વે, બાળકો માટે મનોરંજનના સાધનો, ફૂડ કોર્ટ સહિતની સુવિધાઓ

**અમદાવાદ, તા.16**

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના લોકસભા મતવિસ્તાર અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મતવિસ્તારમાં તળાવના ડેવલોપમેન્ટ કરવામાં આવી રહ્યા છે. જગતપુર, ઓગણજ અને પોતાના તળાવોને ડેવલોપમેન્ટ કરવામાં આવ્યા છે. 20 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા તળાવ ગાર્ડનમાં નાગરિકોને મોર્નિંગ અને ઈવનિંગ વોક સાથે બાળકોના મનોરંજન માટેના સાધનો, ફૂડ કોર્ટ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જગતપુર અને ઓગણજ તળાવનું ટૂંક સમયમાં લોકાર્પણ કરવામાં આવશે.



સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પર્યાવરણની જાળવણીને લઈને અનેક કાર્યો કરવામાં આવે છે, જે અંતર્ગત જુના ગામ તળાવોના ડેવલપમેન્ટનાં પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યાં છે. તળાવના ડેવલોપમેન્ટથી સૌપ્રથમ તો વરસાદી પાણીનાં સંગ્રહની વ્યવસ્થા ઉભી થાય છે અને વરસાદી પાણી જમીનમાં ઉતરતાં ભૂગર્ભજળ સ્તરમાં વધારો થાય છે. જગતપુર અને ઓગણજ વિસ્તારમાં નવા બાંધકામો થઈ રહ્યા છે અને વસ્તી વધી રહી છે. આ વિસ્તારોમાં તળાવ કે ડેવલોપમેન્ટ ગાર્ડન ન હોવાના કારણે ત્યાં રૂપિયા 20 કરોડના ખર્ચે તળાવોને ડેવલપમેન્ટ કરવામાં આવ્યાં છે.

ઓગણજ ગામમાં આવેલા 8 કરોડનાં ખર્ચે ઓગણજ તળાવ ડેવલોપ કરવામાં આવ્યું છે તેમજ વરસાદી પાણી માટે તળાવમાં આઉટફોલ સ્ટ્રક્ચર તથા સ્ટોર્મ વોટર લાઇન નાખવામાં આવી છે. ઓગણજ અને નવા રીંગરોડ આસપાસનાં રહીશોને સુંદર તળાવ, બગીચો, સિનિયર સિટીઝનોને બેસવા માટે થઈને ગજેબો, ટોયલેટ બ્લોક, વોક-વે વગેરે પ્રકારની સુવિધાનો લાભ મળશે. ઓગણજ ગામ અને રોડની આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોને આ તળાવ કમ ગાર્ડનનો લાભ મળશે.

શહેરના એસ.જી. હાઈ-વે નજીક ઝડપથી વિકસી રહેલા જગતપુર વિસ્તારમાં ગામ નજીક આવેલા તળાવને ડેવલોપમેન્ટ કરીને ખૂબ સુંદર બનાવવામાં આવી રહ્યું છે. 6.72 કરોડના ખર્ચે આ તળાવ ડેવલોપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. ડેવલોપમેન્ટનાં કામમાં તળાવ ઉંડુ કરવાની સાથે ઈલેક્ટ્રિક અને લેન્ડ સ્કેપીંગની કામગીરી કરવામાં આવી છે. સેવી સ્વરાજ, ગોદરેજ ગાર્ડન સિટી સહિત આસપાસમાં નવા બાંધકામોમાં રહેવા આવનારા હજારો નાગરિકોને તેનો લાભ મળશે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ જ તળાવ પાસે 75 જેટલા આંબા વાવ્યા હતા, જે ખૂબ મોટા થઈ ગયા છે.

ગોતા વોર્ડમાં સિલ્વર ઓક કોલેજ પાછળ દેવસિટી તળાવ તરીકે ઓળખાતા તળાવને આશરે 5.50 કરોડનાં ખર્ચે ડેવલોપ કરવામાં આવશે. આ વિસ્તારમાં નવા ટી.પી. રોડ ખુલ્યા હોવાથી આગામી સમયમાં રહેણાંક અને કોમર્શિયલ પ્રકારનાં ડેવલોપમેન્ટ થવાનાં છે અને હજારો પરિવારો વસવાટ કરવા આવશે તેમને તળાવ અને બગીચા સહિતની સુવિધાનો લાભ મળવાનો છે. પોતાના દેવ સીટી અને ગોતા ગામ ખાતે રહેનારા નાગરિકો આ તળાવનો લાભ મળશે.

## અમદાવાદના પાલડીમાં AMCની મોટી કાર્યવાહી, મુસ્તુફા માણેકચંદનો ગેરકાયદે બંગલો જમીનદોસ્ત

**અમદાવાદ, તા.16**

અમદાવાદના પોશ ગણાતા પાલડી વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ગેરકાયદે બાંધકામ સામે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલડીના કોચરબ આશ્રમ પાછળ આવેલી નૂતન સર્વોદય સોસાયટીમાં મુસ્તુફા માણેકચંદના બંગલામાં થયેલા ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની કામગીરી આજે (16મી જાન્યુઆરી) ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શરૂ કરવામાં આવી છે.



AMCની ટીમ અને પોલીસ કાફલો આજે સવારથી જ નૂતન સર્વોદય સોસાયટી પહોંચી ગયા હતા. કોઈ પણ પ્રકારનો વિરોધ કે અનિચ્છનીય ઘટના ન બને તે માટે આખા વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. તંત્ર દ્વારા બંગલાના જે ભાગમાં ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હતું, તેને જમીનદોસ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહી પાછળ લાંબા સમયથી ચાલી રહેલો વિવાદ અને રાજકીય રજૂઆત કારણભૂત હોવાનું મનાય છે. એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે કોચરબ આશ્રમની આસપાસ થતા ગેરકાયદે બાંધકામો અને અશાંતધારાના ભંગ અંગે ઉચ્ચ સ્તરે પત્ર લખીને ગંભીર રજૂઆત કરી હતી. ધારાસભ્યના પત્ર બાદ સર્જાયેલા વિવાદને પગલે AMC તંત્ર સફાળું જાગ્યું હતું અને કાયદાકીય જોગવાઈઓના ભંગ બદલ નોટિસ બાદ આજે તોડપાડની કાર્યવાહી હાથ ધરી છે.

પાલડી જેવા રહેણાંક વિસ્તારમાં નામાંકિત વ્યક્તિના બંગલા પર તંત્રનો હથોડો વાગતા આસપાસના રહીશોમાં પણ ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. અશાંતધારા અને ગેરકાયદે બાંધકામ મામલે તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહીને કારણે અન્ય ગેરકાયદે બાંધકામ કરનારા તત્ત્વોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

## નવી ડીપી ટલ્લે ચઢતાં આડેધડ બાંધકામોનો ઢગલો: આણંદ રોયલ સિટી માર્ગના કાંસ ઉપર ગેરકાયદે દબાણોનો રાફડો

**આણંદ, તા.16**

આણંદ પાલિકા સમયથી જ છેલ્લા દશકથી નવી ડીપી અને તેના આધારે નવી ટીપી યોજના ટલ્લે ચઢતા પૂર્વ વિસ્તારમાં ગેરકાયદે દબાણ અને બાંધકામ વકરવા પામ્યા છે. રોયલ સીટી માર્ગ પર ગેરકાયદે દબાણ થી દુકાનો ઉભી થાય અને માર્ગ પરના હોલ દ્વારા પસાર થતાં કાંસ પર દબાણ કરી માર્ગ બનાવવામાં આવ્યાં છે.



જેના કારણે વરસાદી પાણી અવરોધાતા સોસાયટીમાં પાણી ભરાઇ જતાં હોય છે. જે તે સમયે રાજકીય સાંઠગાંટના પગલે થયેલા દબાણો મનપા દ્વારા દૂર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત વિગત અનુસાર વર્ષ 2000 બાદ પ્રતિ દશ વર્ષ બાદ નવી ડીપી ના આયોજન પાલિકા દ્વારા કરવામાં આવતા હોય છે.પરંતુ આણંદ પાલિકા દ્વારા છેલ્લા દશકા થી નવી ડીપી અને તેના આધારે નવી ટીપી યોજના ને ખોરંભે ચઢાવી હતી.

પરંતુ વર્ષ 2019મા પૂર્વ પાલિકા પ્રમુખ કાન્તિભાઇ ચાવડાએ અવકુડામાં દરખાસ્ત રજુ કરી હતી. જેને અવકુડા દ્વારા રાજ્ય સરકારમાં મોકલી આપી હતી.

પરંતુ યેનકેન પ્રકારે ટલ્લે ચઢતાં આણંદ મનપા બન્યા છતાં મંજૂરી મળી નથી.જેના કારણે પૂર્વ વિસ્તારમાં બેરોકટોક ગેરકાયદે દબાણ બાંધકામ ઉભા કરવામાં આવતા હોય તેમ રોયલ સીટી માર્ગ પર ગેરકાયદે દબાણ કરી દુકાનો ઉભી કરવા ઉપરાંત સદર માર્ગ પર આવેલ હોલ દ્વારા કાંસ પર દબાણ કરી માર્ગ બનાવી દીધા છે. જેના કારણે લોકોને હાલાકી વેઠવાનો વખત આવે છે.

આણંદ જકાત નાકા થી સલાટિયા તરફ જતાં કાંસમાં કેટલાંક બિલ્ડરો દ્વારા સોસાયટીઓમાં જવા માટે નાના ભૂગડા મૂકીને અવરજવરનો રસ્તો બનાવી દીધો છે.

જેના કારણે ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ થતો ન હોવાથી હિના સોસાયટી સહિત આસપાસની સોસાયટીઓમાં પાણી ભરાઇ જતાં ભારે હાલાકી વેઠવાનો વખત આવે છે. આણંદ મનપામાં રજૂઆત કરવા છતાં કોઈ જ પગલાં લેવાતા નથી.જેને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## ગણતંત્ર દિવસ 2026: અમદાવાદની NIDએ રાષ્ટ્રપતિ ભવનના મહેમાનો માટે તૈયાર કર્યા ખાસ કાર્ડ, 350 કલાકારોની અજોડ હસ્તકલા

**અમદાવાદ, તા.16**

નવી દિલ્હીમાં યોજાનારા ગણતંત્ર દિવસ (26મી જાન્યુઆરી) ના પર્વ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવન દ્વારા મોકલવામાં આવતા નિમંત્રણ પત્રો આ વખતે ખાસ આકર્ષણનું કેન્દ્ર બનશે. અમદાવાદ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID) દ્વારા સતત ત્રીજી વખત રાષ્ટ્રપતિ ભવન માટે આ વિશેષ ઈન્વિટેશન કાર્ડ (નિમંત્રણ પત્ર) તૈયાર કરવાની ગૌરવપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી છે. આ વર્ષના નિમંત્રણ પત્રોની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોની વિવિધતા અને ત્યાંની પરંપરાગત હસ્તકલાને પ્રદર્શિત કરવામાં આવી છે.



NID અમદાવાદએ આ ઈન્વિટેશન કાર્ડ તૈયાર કરવા માટે લગભગ 350 લોકોએ સાથે મળીને કામ કર્યું છે. જેમાં 200થી વધુ કારીગરોએ પોતાના મૂળ ગામોમાં બેસીને આ કળા પર કામ કર્યું છે, જ્યારે NID અમદાવાદના 100 જેટલા ફેકલ્ટી સભ્યો, સ્ટાફ, પૂર્વ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ આ કિટ તૈયાર કરવામાં ફાળો આપ્યો છે. આ આખી ડિઝાઈન તૈયાર કરતા પહેલા NIDની ટીમે ઉત્તર-પૂર્વના રાજ્યોનો પ્રવાસ કરીને ત્યાંની ક્રાફ્ટ સાયકલ સમજી હતી, જેમાં 45 દિવસ સંશોધનમાં અને 45 દિવસ નિર્માણમાં એમ કુલ 90 દિવસનો સમય લાગ્યો હતો.

નિમંત્રણ કાર્ડમાં 'અષ્ટલક્ષ્મી' ગણાતા ઉત્તર-પૂર્વના આઠ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા વિશિષ્ટ નમૂનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કાર્ડની અંદર સિક્કિમનું વાઈલ્ડ નેટલ ફેબ્રિક છે જેના પર માઉન્ટ કાંચનજંઘાનું એમ્બ્રોઈડરી કામ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મેઘાલયનું ગ્રીન બેમ્બુ વણાટ અને અરુણાચલ પ્રદેશનું પ્રખ્યાત 'મોનપા' હેન્ડમેડ પેપર પણ સામેલ છે, જે ઝાડની છાલમાંથી કોઈપણ કેમિકલ વગર બનાવવામાં આવે છે. આસામની ઓળખ ગણાતું વાજિંત્ર 'ગોગોના' પણ આ કિટનો એક ભાગ છે.

કિટમાં અન્ય રાજ્યોની કળાને પણ સ્થાન અપાયું છે, જેમાં ત્રિપુરાની કેન એમ્બ્રોઈડરી દ્વારા બનાવેલી જ્વેલરી, નાગાલેન્ડનું પરંપરાગત ફેબ્રિક અને મિઝોરમના મિલેટ સીડ્સ (બાજરીના દાણા)થી કરવામાં આવેલી એમ્બ્રોઈડરીનો સમાવેશ થાય છે. મણિપુરના લોંગપી હિલ્સની ખાસ બ્લેક પોટરી, જે પથ્થરોને પીસીને બનાવવામાં આવે છે, તેનો નમૂનો પણ આ નિમંત્રણ પત્રની શોભા વધારશે. આ તમામ વસ્તુઓ બનાવવા માટે વપરાયેલી કાચી સામગ્રી સીધી જ ઉત્તર-પૂર્વના રાજ્યોમાંથી મંગાવવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ ભવનમાં કુલ 950 જેટલા નિમંત્રણ પત્રોની ડિલિવરી કરી દેવામાં આવી છે. આ પ્રયાસ પાછળનો મુખ્ય હેતુ સ્થાનિક કારીગરોની હસ્તકલાને પ્રોત્સાહન આપવાનો અને તેમને વૈશ્વિક સ્તરે વિઝિબિલિટી અપાવવાનો છે. અગાઉના વર્ષોમાં પણ આ પ્રકારના ઈન્વિટેશન કાર્ડને કારણે કારીગરોની કળા પ્રત્યે લોકોમાં જાગૃતિ અને રસ વધ્યો છે.

## અમદાવાદમાં ઉત્તરાયણ દરમિયાન લોહીયાળ જંગ! ફતેવાડી અને મકરબામાં નજીવી બાબતે હિંસક હુમલા

**અમદાવાદ, તા.16**

અમદાવાદમાં ઉત્તરાયણના પવિત્ર પર્વમાં અનેક સ્થળોએ માહોલ તંગ બન્યો હતો. શહેરના પશ્ચિમ વિસ્તારમાં મારામારીની 6 જેટલી ઘટનાઓ સામે આવી છે, જેમાં ફતેવાડીમાં ગાળો બોલવાની ના પાડતા યુવક પર છરીથી હુમલો થયો હતો, જ્યારે મકરબામાં સમાધાન કરાવવા ગયેલા ભાઈઓ પર લાકડીઓ વડે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, શહેના ફતેવાડીની અલશુકુન-1 સોસાયટીમાં સલમાનખાન અસલમખાન તેના મિત્ર સાથે ધાબા પર પતંગ ચગાવતો હતો. આ દરમિયાન પાડોશમાં રહેતા ફૈઝાન નામના શખસે બિભત્સ ગાળાગાળી શરૂ કરી હતી. ધાબા પર મહિલાઓની હાજરી હોવાથી સલમાનખાને ગાળો બોલવાની મનાઈ કરી હતી. આ વાતની અદાવત રાખી ફૈઝાન, તેના ભાઈ ફરહાન અને પિતા યાસીન ઉર્ફે બાટલાએ એકસંપ થઈ સલમાન પર લાકડી અને છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્તની ફરિયાદના આધારે વેજલપુર પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.



બીજી તરફ મકરબાના કૃષ્ણધામ ઔડાના મકાનોમાં પણ પતંગોત્સવ દરમિયાન હિંસા થઈ હતી. મહેશ ઠાકોર અને તેમનો પરિવાર પતંગ ચગાવી રહ્યા હતા ત્યારે પાડોશી લાલુ ઠાકોર સાથે 4 અજાણ્યા શખસો ઝઘડો કરી રહ્યા હતા. મહેશભાઈ આ ઝઘડો શાંત પાડવા વચ્ચે પડ્યા હતા. સમાધાન કરાવવા ગયેલા મહેશ અને તેમના ભાઈ વિજય પર ચારેય શખસોએ લાકડીઓ વડે હુમલો કર્યો હતો. હુમલો કર્યા બાદ ચારેય શખસો કાર લઈને ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત મહેશને હોસ્પિટલ ખસેડાયા છે અને આનંદનગર પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે હુમલાખોરોને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરના પશ્ચિમ વિસ્તારોમાં થયેલી આ 6 મારામારીની ઘટનાઓને પગલે પોલીસ સજ્જ બની છે. પોલીસના જણાવ્યાનુસાર, તહેવારના નામે શાંતિ ભંગ કરનારા અને છાકટા બનેલા તત્ત્વો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## હાથમાં દારૂની બોટલ અને ધાબાની પાળીએ 'છમ્મકછલ્લો': નડિયાદમાં નબીરાએ આખુ ધાબુ માથે લીધુ, વીડિયો વાયરલ થતાં પોલીસે શોધખોળ આદરી

**નડિયાદ, તા.16**

ઉત્તરાયણના પવિત્ર તહેવાર પર નડિયાદમાં એક યુવાન જાહેરમાં દારૂની બોટલ સાથે નાચતો જોવા મળ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં આ યુવાન ધાબા પર બેફામ બનીને નશાની હાલતમાં ઝૂમતો નજરે પડે છે. જોકે, આ વીડિયો વાયરલ થતાં પોલીસે એક્શનમાં આવીને શોધખોળ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ આ વાયરલ વીડિયો નડિયાદ-કપડવંજ રોડ પર આવેલા જલારામ નગર વિસ્તારનો છે. વીડિયોમાં દારૂની બોટલ પકડીને નાચતો યુવક મંજીપુરા વિસ્તારના આદિત્યનગર ફાટક પાસે રહેતો હર્ષ સોલંકી હોવાનું સામે આવ્યું છે. આ વીડિયો બાદ સ્થાનિક લોકોમાં રહેણાંક વિસ્તારોમાં આવી ખુલ્લેઆમ દારૂની પાર્ટીઓ કેવી રીતે યોજાઈ શકે તે અંગે ચર્ચા જાગી છે. વીડિયો વાયરલ થતાં નડિયાદ રૂરલ પોલીસ એક્શનમાં આવી છે. રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એચ. વાઘેલાએ જણાવ્યું હતું કે, વાયરલ વીડિયો અમારા ધ્યાને આવ્યો છે.

## આણંદ જિલ્લામાં ચાઇનીઝ દોરી ઘસાવાથી બાળકનું મોત, 8ને ગંભીર ઇજા



**આણંદ, તા.16**

આણંદ જિલ્લામાં ઉત્તરાયણ પર્વ પર ચાઈનીઝ દોરી જીવલેણ આણંદ જિલ્લામાં બાઈક પર પિતા સાથે બહાર થઈ રહેલા 8 વર્ષના બાળક ગળામાં ચાઈનીસ દોરી 5 સેમી ઉંડો ઘસરો વાગતાં મુખ્ય નશ કપાઈ જતાં સારવાર મળે તે પહેલા તેનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય નવ વ્યકિતોઓના ગળા,નાક અને કાન કપાઈ જતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાય હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉત્તરાયણના દિવસે ખંભાત તાલુકાના બદલપુર તાબે સેવરાપુરામાં રહેતા કિશન પરમાર પોતાના 8 વર્ષના બાળક ધવલને બાઈક પર બેસાડીને રાલજ ગામે કામઅર્થે જવા નીકળ્યા હતા.

ત્યારે રસ્તામાં એક કપાયેલા પતંગની ચાઈનીસ દોરી પડતાં ધવલના ગળાના ભાગે 5 સેમી ઘસરો વાગી જતા લોહીલુહાણ થઈ જતાં પિતાએ તાત્કાલિક ખંભાત હોસ્પિટલમાં લઈ ગયા હતા.

ફરજ ડોકટરે ગળાની મુખ્ય નસ કપાઈ ગઈ હોવાથી કરમસદ લઈ જવા તેમ કહેતા તેને કરમસદ હોસ્પિટલમાં લાવતાં હતા. ત્યારે સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. જેના પગલે ગામમાં ભારે શોક છવાઈ ગયો હતો.

## અમદાવાદમાં વાસી ઉત્તરાયણે ગુલબાઈ ટેકરામાં દારૂ-ડાન્સ પાર્ટી કરતી 4 યુવતી સહિત 16 ઝડપાયા

**અમદાવાદ, તા.16**

અમદાવાદમાં વાસી ઉત્તરાયણની ઢળતી સાંજે યુનિવર્સિટીના ગુલબાઈ ટેકરા, પંચવટી વિસ્તારના એક ફ્લેટના ટેર્રેસમાં દરોડો પાડી પોલીસે 16 યુવક-યુવતીઓને દારૂનો નશો કરેલી હાલતમાં પકડ્યાની વિગતો છે. ઈન્ફ્લુએન્સર તરીકે કાર્યરત વ્યક્તિએ ગેટ-ટુ-ગેધરના નામે ડી.જે. મ્યુઝિક અને ડાન્સ સાથે પાર્ટી યોજી હતી તેની ધમાલથી કોઈએ પોલીસ કન્ટ્રોલ રૂમને ફોન કર્યો હતો.



યુનિવર્સિટી પોલીસે દરોડો પાડ્યો ત્યારે હાજર 30 લોકોમાંથી 12 યુવક અને ચાર યુવતી નશો કરેલી હાલતમાં હોવાનું જણાતાં મેડિકલ ટેસ્ટની કાર્યવાહી કરાઈ છે. હવે, ઉત્તરાયણના તહેવાર દરમિયાન પોશ વિસ્તારમાં દારૂ અને ડાન્સ પાર્ટી પકડાતાં ફરિયાદ નોંધવા તજવીજ ચાલે છે.

ગુલબાઈ ટેકરા, પંચવટી વિસ્તારમાં શ્રી સોસાયટી નજીક સેન્ટેરિયન વિસ્ટા નામના પાંચ માળના વૈભવી એપાર્ટમેન્ટ છે. ઢળતી સાંજે શહેર પોલીસ કન્ટ્રોલ રૂમને આ એપાર્ટમેન્ટના ટેરેસ ઉપર દારૂ, હુક્કા સાથે ડી.જે. એન્ડ ડાન્સ પાર્ટી ચાલતી હોવાની ફરિયાદ કરતો ફોન કોઈ નાગરિકે કર્યો હતો. યુનિવર્સિટી પોલીસની ટીમે દરોડો પાડીને ટેરેસ ઉપર ચાલી રહેલી ડાન્સ પાર્ટીમાંથી અંદાજે ત્રીસેક યુવક-યુવતીઓને તપાસ્યાં હતાં.

પ્રાથમિક તપાસ દરમિયાન 12 યુવક, ચાર યુવતી મળી કુલ 16 લોકો નશો કરેલી હોવાની હાલતમાં હોવાનું જણાતાં તમામને મેડિકલ ટેસ્ટ માટે અસારવા સિવિલ હોસ્પિટલ લઈ જવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચાર કલાકની તપાસ બાદ પોલીસે જણાવ્યું હતું કે, પાર્ટીનું આયોજન કુશલ શાહ નામના વ્યક્તિએ કર્યું હતું. સ્થળ ઉપરથી દારૂની નાની-મોટી અને ખાલી-ભરેલી 20 જેટલી બોટલો મળી છે વાસી ઉત્તરાયણની ઢળતી સાંજે પોશ વિસ્તારમાં આવેલા કુલ 10ફ્લેટ છે તેવા એપાર્ટમેન્ટના ટેરેસ ઉપર પકડાયેલી પાર્ટીમાં દારૂની મોંઘી બોટલો, હુક્કા, નાસ્તો અને ખાવાના પાંચ કાઉન્ટર હતાં.

## કોર્પોરેશનની ખોખલી કાર્યવાહી, માત્ર 50 હજાર લઈ નિકોલમાં દાસ ખમણનું સીલ ખોલી આપ્યું

**અમદાવાદ, તા.16**

અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ફુડ વિભાગ તરફથી કરાયેલી ખોખલી કાર્યવાહીનો ઘટસ્ફોટ થયો છે. નિકોલમાં આવેલા દાસ ખમણના એકમને ૧૩ જાન્યુઆરીએ ગંદકી ઉપરાંત રજિસ્ટ્રેશન કે લાયસન્સ નહી હોવાના કારણસર ફુડ વિભાગે સીલ કર્યુ હતુ. આ સીલ કરેલા એકમને માત્ર ૫૦ હજાર પેનલ્ટી લઈ ફુડ વિભાગના અધિકારીઓએ ગણતરીના કલાકોમા જ ખોલી આપ્યુ હતુ. રાજકીય દબાણને ફુડ વિભાગના અધિકારીઓ તાબે થઈ ગયા હતા. નિકોલમાં મંગળવારે ફુડ વિભાગના અધિકારીઓ દાસ ખમણના એકમની તપાસ માટે ગયા હતા. એ સમયે એકમમા પુષ્કળ ગંદકી હોવા ઉપરાંત રજિસ્ટ્રેશન કે લાયસન્સ પણ નહીં હોવાનુ ફુડ વિભાગના અધિકારીએ કારણ આપીને એકમ સીલ કરી દીધુ હતુ.આશ્ચર્યજનક રીતે બીજા જ દિવસે એટલે કે ઉત્તરાયણના દિવસે



નિકોલના દાસ ખમણનુ સીલ ખુલી ગયુ હતુ. કોર્પોરેશન તરફથી ગંદકી કરવા બદલ પાનનો ગલ્લો સીલ કરવામા આવે તો તેવા કિસ્સામા પણ એફિડેવીટ કોર્પોરેશનમા આપ્યા પછી પણ પંદર દિવસ સુધી સીલ ખોલવામા આવતુ નથી. ત્યારે દાસ ખમણના એકમનુ સીલ ગણતરીના કલાકોમાં ખોલી અપાયુ હતુ. ફુડ વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસર ડોકટર તેજસ શાહને પુછતા તેમણે કહયુ, એકમ પાસે રજિસ્ટ્રેશન હતુ. અને પચાસ હજારની હેવી પેનલ્ટી કર્યા પછી સીલ ખોલી આપવામા આવ્યુ છે. ટૂંકમાં કોર્પોરેશનના ફુડ વિભાગના અધિકારીઓએ માત્ર ૫૦ હજારમાં લોકોના જાહેર આરોગ્યનો સોદો કર્યો એમ કહી શકાય.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# વેનેઝુએલાના નેતાએ પોતાનો નોબેલ શાંતિ પુરસ્કાર ટ્રમ્પને ભેટ કર્યો

**વોશિંગ્ટન, તા.16**

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગુરુવારે વ્હાઈટ હાઉસમાં વેનેઝુએલાનાં વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડો સાથે મુલાકાત કરી. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોનું અપહરણ કર્યા પછી આ તેમની કોઈપણ વેનેઝુએલાના નેતા સાથેની પ્રથમ રૂબરૂ મુલાકાત હતી.

મુલાકાત પછી મચાડોએ કહ્યું હતું કે તેમણે ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કારનો મેડલ ભેટ કર્યો છે. તેમણે કહ્યું, 'મને લાગે છે કે આજે આપણે વેનેઝુએલાવાસીઓ માટે એક ઐતિહાસિક દિવસ છે.'

બેઠક પછી પત્રકારો સાથેની વાતચીતમાં મચાડોએ ટ્રમ્પને પોતાનો પુરસ્કાર સોંપવા વિશે જણાવ્યું, પરંતુ તેમણે બીજી કોઈ માહિતી આપી નહીં. જ્યારે વ્હાઈટ હાઉસે પણ એ જણાવ્યું નહીં કે ટ્રમ્પે મેડલ સ્વીકાર કર્યો કે નહીં.

વ્હાઈટ હાઉસ છોડ્યા પછી મચાડોએ બહાર એકઠા થયેલા



સમર્થકોને સ્પેનિશમાં કહ્યું, 'આપણે રાષ્ટ્રપતિ ટ્રમ્પ પર ભરોસો કરી શકીએ છીએ.' જોકે ટ્રમ્પે અત્યારસુધી મચાડોને વેનેઝુએલાના નવા નેતા તરીકે સમર્થન આપ્યું નથી. એના બદલે તેઓ વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે કામ કરી રહ્યા છે.

ટ્રમ્પ હંમેશાં નોબેલ શાંતિ પુરસ્કાર મેળવવાની ઈચ્છા વ્યક્ત કરતા રહ્યા છે. જ્યારે તેઓ માચાડોને મળ્યા ત્યારે તેમણે નારાજગી વ્યક્ત કરી. બીજી તરફ, નોબેલ સમિતિએ પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે નોબેલ પુરસ્કારની જાહેરાત થયા પછી એને રદ કરી શકાતો નથી.

ન તો એને શેર કરી શકાય છે અને ન તો કોઈ અન્યને હસ્તાંતરિત કરી શકાય છે. આ નિર્ણય અંતિમ છે અને હંમેશાં માટે માન્ય રહેશે.

ગુરુવારે વ્હાઈટ હાઉસમાં યોજાયેલી બેઠક પહેલાં નોબેલ સંસ્થાએ X પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે એક મેડલના માલિક બદલાઈ શકે છે, પરંતુ નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતાનું બિરુદ બદલી શકાતું નથી.

ઓક્ટોબર 2025માં મચાડોને નોબેલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમને 'વેનેઝુએલાના લોકોના લોકતાંત્રિક અધિકારો માટેના તેમના સતત પ્રયાસો અને તાનાશાહીમાંથી લોકશાહી તરફ શાંતિપૂર્ણ તથા ન્યાયપૂર્ણ પરિવર્તનની લડાઈ' માટે આ સન્માન મળ્યું હતું.

મચાડોએ ટ્રમ્પને નોબેલ પુરસ્કાર આપતી વખતે 1825માં અમેરિકી સ્વતંત્રતા સંગ્રામના હીરો માર્ક્વિસ ડે લાફાયેટનું ઉદાહરણ આપ્યું.

તેમણે કહ્યું, '200 વર્ષ પહેલાં માર્ક્વિસ ડે લાફાયેટે જ્યોર્જ વોશિંગ્ટનની તસવીરવાળો મેડલ સાયમન બોલિવરને આપ્યો હતો, જે અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે સ્વતંત્રતાની લડાઈમાં ભાઈચારાનું પ્રતીક હતો. હવે, બોલિવરના લોકોએ વોશિંગ્ટનના ઉત્તરાધિકારી (ટ્રમ્પ)ને નોબેલ મેડલ પાછો આપ્યો છે.

લાફાયેટે દક્ષિણ અમેરિકાના આઝાદીના નેતા સાયમન બોલિવરને એક ખાસ સોનાનો મેડલ મોકલ્યો. આ મેડલ પર અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપતિ જ્યોર્જ વોશિંગ્ટનની તસવીર બનેલી હતી.

આ ભેટ બંને દેશો વચ્ચે ભાઈચારા અને તાનાશાહી વિરુદ્ધની સહિયારી લડાઈનું પ્રતીક હતી. બોલિવરે આ મેડલને ખૂબ સન્માન આપ્યું અને એને હંમેશાં પહેરતા રહ્યા. વેનેઝુએલાના લોકો પોતાને બોલિવરના વંશજ માને છે.

# ઈરાનમાં યુદ્ધની આશંકા વચ્ચે રશિયાની એન્ટ્રી!

## પુતિને બે દેશના નેતાઓ સાથે કરી ટેલિફોનિક વાતચીત

**તેહરાન, તા.16**

મધ્યપૂર્વમાં સતત વધી રહેલા તણાવ વચ્ચે રશિયાએ કૂટનીતિક પહેલ આદરી છે. રશિયાના રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતિને પહેલા ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાતચીત કરી અને ત્યારબાદ ઈરાનના રાષ્ટ્રપતિનો પણ સંપર્ક સાધ્યો હતો. ક્રેમલિનના જણાવ્યા અનુસાર, પુતિન આ વિસ્તારમાં તણાવ ઘટાડવા અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે રાજકીય અને કૂટનીતિક પ્રયાસોના પક્ષમાં છે.

રશિયાનું કહેવું છે કે, પુતિન મધ્યપૂર્વ અને ઈરાન સાથે જોડાયેલી પરિસ્થિતિમાં શાંતિ જાળવવા માટે સક્રિય રહેશે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું કે, પુતિન ક્ષેત્રીય પરિસ્થિતિને શાંત કરવાની દિશામાં પ્રયાસો યથાવત રાખશે. આ અગાઉ પુતિને નેતન્યાહૂ સાથેની વાતચીતમાં રશિયાની



મધ્યસ્થતાની દરખાસ્ત પણ મૂકી હતી અને કહ્યું હતું કે, સુરક્ષા તથા સ્થિરતા માટે રાજકીય ઉકેલ શોધવો જ એકમાત્ર યોગ્ય વિકલ્પ છે.

નેતન્યાહૂ સાથેની ફોન પરની વાતચીતમાં પુતિને મધ્યપૂર્વ અને ઈરાનની સ્થિતિ પર વિગતવાર ચર્ચા કરી. ક્રેમલિન અનુસાર, પુતિને સ્પષ્ટ કર્યું કે રશિયા ક્ષેત્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કૂટનીતિક પ્રયાસો તેજ કરવા માંગે છે. તેમણે એમ પણ જણાવ્યું કે, કોઈ પણ પ્રકારના સૈન્ય ટકરાવથી બચવું એ તમામ પક્ષોના હિતમાં રહેશે.

મધ્યસ્થી: રશિયાએ વિવાદ ઉકેલવા મધ્યસ્થની ભૂમિકા ભજવવાની તૈયારી દર્શાવી. રાજકીય ઉકેલ: સૈન્ય કાર્યવાહીના બદલે રાજકીય અને કૂટનીતિક સમાધાન પર ભાર મૂક્યો. સ્થિરતા: ક્ષેત્રીય સુરક્ષા અને સ્થિરતાને સર્વોચ્ચ પ્રાથમિકતા ગણાવી. સંવાદ: બંને પક્ષો (ઈઝરાયેલ અને ઈરાન) સાથે સીધો સંવાદ સ્થાપિત કરવાનો પ્રયાસ.

પુતિનનો ઈરાનના રાષ્ટ્રપતિ સાથેનો સંવાદ એ સંકેત આપે છે કે રશિયા બંને પક્ષો સાથે સમાન રીતે જોડાયેલું છે. તેનો ઉદ્દેશ્ય સંવાદ દ્વારા કડવાટ ઘટાડવાનો અને સીધા ટકરાવની આશંકાને નિર્મૂળ કરવાનો છે. રશિયાનું માનવું છે કે ક્ષેત્રીય સ્થિરતા માટે તમામ પક્ષો વચ્ચે મંત્રણા થાય તે અત્યંત અનિવાર્ય છે.

# ઈરાનથી ભારતીયોને એરલિફ્ટ કરશે સરકાર: પહેલું વિમાન તેહરાનથી દિલ્હી આવશે, વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન પૂર્ણ, પાસપોર્ટ જમા કરાયા

**નવી દિલ્હી, તા.16**

ઈરાનમાં ચાલી રહેલા સરકાર વિરોધી હિંસક પ્રદર્શનો વચ્ચે કેન્દ્ર સરકારે ત્યાંથી ભારતીયોને એરલિફ્ટ કરવાની તૈયારી કરી લીધી છે. પ્રથમ વિમાન આજે તેહરાનથી નવી દિલ્હી માટે રવાના થશે.

જમ્મુ અને કાશ્મીર સ્ટુડન્ટ્સ એસોસિએશન (JKSA)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તમામ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થઈ ગયું છે. ભારતીય દૂતાવાસે તેમની અંગત વિગતો અને પાસપોર્ટ એકત્રિત કરી લીધા છે. પ્રથમ બેચને સવારે 8 વાગ્યા સુધીમાં તૈયાર રહેવાની જાણકારી આપી દેવામાં આવી છે.

પ્રથમ બેચમાં ગોલેસ્તાન યુનિવર્સિટી, શાહિદ બહેશ્તી યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સિસ અને તેહરાન યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સિસના કેટલાક વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ઈરાનમાં લગભગ 10000 ભારતીયો રહે છે. તેમાંથી 2500-3000 વિદ્યાર્થીઓ છે, જેઓ મેડિકલનો અભ્યાસ કરવા ત્યાં ગયા હતા.

એડવાઈઝરીમાં જણાવાયું છે કે ઈરાનમાં હાજર તમામ ભારતીય નાગરિકો તેમના પાસપોર્ટ, વિઝા અને અન્ય જરૂરી દસ્તાવેજો હંમેશા પોતાની પાસે તૈયાર રાખે. આ સંબંધમાં કોઈપણ મદદ માટે તેઓ ભારતીય દૂતાવાસનો સંપર્ક કરે.

દૂતાવાસે ઈમરજન્સી સંપર્ક હેલ્પલાઈન પણ જારી કરી છે. મોબાઈલ નંબર: +989128109115; +989128109109; +989128109102; +989932179359. ઈમેઈલ: cons.tehran@mea.gov.in

ઈરાનમાં હાજર એ તમામ ભારતીય નાગરિકો જેમણે હજુ સુધી ભારતીય




દૂતાવાસમાં રજીસ્ટ્રેશન કરાવ્યું નથી, તેમને વિનંતી છે કે તેઓ આ લિંક (https://www.meaers.com/request/home) દ્વારા રજીસ્ટર કરે.

આ લિંક દૂતાવાસની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. જો ઈરાનમાં ઈન્ટરનેટ અવરોધિત થવાને કારણે કોઈ ભારતીય નાગરિક નોંધણી કરવામાં અસમર્થ હોય, તો ભારતમાં તેમના પરિવારના સભ્યોને વિનંતી છે કે તેઓ તેમની વતી નોંધણી કરી શકે છે.

બુધવારે વિદેશ મંત્રી એસ જયશંકરને ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીનો ફોન આવ્યો. તેમણે ઈરાનની પરિસ્થિતિઓ પર ચર્ચા કરી. વિદેશ મંત્રાલય (MEA)એ ભારતીય નાગરિકોને ઈરાન ન જવાની સલાહ આપી છે. વિદેશ મંત્રાલય અનુસાર, ઈરાનમાં લગભગ 10,000 ભારતીય નાગરિકો હાજર છે.

ભારત સરકારની આ એડવાઈઝરી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તે ધમકી પછી આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જો ઈરાન દેશભરમાં થઈ રહેલા પ્રદર્શનોનો હિંસાથી જવાબ આપવાનું ચાલુ રાખશે, તો અમેરિકા સૈન્ય કાર્યવાહી કરી શકે છે.

# અમેરિકી રાજદૂતની ઈરાનને ચેતવણી: ટ્રમ્પ ખાલી વાતો નથી કરતા, એક્શન લે છે, ઈરાનનો જવાબ- હુમલો કર્યો તો છોડીશું નહીં

**વોશિંગ્ટન, તા.16**

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ની કટોકટીની બેઠકમાં અમેરિકાએ ગુરુવારે ઈરાનને કડક સંદેશ આપ્યો છે. અમેરિકી રાજદૂત માઈક વોલ્ટ્ઝે કહ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કરી દીધું છે કે ઈરાનમાં વિરોધ પ્રદર્શનો પર થઈ રહેલી ક્રૂર દમનકારી કાર્યવાહીને રોકવા માટે તમામ વિકલ્પો ખુલ્લા છે.

તેમણે ઈરાનના લોકોની બહાદુરીની પ્રશંસા કરી અને કહ્યું કે ઈરાનના લોકોએ ઈતિહાસમાં ક્યારેય પણ આ રીતે આઝાદીની માંગણી કરી નથી. વોલ્ટ્ઝે કહ્યું, 'ટ્રમ્પ કાર્યવાહી કરનાર વ્યક્તિ છે, લાંબી-લાંબી વાતો કરનાર નહીં.'

તેમણે ચેતવણી આપી કે ઈરાનના નેતૃત્વને ખબર હોવી જોઈએ કે અમેરિકા આ નરસંહારને રોકવા માટે કોઈ પણ પગલું ભરી શકે છે. 15 સભ્યોની સુરક્ષા પરિષદની આ બેઠકમાં ઈરાનના ઉપ-રાજદૂતે જવાબ આપ્યો કે તેમનો દેશ સંઘર્ષ નથી ઈચ્છતો, પરંતુ જો અમેરિકા તરફથી કોઈ આક્રમક પગલું ભરવામાં આવ્યું તો ઈરાન જવાબ આપશે.

UN માં અમેરિકાના પ્રતિનિધિ માઈક વોલ્ટ્ઝે બેઠકમાં ઈરાન સરકારની કાર્યવાહીની ટીકા કરી. તેમણે કહ્યું કે ઈરાનમાં ઈન્ટરનેટ બ્લેકઆઉટને કારણે એ જાણવું મુશ્કેલ બન્યું છે કે સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓ પર કેટલી કડકાઈ કરી છે.

વોલ્ટ્ઝે કહ્યું, ઈરાન સરકારનો આ દાવો કે તાજેતરમાં થયેલા પ્રદર્શનો પાછળ વિદેશી તાકાતો છે, તે દર્શાવે છે કે ઈરાની સરકાર પોતાના જ લોકોથી ડરી રહી છે. સાથે જ બધો દોષ બીજા પર



ઢોળી રહી છે.

ટ્રમ્પે ઘણી વખત ઈરાનને ચેતવણી આપી હતી કે જો પ્રદર્શનકારીઓની હત્યા ચાલુ રહેશે તો ગંભીર પરિણામો ભોગવવા પડશે. ગુરુવારે ટ્રમ્પે જણાવ્યું કે હત્યાઓ હવે ઓછી થઈ રહી છે. વ્હાઈટ હાઉસે પણ પુષ્ટિ કરી કે ટ્રમ્પના દબાણ બાદ ઈરાને 800 લોકોની ફાંસીની યોજના રોકી દીધી છે.

સંયુક્ત રાષ્ટ્રના સહાયક મહાસચિવ માર્થા પોબીએ પરિષદને જણાવ્યું કે આ પ્રદર્શનો ઝડપથી ફેલાયા. તેમાં ઘણું જાન-માલનું નુકસાન થયું છે. માનવાધિકાર સંગઠનો અનુસાર, અત્યાર સુધીમાં 3,428 પ્રદર્શનકારીઓને મારી નાખવામાં આવ્યા છે, જ્યારે 18,000 થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જોકે, સંયુક્ત રાષ્ટ્ર આ આંકડાઓની પુષ્ટિ કરી શક્યું નથી.

તેમણે ઈરાન સરકારને અપીલ કરી છે કે પ્રદર્શન સંબંધિત કેસોમાં કોઈપણ ફાંસીને રોકવામાં આવે. તમામ મૃત્યુની પારદર્શક તપાસ થાય અને કેદીઓ સાથે માનવીય વ્યવહાર કરવામાં આવે.

સુરક્ષા પરિષદની બેઠકમાં ઈરાને અમેરિકી આરોપોને સદંતર નકારી કાઢ્યા. સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના ઉપ રાજદૂત ગુલામ હુસૈને કહ્યું કે અમેરિકા ખોટી માહિતી ફેલાવી રહ્યું છે અને જાણી જોઈને અશાંતિને હિંસા તરફ વાળી રહ્યું છે.

ગુલામ હુસૈને સુરક્ષા પરિષદને કહ્યું કે, ઈરાન ન તો તણાવ વધારવા માંગે છે અને ન તો સંઘર્ષ ઈચ્છે છે. તેમણે ચેતવણી આપી કે 'કોઈપણ પ્રકારની કાર્યવાહીનો નિર્ણાયક અને કાયદેસર જવાબ આપવામાં આવશે.' તેમણે કહ્યું કે આ ધમકી નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ આપવામાં આવેલું નિવેદન છે.

ઈરાની રાજદૂતે આરોપ લગાવ્યો કે અમેરિકા માનવાધિકારોની આડમાં શાસન બદલવા અને હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે. તેમણે અમેરિકામાં થયેલા માનવાધિકાર ઉલ્લંઘનોનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં મિનેસોટા રાજ્યમાં એક ઈમિગ્રેશન અધિકારીએ રેની ગુડની હત્યાને ગોળી મારી દીધી હતી.

# અમેરિકામાં પાલક પનીરને લઈને વિવાદ: યુનિવર્સિટીએ 2 વિદ્યાર્થીઓને આપવા પડ્યા પોણા 2 કરોડ રૂપિયા!

**વોશિંગ્ટન, તા.16**

અમેરિકાની એક યુનિવર્સિટીમાં 'પાલક પનીર' ગરમ કરવા જેવી સામાન્ય બાબતે બે ભારતીય વિદ્યાર્થીઓને આશરે 1.8 કરોડ રૂપિયા(2 લાખ ડોલર)નું વળતર મળ્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના સપ્ટેમ્બર 2023ની છે, જ્યારે યુનિવર્સિટી ઓફ કોલોરાડો બોલ્ડરમાં પીએચડી કરી રહેલા આદિત્ય પ્રકાશ નામનો વિદ્યાર્થી પોતાનું લંચ(પાલક પનીર) માઈક્રોવેવમાં ગરમ કરી રહ્યો હતો. તે સમયે એક સ્ટાફ મેમ્બરે ખાવાની 'તીવ્ર ગંધ' અંગે ફરિયાદ કરી તેમને અટકાવ્યા હતા. આ મામલો સામાન્ય બોલાચાલીથી શરૂ થઈને કોર્ટ સુધી પહોંચ્યો હતો, કારણ કે આદિત્ય અને તેમની પાર્ટનર ઉર્મિ ભટ્ટાચાર્યએ તેને ભેદભાવ (Systemic Racism) ગણાવ્યો હતો.

આદિત્યનો આરોપ છે કે જ્યારે તેમણે આ ભેદભાવ સામે અવાજ ઉઠાવ્યો, ત્યારે યુનિવર્સિટીએ તેમની સામે બદલાલક્ષી કાર્યવાહી શરૂ કરી દીધી હતી. તેમને સિનિયર ફેકલ્ટી દ્વારા વારંવાર બોલાવીને માનસિક ત્રાસ આપવામાં આવ્યો અને સ્ટાફને 'અસુરક્ષિત' અનુભવવાના ખોટા આરોપો લગાવવામાં આવ્યા. એટલું જ નહીં, તેમની પાર્ટનર ઉર્મિ પાસેથી પણ તેમની ટીચિંગ આસિસ્ટન્ટની નોકરી છીનવી લેવામાં આવી હતી. કેસમાં જણાવાયું હતું કે યુનિવર્સિટીના રસોડાના નિયમો ખાસ કરીને દક્ષિણ એશિયાઈ સમુદાયને નિશાન બનાવે છે, જેના કારણે ભારતીય વિદ્યાર્થીઓ સાર્વજનિક જગ્યાએ પોતાનું દેશી ખાણું ખાતા પણ ડરવા લાગ્યા હતા. લાંબી કાનૂની લડાઈ બાદ



અંતે યુનિવર્સિટીએ સમાધાન કરવું પડ્યું હતું. કોર્ટના આદેશ મુજબ યુનિવર્સિટીએ બંને ભારતીય વિદ્યાર્થીઓને 1.8 કરોડ રૂપિયાનું વળતર આપ્યું અને સાથે જ તેમને માસ્ટર્સની ડિગ્રી પણ એનાયત કરી. જોકે, શરત મુજબ આ બંને વિદ્યાર્થીઓ ભવિષ્યમાં આ યુનિવર્સિટીમાં ભણી કે નોકરી કરી શકશે નહીં. આ આખા વિવાદ અને માનસિક તણાવ બાદ હવે આદિત્ય અને ઉર્મિ કાયમ માટે ભારત પરત ફરી આવ્યા છે. યુનિવર્સિટીના પ્રવક્તાએ આ મામલે સ્પષ્ટતા કરી છે કે તેઓ ભેદભાવ સામે કડક વલણ ધરાવે છે અને સમાવેશી વાતાવરણ જાળવવા કટિબદ્ધ છે.

# 'કર્ણને કુંતીને મળવાનો અધિકાર': નેધરલેન્ડના મેયર 41 વર્ષ પછી માતાને શોધવા ભારત આવ્યા, જન્મના ત્રીજા દિવસે માતાએ શેલ્ટર હોમમાં છોડ્યો હતો

**એમ્સ્ટરડેમ, તા.16**

નાગપુરમાં વર્ષ 1985માં એક અપરિણીત માતાએ પોતાના 3 દિવસના બાળકને એક શેલ્ટર હોમમાં છોડી દીધું હતું. એક મહિના પછી નેધરલેન્ડથી ભારત ફરવા આવેલા એક દંપતીએ તેને દત્તક લીધું અને પોતાની સાથે લઈ ગયા.

આ ઘટનાને 41 વર્ષ વીતી ચૂક્યા છે. તે બાળક હવે નેધરલેન્ડની રાજધાની એમ્સ્ટરડેમ નજીક એક શહેર હીમસ્ટેડનો મેયર બની ગયો છે. હીમસ્ટેડના મેયર ફાલ્ગુન બિન્નેન્ડિજ્ક હવે પોતાની માતાને શોધવા માંગે છે. તેઓ છેલ્લીવાર ડિસેમ્બર 2025માં ભારત આવ્યા હતા. આ જાણકારી હવે સામે આવી છે. ફાલ્ગુનનું કહેવું છે-

ફાલ્ગુનનો જન્મ 10 ફેબ્રુઆરી, 1985ના રોજ થયો હતો. તેમની માતા તેમને નાગપુરના 'માતૃ સેવા સંઘ' નામના એક શેલ્ટર હોમમાં છોડી ગયા હતા, જ્યાં તેઓ લગભગ એક મહિના સુધી રહ્યા. શેલ્ટર હોમની નર્સે તેમને ફાલ્ગુન નામ આપ્યું. હિંદુ કેલેન્ડર મુજબ, બાળકનો જન્મ ફાલ્ગુન મહિનામાં જ થયો હતો.

ફાલ્ગુન 2025માં ત્રણ વખત ભારત આવ્યા. તેમને એક અધિકારીની મદદથી શેલ્ટર હોમની તે નર્સનું સરનામું મળ્યું, જે ફાલ્ગુનના જન્મ સમયે ત્યાં કામ કરતી હતી. તેઓ હવે નિવૃત્ત થઈ ચૂક્યા છે.

ફાલ્ગુન ઓગસ્ટ 2025માં નાગપુર આવ્યા હતા. નાગપુર કલેક્ટર વિપિન ઈટાંકરની મદદથી તેઓ તે નર્સના ઘરે પણ ગયા, જ્યાં તેમને જાણવા મળ્યું કે તેમનું નામ નર્સે જ રાખ્યું હતું. નર્સને મળીને ફાલ્ગુને કહ્યું, 'હું તેમને મળીને ખૂબ ખુશ થયો. તે મહિલાને મળવું એક ક્યારેય ન ભૂલી શકાય તેવો અનુભવ હતો, જેણે મને મારી ઓળખ આપી.'

નાગપુર નગરપાલિકા કમિશનર અભિજીત ચૌધરીએ ફાલ્ગુનના જન્મ સંબંધિત દસ્તાવેજો શોધવામાં મદદ કરી. દસ્તાવેજોમાં આ માહિતી સામે આવી કે ફાલ્ગુનની માતા એક 21 વર્ષની અપરિણીત મહિલા હતી, જે સમાજના ડરથી તેમનું પાલન-પોષણ કરી શકતી ન હતી.

તેથી તેમને શેલ્ટર હોમમાં



છોડી ગઈ. દસ્તાવેજોમાં ફાલ્ગુન અને તેમની માતાનું નામ નોંધાયેલું છે. જોકે, ફાલ્ગુને તેમની માતાનું નામ સાર્વજનિક કર્યું નથી.

માતૃ સેવા સંઘ અનાથ બાળકો અને પીડિત મહિલાઓ માટે બનાવવામાં આવેલું એક શેલ્ટર હોમ છે. શેલ્ટર હોમના અધિકારીઓ અનુસાર, અહીં અવારનવાર અપરિણીત માતાઓ પોતાના નવજાત બાળકોને છોડી જાય છે.

ફાલ્ગુન નેધરલેન્ડમાં ડચ દંપતીના ઘરે ઉછર્યા. તેમણે નાની ઉંમરે જ જાણી લીધું હતું કે તેમના મૂળ ભારતમાં છે. બાળપણમાં તેમને ભારત વિશે વધુ જાણકારી નહોતી, પરંતુ જેમ જેમ તેઓ મોટા થયા, તેમના મનમાં પોતાની માતાને મળવાની ઈચ્છા જાગવા લાગી.

ફાલ્ગુન 2006 માં પહેલીવાર ભારત આવ્યા. તેમણે દક્ષિણ ભારતની યાત્રા કરી અને ત્યાં જાતજાતના પકવાન પણ ખાધા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેમને પહેલીવાર ભારત આવીને જ ભારતીય સંસ્કૃતિ સાથે જોડાણ અનુભવવા લાગ્યું. ફાલ્ગુનને લાગ્યું કે તેઓ ભારતની જગ્યાઓ અને લોકોને ઘણા સમયથી ઓળખે છે.

ફાલ્ગુનને જ્યારે પૂછવામાં આવ્યું કે તેમને પોતાની માતાને મળીને કેવું લાગશે, તો તેમણે કહ્યું કે મને બરાબર એવું જ લાગશે, જેવું એક માતાને 40 વર્ષ પછી પોતાના બાળકને મળીને લાગે છે.

ફાલ્ગુન કહે છે, 'મને લાગે છે કે તેમને હજુ પણ આ વાતનો અફસોસ છે કે તેમણે જે કર્યું તે બરાબર નહોતું.' ફાલ્ગુને ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેઓ ફરી નાગપુર આવીને પોતાની માતાની શોધ શરૂ કરશે. તેમણે પોતાની માતાને શોધવા માટે ઘણા NGO, નગરપાલિકા અને પોલીસની મદદ માંગી છે.

ફાલ્ગુન હીમસ્ટેડ શહેરના મેયર છે. હીમસ્ટેડ નેધરલેન્ડની રાજધાની એમ્સ્ટરડેમથી 30 કિલોમીટરના અંતરે છે. ફાલ્ગુને નેધરલેન્ડમાં એક ડચ મહિલા સાથે લગ્ન કર્યા. બંનેને ચાર બાળકો છે. ફાલ્ગુન કહે છે કે તેમની પત્ની તેમને હંમેશા તેમના મૂળ શોધવા માટે પ્રેરિત કરે છે. તેમણે પોતાની દીકરીનું નામ પોતાની માતાના નામ પર રાખ્યું છે.

37 વર્ષ પહેલાં ખંડવાના ગણેશ તળાવમાં રહેતો શેરુ, મોહસિન ખાનનો પુત્ર, 5 વર્ષની ઉંમરે પરિવારથી વિખૂટો પડી ગયો હતો. 1988માં તે ખંડવા રેલવે સ્ટેશનથી ટ્રેનમાં મોટા ભાઈ ગુડ્ડુ સાથે બુરહાનપુર જઈ રહ્યો હતો.

તે બંને ભીખ માંગવા અથવા નાના કામ કરવા જતા હતા. બુરહાનપુર સ્ટેશન પર ગુડ્ડુએ શેરુને કહ્યું કે તે થોડીવાર રાહ જુએ. શેરુ થાકીને એક ખાલી ટ્રેનમાં સૂઈ ગયો. જ્યારે તે જાગ્યો, ત્યારે ટ્રેન ચાલી રહી હતી. તે ટ્રેનમાંથી ઉતરી શક્યો નહીં અને આ ટ્રેન તેને સીધી કોલકાતાના હાવડા સ્ટેશન લઈ ગઈ.

અહીં લાવારિસ હાલતમાં તેને ભટકતો જોઈને એક NGOએ તેને ચાઈલ્ડ કેરમાં રાખ્યો. જ્યાંથી તેને ઓસ્ટ્રેલિયાના એક દંપતીએ દત્તક લીધો હતો. અહીં શેરુ એક સફળ બિઝનેસમેન બન્યો.

હોશ સંભાળ્યા પછી તે હંમેશા પોતાના અસલી પરિવારને મળવા માંગતો હતો. તેણે ટેકનોલોજીની મદદ લીધી અને ગૂગલ મેપ સહિત ઘણા મીડિયા ગ્રુપ્સ દ્વારા પરિવારને શોધવાનો પ્રયાસ ચાલુ રાખ્યો.

ઘણા વર્ષોની જહેમત પછી આખરે તેણે પોતાના પરિવારને શોધી કાઢ્યો. તેનો ઉલ્લેખ તેણે પોતાની પુસ્તક 'અ લોંગ વે હોમ'માં પણ કર્યો હતો. 2012માં, શેરુ ભારત આવ્યા અને ખંડવા પહોંચ્યા. તેમણે પોતાની જૂની તસવીરો બતાવી અને સ્થાનિક લોકોની મદદથી પોતાની માતા કમલાને મળ્યા.

શેરુ હવે હોબાર્ટમાં રહે છે, પરંતુ ભારતમાં તેની માતા માટે ઘર ખરીદી આપ્યું જેથી તેઓ કામ ન કરે. તેઓ ઘણી વાર ભારત આવ્યા છે અને પરિવારના સંપર્કમાં રહે છે. 2019માં તેમણે પોતાના પિતાની શોધ શરૂ કરી.

શેરુની સ્ટોરી 2013માં ઓસ્ટ્રેલિયામાં પ્રકાશિત થઈ. તેમાં તેમના બાળપણ, વિયોગ, દત્તક લેવા અને શોધની સંપૂર્ણ વિગતો છે. તે 2014માં આંતરરાષ્ટ્રીય સ્તરે રિલીઝ થઈ. આ પુસ્તક પર 2016માં ફિલ્મ 'લાયન' બની, જેનું નિર્દેશન ગાર્થ ડેવિસે કર્યું. ફિલ્મને 6 ઓસ્કર નોમિનેશન મળ્યા.

## તંત્રી લેખ

# બે ભાગમાં વહેંચાઈ બાંગ્લાદેશ આર્મી, શું સિવિલ વોર થશે

બાંગ્લાદેશના ઢાકામાં વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેઓ ઢાકાથી અપક્ષ તરીકે ચૂંટણી લડવાના હતા અને એ દિવસે પ્રચાર કરી રહ્યા હતા. 6 દિવસની સારવાર બાદ 18 ડિસેમ્બરે તેમણે દમ તોડ્યો હતો. હાદીના મૃત્યુ બાદ બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી હતી. હિંદુઓ નિશાના પર આવ્યા. 18 ડિસેમ્બરથી અત્યારસુધીમાં 7 હિંદુની હત્યા કરવામાં આવી છે.આ હિંસા માટે વિદ્યાર્થી નેતાઓ સેના અને પોલીસને જવાબદાર ગણાવી રહ્યા છે. તેમનો દાવો છે કે અહીં થઈ રહેલી હત્યાઓ અને હિંસા પાછળ સેનાનું એક જૂથ છે, જે સત્તામાં આવવા માગે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બાંગ્લાદેશી આર્મી કહેવા ખાતર તો નિષ્પક્ષ છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી વચગાળાની યુનુસ સરકાર સાથે તેના સંબંધો સારા રહ્યા નથી.બાંગ્લાદેશમાં 12 ફેબ્રુઆરીએ ચૂંટણી થવાની છે. આ પહેલી એવી તક છે, જ્યારે બાંગ્લાદેશમાં અવામી લીગ ચૂંટણી નહીં લડે અને વચગાળાની સરકાર હેઠળ ચૂંટણી યોજાશે. તેથી આ દરમિયાન સુરક્ષા સૌથી મોટો મુદ્દો છે. ચૂંટણી માટે આર્મીએ અલગથી ઈન્ટેલિજન્સ યુનિટ બનાવ્યો છે. એના દ્વારા મળેલી માહિતીના આધારે ચૂંટણીમાં સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે.છેલ્લા આશરે દોઢ વર્ષની વચગાળાની સરકાર દરમિયાન એવા બે પ્રસંગો આવ્યા, જ્યારે બાંગ્લાદેશમાં સરકાર અને આર્મી વચ્ચેનો કલહ ખુલ્લેઆમ સામે આવી ગયો.

1. ચૂંટણીની તારીખ અંગે સેનાની કડકાઈ

નવેમ્બરના અંતમાં સેનાપ્રમુખ વકાર-ઉઝ-ઝમાને બાંગ્લાદેશની વચગાળાની સરકારને ડિસેમ્બરમાં ચૂંટણી કરાવવા માટે કહ્યું હતું. તેમણે ચેતવણી આપી હતી કે ચૂંટણી અંગે કોઈપણ નિર્ણય લેતાં પહેલાં સેનાને પણ જાણ કરવી પડશે. એ સમયે વચગાળાની સરકારનું વલણ ચૂંટણી ટાળવાનું દેખાઈ રહ્યું હતું, જોકે સેનાએ ફેબ્રુઆરીથી વધુ વિલંબ ન કરવાની ચેતવણી આપી હતી. આ ઘટના બાદ સરકાર અને સેના વચ્ચેનો આંતરવિરોધ ખુલ્લેઆમ સામે આવ્યો હતો.

2. બાંગ્લાદેશની સરહદ પર કોરિડોર બનાવવાનો નિર્ણય

સેનાપ્રમુખે વચગાળાની સરકારને એવી પણ ચેતવણી આપી હતી કે બાંગ્લાદેશની સરહદ પર કોઈપણ નિર્ણય લેતાં પહેલાં આર્મી સાથે ચર્ચા કરવી જરૂરી છે. હકીકતમાં યુનુસ સરકારમાં વિદેશી બાબતોના સલાહકાર તૌહીદ હુસૈને કહ્યું હતું કે UN હેઠળ પ્રસ્તાવિત રાખાઈન ગલિયારામાંથી પસાર થનારા એક કોરિડોર પર સહમતી બની છે, જેના હેઠળ રોહિંગ્યા શરણાર્થીઓને મદદ આપવામાં આવશે. આના પર આર્મીનું કહેવું હતું કે એનાથી સરહદી વિસ્તારોમાં ઘૂસણખોરી વધી શકે છે. આ સિવાય જો નિર્ણય લેવો જ હોય તો આર્મી સાથે વાત કર્યા વગર લઈ શકાય નહીં. આ બાબતે પણ સરકાર અને સેના વચ્ચે કડવાશ જોવા મળી હતી. બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિ અંગે અમે NCP (વિદ્યાર્થીઓની પાર્ટી)માં ઈન્ટરનેશનલ સેલના પ્રમુખ અલાઉદ્દીન મોહમ્મદ સાથે વાત કરી. તેઓ ખુલ્લેઆમ દાવો કરે છે કે આર્મી યુનુસ સરકારને હટાવવાનો પ્રયાસ કરી રહી છે.

# માનસમાં ભવાની, સુનયના,અને શબરી એમ ત્રણ મુખ્ય સ્ત્રી પાત્રોને સાવધાન કરવામાં આવે છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

માનસ સાવધાની નવમા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે, માનસ સાવધાન અંતર્ગત આપણે ઘણી વાતો કરી. પરંતુ માનસમાં ત્રણ સ્ત્રી પાત્ર પસંદ કરીને, સાવધાનની મુખ્ય ભૂમિકા બની છે. પહેલા ભવાની કે જેને શિવ બુદ્ધિથી સાવધાન થઈને સાંભળવા કહે છે. બીજા સુનયનાજી જેને રાજા જનક સાવધાન કરી ભરત ચરિત્ર સંભળાવે છે. ત્રીજા શબરી જેને ભગવાન ખુદ નવધા ભક્તિની વાત કરે છે, ત્યારે સાવધાન થઈ મનમાં ધારણ કરવા જણાવે છે. ભૂશંડીજી ગરુડને સાવધાન કરે છે,

આમ માનસમાં શિવજીના મુખે સાવધાન શબ્દનો પ્રયોગ કરી, તુલસીદાસજી આપણને સૌને સાવધાન કરી રહ્યાં છે. પ્રયાગમાં ભરદ્વાજ સાથેની વાતચીતમાં ભરતજીએ કહ્યું કે મારી માએ મને કલંક લગાડ્યું, રામને વનવાસ આપ્યો અને મમતાને કારણે મને રાજગાદી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ ભરદ્વાજ કહે છે કે, આપનો યશચંદ્ર આપની કીર્તિચંદ્ર અદભુત છે, અને મને આમાં ક્યાંય કલંક દેખાતું નથી. તમે જેને કલંક કહો છો, એ અમારા જેવા માટે તો ભક્તિ રસાયણ બની ગયું. સાધુની અપ કીર્તિ પણ સાવધાની પૂર્વક સાંભળવામાં આવે, તો આપણા માટે ભક્તિ રસાયણ બની જાય છે, આવું ભરદ્વાજ ઋષિએ કહ્યું એ બહુ અદભુત સૂત્ર છે.

મારા શ્રોતા ભાઈ બહેનો કથા આપણને શું શીખવે છે! કલંકથી બચવું કંઈ રીતે! રામકથામાં કોને કલંક નથી લાગ્યુ? ભગવાન રામને પણ કલંક લાગ્યું દુનિયાએ પણ આંગળી ચીંધી કે રામે વૃક્ષની પાછળ છુપાઈને વાલીને માર્યો! એક ધોબીએ મા જાનકીને કલંકનું ધાબુ લગાવી દીધું. કૈકેયીને તો કલંક લાગ્યું જ છે! બ્રહ્માને પણ એક કલંક લાગ્યું કે, પોતાની જ રચના પાછળ ઘેલા થયાં, પરંતુ માનસ ભરત એક એવો ચંદ્ર છે, જેમાં કોઈ કલંક નથી. શ્રવણ એક વિજ્ઞાન છે, એક સાયન્સ છે, સાંભળી તો શકાય છે, પણ શ્રવણ નથી થઈ શકતું! એટલા માટે સાવધાની પૂર્વક કથા સાંભળવાની વાત કહી છે. ચંદ્રમાં કલંક શા માટે છે? ચંદ્રના કલંકની બહુ જુદી જુદી વાતો કરવામાં આવે છે, પરંતુ ચંદ્રમાં કલંક, એટલે કે કાળા ધાબા જે લાગી ગયા છે, એનું એકમાત્ર મૂળ કારણ છે, કે એણે એના ગુરુની ધર્મપત્ની પર ખરાબ દ્રષ્ટિ કરી, ચંદ્રના ગુરુ મહારાજ ગૃહસ્પતિ એમની પાછળ એ દોડ્યો હતો. ચંદ્રને થોડી પ્રતિષ્ઠા મળી, પરંતુ એ પ્રકાશ પોતાનો નથી ઉધાર છે! છતાં એણે કુદ્રષ્ટિ કરવાની ભૂલ કરી. ભરતનો યશચંદ્ર ઊંચાઈ મળ્યા છતાં પણ કલંકથી મુક્ત છે.

નવ બિધું બિમલ તાત જસુ તોરા,

રઘુવર કિંકર કુમુદ ચકોરા.

ભરદ્વાજ ભરતને પૂર્ણ કલંક મુક્ત યશચંદ્ર અને કીર્તિચંદ્ર ધરાવતા હોવાનું પ્રમાણપત્ર આપે છે. ક્યારેક પુત્રને પણ આ રીતે તાત સંબોધન કરી શકાય. આમ પણ શ્રોતા વક્તાથી મોટા હોય છે એવું તુલસી લખે છે. શ્રોતા વક્તા જ્ઞાન નિધિ, એમાં એમણે શ્રોતાને પહેલા સ્થાન આપ્યું છે. ભારદ્વાજ ઋષિએ ભરતને બાપ કહ્યા છે, ભગવાન રામના કિંકર, ભગવાન રામના દાસરૂપી કુમુદને ચકોરની જેમ આપનો યશચંદ્ર હંમેશા સુખ આપનારો છે.




કથા વિરામ પહેલા કાર્તિકેયના ષડમુખની વાત કહેતાં જજો, એવું એક નિવેદન કરવામાં આવ્યું છે. કાર્તિકેયને પુરુષાર્થની ઉપમા આપવામાં આવી છે, અને મહાન પુરુષાર્થ હંમેશા ષડમુખી હોય છે.(૧) પુરુષાર્થ હંમેશા નિમિત બનીને કરવો. પરંતુ નિમિત બનીને ન કરવું, એટલે કે મારાથી આ નહીં થાય એવી નિરાશા કે હતાશા સાથે ન કરવું. (૨) સ્પર્ધાથી પુરુષાર્થ ન કરવો, લોકો કહે છે સ્પર્ધા વગર વિકાસ કેમ થાય? પણ અન્ય સાથે સ્પર્ધા નહીં ખુદ સાથે સ્પર્ધા કરો કે ગયા વખતે આટલો પુરુષાર્થ કર્યો હતો આ વખતે આનાથી બમણો કરીશ. આ વર્ષે આટલું ભજન કર્યું આવતા વખતે હજી વધુ ભજન કરીશ.( ૩) કાર્તિકેરૂપી પુરુષાર્થનું ત્રીજું મુખ કૌશલ્ય છે, એટલે કે કુશળ બની પુરુષાર્થ કરો. ગીતામાં પણ કહ્યું છે યોગઃ કર્મેષુ કૌશલમ. કોઈપણ કાર્યમાં કુશળતા હોય તો પરિણામ વધુ સારું આવે છે માટે કુશળ બની પુરુષાર્થ કરવો. (૪) કાર્તિકે રૂટી પુરષાતનું ચોથું મુખ પરમાર્થ છે! પુરુષાર્થ કરતી વખતે પરમાર્થનો વિચાર પણ કેન્દ્રવર્તી હોવો જોઈએ! કે હું જે કમાઈશ એમાંથી થોડો પરમાર્થ પણ કરીશ, અને એટલે જ હું કથાઓમાં 10% ની વાત કરતો હોઉં છું, કે આપણી કમાણીનો 10 મો ભાગ પરમાર્થ માટે કાઢવો. ખૂબ કમાઓ કમાશો નહીં તો, ભગવત કથાઓનું આયોજન કેમ થશે?: પરંતુ પુરુષાર્થ સાથે પરમાર્થ જરૂરી છે. મોટા મોટા આયોજનો થાય એટલું ન્હોય તો, આટલી મોટી માત્રામાં જરૂરત મંદો આપણી આસપાસ છે જ , કોઈની ફી ભરો, કોઈને પુસ્તક, આપો કોઈને એક બે ટંક જમવાનું આપો, કોઈને દવા અપાવો,જેટલું થાય એટલું. (૫ ) પુરુષાર્થનું પાંચમુ મુખ સંતોષ છે! આપણને આપણા કર્મ રૂપી પુરુષાર્થથી સંતોષ હોવો જોઈએ કે બસ ટકાર આવી ગઈ આટલું ધન પર્યાપ્ત છે, આટલી પ્રવૃત્તિ પર્યાપ્ત છે! મારા પુરુષાર્થથી આખા વર્ષ દરમિયાન જેટલું ફળ સ્વરૂપ મળ્યું એનો મને સંતોષ છે! હકીકતમાં અસંતોષ જ આપણી અશાંતિનું કારણ છે. જેટલું મળ્યું એમાં સંતોષ માનવો એ જ મહત્વનું છે. કાર્તિકેય રુપી પુરુષાર્થનું છઠ્ઠું મુખ આત્મસુખ. આપણે જે ભોગવી રહ્યા છીએ એ સુખ નથી એ સાધન પ્રેરક સુવિધાઓ છે, એ ન હોય તો આપણું સુખ ગાયબ. સુખ સ્વરૂપ તો રઘુવંશી મણી છે! જોકે આપણે સૌ એનાં અંશ હોવાને નાતે સુખ સ્વરૂપ જ છીએ! પણ આપણું સુખ ઢંકાયેલું છે! કથા એને બેનકાબ કરે છે. કોઈ આપતું નોતું કથા પરદા હટાવી દે છે. કોઈ બુદ્ધ પુરુષ જાણે છે, કે આપણામાં શું પડ્યું છે! અને એને પ્રગટ કરી આપણી જોળી સુખથી ભરી દે છે. ગુરુ દીક્ષા નો અર્થ જ એ છે, આત્મ તત્વ પરથી પડદો હટાવી દેવો, કે ખોલી નાખવો, પણ આપણું સુખ આપણને મહેસુસ થવું જોઈએ! ન થાય તો એ આપણી ત્રૂટિ છે, બુદ્ધ પુરુષની નહીં.

માનસમાં આવતા સાવધાન શબ્દનો સંદર્ભની ચર્ચા કરી કથા અને વિરામ તરફ આગળ વધારી,

ભગવાન રામ પોતાની સેના સાથે લંકામાં સુબેલ પર્વતના શિખર પર વિશ્રામ કરે છે રાવણના દરબારમાં અંગત રાજ દુધ તરીકે જાય છે સંધિ વિફળ રહી અને સંઘર્ષ અનિવાર્ય બન્યો યુદ્ધ ઘોષિત થયું ભયંકર યુદ્ધને અંતે રામે રાવણની નાભિ માં બાણ માર્યું. રાવણના અંતિમ સંસ્કાર થયા વિભીષણને લંકાનું રાત તિલક થયું. સીતાનું અગ્નિમાં છુપાયેલું સ્વરૂપ પ્રગટ થયું, અને ભગવાન મિત્ર સાથે પુષ્પક વિમાનમાં ઉડાન ભરે છે. હનુમાનજી અયોધ્યા પહોંચી ભગવાનના આવવાની ખબર આપે છે. ભગવાનનો 14 વરસ પહેલા થનારો રાજ્યાભિષેક થયો, ગુરુ વશિષ્ઠજીએ રામના બાલ પર રાજ તિલક કર્યું અને આમ રામરાજ્યની સ્થાપના થઈ. ચારે ઘાટ પરના વક્તાઓએ કથા અને વિરામ આપ્યો અને તુલસીદાસજીએ પણ કાગભુષંડી અને ગરુડના સાત સંશય વર્ધક પ્રશ્નોના જવાબ આપી કથાને વિરામ આપ્યો. તુલસીદાસજી પણ પોતાના મનને પ્રબોધ આપે છે. કથાના અંતે છેલ્લો મેસેજ રામને સ્મરો, રામને ગાઓ, રામને સાંભળો, આ ત્રણ વિધા જ મારા માટે સત્ય પ્રેમ અને કરુણા છે. સત્યમાં સ્મરણ છે, પ્રેમમાં ગાવાનું, અને કોઈની કરુણા હોય ત્યારે જ આપણે હરિકથા સાંભળી શકીએ છીએ. કરુણાનો પ્રસાદ શ્રવણ છે, આમ કહી કથાને વિરામ આપ્યો. ગુરુ વશિષ્ઠજીએ રામના બાલ પર રાજ તિલક કર્યું અને આમ રામરાજ્યની સ્થાપના થઈ. ચારે ઘાટ પરના વક્તાઓએ કથા અને વિરામ આપ્યો અને તુલસીદાસજીએ પણ કાગભુષંડી અને ગરુડના સાત સંશય વર્ધક પ્રશ્નોના જવાબ આપી કથાને વિરામ આપ્યો. તુલસીદાસજી પણ પોતાના મનને પ્રબોધ આપે છે. કથાના અંતે છેલ્લો મેસેજ રામને સ્મરો, રામને ગાઓ, રામને સાંભળો, આ ત્રણ વિધા જ મારા માટે સત્ય પ્રેમ અને કરુણા છે. સત્યમાં સ્મરણ છે, પ્રેમમાં ગાવાનું, અને કોઈની કરુણા હોય ત્યારે જ આપણે હરિકથા સાંભળી શકીએ છીએ. કરુણાનો પ્રસાદ શ્રવણ છે, આમ કહી કથાને વિરામ આપ્યો.

## કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના હસ્તે નારણપુરા ખાતે સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-2ના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનું ભૂમિપૂજન સંપન્ન



યશપાલસિંહ ટી વાઘેલા - થરા

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે મકરસંક્રાંતિના પર્વે નારણપુરા ખાતે ગુજરાત હાઉસિંગ બોર્ડ હસ્તકના સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-૨ના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના નાગરિકોને આધુનિક સુવિધાઓ સાથે સુરક્ષિત અને સુવ્યવસ્થિત આવાસો ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ સરકારી હાઉસિંગ બોર્ડ હેઠળના આવાસોનું રિડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. શહેરના સુવ્યવસ્થિત વિકાસમાં આવી યોજનાઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ત્યારે આ યોજના હેઠળ કુલ ૧૩૨ મૂળ રહીશ લાભાર્થીઓને હયાત ૩૬.૮૨ ચો.મી.ના સ્થાને ૫૧.૫૪ ચો.મી.નાં નવાં મકાનો મળશે. જ્યારે અન્ય ૧૪૪ રહેણાંક મકાનો તેમજ ૪૧ દુકાનો મુક્ત વેચાણ માટે બનાવવામાં આવશે. આ તમામ મકાનોમાં RCC ફ્રેમ ટેક્નોલોજી પ્રકારનું બાંધકામ, કમ્પાઉન્ડ વોલ, આંતરિક રસ્તાઓ તથા પાર્કિંગ, લિફ્ટ, સુચારુ ગટર વ્યવસ્થા, સિક્યોરીટી કેબિન, ફાયરફાયટિંગ સિસ્ટમ, વૉટર કનેક્શન, અગાસી પર આધુનિક વોટર પ્રૂફિંગ, સોલાર સિસ્ટમ, વરસાદી પાણીના સંગ્રહ અને નિકાલની વ્યવસ્થા, કેમ્પસ ગાર્ડનીંગ લેન્ડ સ્કેપિંગ, આપાતકાલીન પરિસ્થિતિઓ માટે જનરેટર સહિતની સુવિધાઓ મળશે. મકરસંક્રાંતિના પર્વે શહેરના નારણપુરા વિસ્તારમાં સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-૨ની પીપીપી ધોરણે તૈયાર થનાર એમઆઈજી સ્કિમનું ભૂમિપૂજન કરવામાં આવતાં રહીશોમાં આનંદની લાગણી ફેલાઈ છે. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિ અમીન, અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ધારાસભ્ય શ્રી જિતેન્દ્રભાઈ પટેલ તેમજ શ્રી હર્ષદભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ અગ્રસચિવ શ્રી એમ. થેન્નારસન તથા ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને નાગરિક ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિ અમીન, અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ધારાસભ્ય શ્રી જિતેન્દ્રભાઈ પટેલ તેમજ શ્રી હર્ષદભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ અગ્રસચિવ શ્રી એમ. થેન્નારસન તથા ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને નાગરિક ઉપસ્થિત રહ્યા હતા.

# ઘમંડ ક્યારે ના કરવો,કેમ કે ફૂલને પણ ખબર નથી હોતી સવારે "મંદિરે"જવાનું છે કે "અર્થી"પર!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આપણે આજે ચિંતનાત્મક લેખ માં એક અનોખી વાતથીજીવનની રસપ્રદ કિસ્સો જાણવા પ્રયત્ન કરવો છે એક ખિસકોલી રોજ પોતાના કામ પર સમયસર આવતી હતી અને પુરી મહેનત અને ઈમાનદારીથી કામ કરતી હતી.ખિસકોલી જરૂરતથી વધારે કામ કરીને પણ ખુબ ખુશ હતી. કેમ કે તેના માલિક રાજા સિંહે તેને દસબૉરી અખરોટ આપવાનો વાયદો કરી રાખ્યો હતો. ખિસકોલી કામ કરતાં કરતાં થાકી જતી હતી તો મનમાં વિચાર આવી જતો કે લાવ,થોડો આરામ કરી લઉં, તરત જ યાદ આવી જતું કે સિંહ તેને દસ બૉરી અખ રોટ દેવાનો છે. તે પાછી કામ પર લાગી જતી !તે જ્યારે બીજી ખિસકોલીઓને રમતા જોતી તો તેને પણ રમવાનું મન થઈ જતું, પણ અખરોટ યાદ આવી જતાં અને પાછી કામ પર.એવું નહોતું કે સિંહ તેને અખરોટ દેવા નથી માંગતો,સિંહ બહુ ઈમાનદાર હતો આમ જ સમય વિતતો રહ્યો.એક દિવસ એવો આવ્યોકે સિંહ રાજા એ ખિસકોલીને દસબોરીઅખરોટ આપી આઝાદ કરી દીધી પણ. ખિસકોલી અખરોટની પાસે બેસી વિચાર કરવા લાગીકે હવેઅખરોટ મારે શું કામની?આખી જિંદગી કામ કરતાં કરતાં દાંત તો પડી ગયા,આને ખાઈશ કઈ રીતે?

વાચક ચાહક મિત્રો આ વાત આપણા સૌના જીવનની હકીકત બની ગઈ છે!મનુષ્ય પોતાની ઈચ્છાઓનો ત્યાગ કરે છે પુરી જિંદગી નોકરી, વ્યાપાર અને ધન કમાવામાં વિતાવી દે છે! ૫૮-૬૦ વરસની ઉંમરે જ્યારે તે સેવા નિવૃત થાય છે, તો તેને પેન્શન મલે છે,અથવા તો બેંક બેલેંસ હોય તેને ભોગવવાની ક્ષમતા ખોઈ ચૂક્યો હોય છે.

મનને કોઈ સત્તા નથી.મન આત્મા ની સત્તાથી કામ કરે છે. આત્મા તેને હુકમ ન કરે ત્યાં સુધી મન કામ કરી શકતું નથી.મનને શાસ્ત્ર માં નપુંસક કહ્યું છે.એવા મનને યોગીઓ બળાત્કારથી પકડી બ્રહ્મરંધ્રમાં સ્થાપે છે, તે વખતે તેમનું શરીર જડ થાય છે. જડ સમાધિમાં શરીરનું ભાન રહેતું નથી. જડ સમાધિ કરતાં ચેતન સમાધિ શ્રેષ્ઠ છે. ગોપીઓની સમાધિ ચેતન સમાધિ છે.ગોપી આંખ બંધ કરીને,કાન બંધ કરીને બેસતી નથી.ગોપી આંખ ઉઘાડાં રાખી શ્રીકૃષ્ણના ધ્યાનમાં તન્મય બને છે.ગોપી આંખમાં શ્રીકૃષ્ણને, કાનમાં શ્રીકૃષ્ણને રાખે છે.

આ ગોપીઓને ઊઘાડી આંખે સમાધિ લાગે છે. તેમની દૃષ્ટિ જ્યાં જાય, તેમનું મન જ્યાં જાય, ત્યાં તેમને શ્રીકૃષ્ણનાં દર્શન થાય છે. સમાધિ આવી સહજ જોઈએ. તેથી ઉદ્ધવજીએ જ્યારે તેમને કહ્યું કે,તમે નિર્ગુણ નિરાકાર બ્રહ્મનું આરાધન કરો. ત્યારે ગોપી ઓ કહે છે કે, અમને તો ઊઘાડી આંખે સર્વત્ર સાકાર બ્રહ્મશ્રીકૃષ્ણ નાં દર્શન થાય છે,તો આ સાકાર બ્રહ્મને છોડીને તારા નિર્વિકાર ઈશ્વરની ચિંતા શું કામ કરીએ? જેને ઊઘાડી આંખે ન દેખાતું હોય એ ભલા એવા ચાળા કરે! આ ગોપીઓને ઊઘાડી આંખે સમાધિ લાગે છે. તેમની દૃષ્ટિ જ્યાં જાય, તેમનું મન જ્યાં જાય, ત્યાં તેમને શ્રીકૃષ્ણનાં દર્શન થાય છે. સમાધિ આવી સહજ જોઈએ. તેથી ઉદ્ધવજીએ જ્યારે તેમને કહ્યું કે,તમે નિર્ગુણ નિરાકાર બ્રહ્મનું આરાધન કરો. ત્યારે ગોપી ઓ કહે છે કે, અમને તો ઊઘાડી આંખે સર્વત્ર સાકાર બ્રહ્મશ્રીકૃષ્ણ નાં દર્શન થાય છે,તો આ સાકાર બ્રહ્મને છોડીને તારા નિર્વિકાર ઈશ્વરની ચિંતા શું કામ




કરીએ? જેને ઊઘાડી આંખે ન દેખાતું હોય એ ભલા એવા ચાળા કરે!

ગોપીઓ ગૃહસ્થી હોવા છતાં મહાપરમહંસ છે. ઉત્તમમાં ઉત્તમ પરમહંસ વ્રજભક્તો છે,જેસર્વથી અલિપ્ત થઈ શ્રીકૃષ્ણપ્રેમમાં તન્મય છે. શ્રીકૃષ્ણ પણ મહાન ગૃહસ્થ છે, તેમ મહાન સંન્યાર. પણ છે.ઘરમાં રહીને પણ સંન્યાસી જેવું પવિત્ર જીવન રાખવાનું શ્રીકૃષ્ણ બતાવે છે. શ્રીદ્વારિકાધીશ ૧૩ વખત ભોગ આરોગે છે અને ૧૬૦૦૦ સ્ત્રી ઓના સ્વામી હોવા છતાં સદા અચ્યુત છે. કદી જીર્ણ નહીં કે કદી વૃદ્ધ નહીં. વળી દુર્યોધનને અને અર્જુનને સમતાથી જ જુએ છે અને બંનેને મદદ કરે છે. યદુવંશનો વિનાશ થયો. સોનાની દ્વારકાનો પણ વિનાશ થયો, પણ શ્રીકૃષ્ણની શાંતિ અચળ છે.

પરીક્ષિત શુકદેવજીને કહે છે કે, આપની પાસે કથા સાંભળ્યા પછી મને ભૂખતરસ લાગતી નથી. ધન્ય છે એ શ્રોતાને, ધન્ય છે એ વક્તાને! આવા શ્રોતા અને વક્તા દુર્લભ છે.શુક્દેવજી કહે,હે રાજા, શ્રીકૃષ્ણકથા ગંગાનું મહત્ત્વ ભાગી રથી-ગંગાજી કરતાં વધારે છે. ભ ા ગી ર થી - ગ ં ગ ા મ ા ં સ્નાનકરવાથી મેલ ધોવાતો નથી.આ શ્રીકૃષ્ણ કથા મનનો મેલ દૂર કરેછે વળી શ્રી કૃષ્ણકથા-ગંગા જ્યાં ઈચ્છો ત્યાં પ્રગટ થાય છે.ભાગીરથી ગંગા ગમે ત્યાં પ્રગટ થઈ શકશે?

મહાત્માઓ ત્યાં સુધી કહે છે કે, નવમા સ્કંધ સુધીની કથા શુકદેવ જીએ કરી છે પણ ત્યાર પછીની દશમા સ્કંધની કથા તો શ્રીકૃષ્ણે સ્વયં કરી છે.શુકદેવે રાધાકૃષ્ણની પ્રાર્થના કરી કહ્યું કે,આપ હૃદયમાં વિરાજી તમારી કથા તમે જ કરો.

જ્ઞાની પુરુષો મરણને ટાળવાનો પ્રયત્ન કરતા નથી,મરણને સુધાર વાનો પ્રયત્ન કરે છે.મરણનેસુધારે શ્રીકૃષ્ણ કથા,નામ,ભક્તિ,જેનું મરણ સુધરે એને ફરીથી જન્મ લેવો પડતો નથી.મરણ બગાડનાર બે ચીજ છે? વેર અને વાસના. માટે વેર અને વાસના દૂર કરો, નહીં તો મરણ બગડશે. વેરીને યે વંદન કરો,શ્રીકૃષ્ણલીલા ને નિરોધ લીલા કહે છે.મનના નિરોધ વગર શાંતિ નથી માટે શ્રીકૃષ્ણને હૃદયમાં રાખો અથવા શ્રીકૃષ્ણના હૃદયમાં રહો તો તમારા મનનો નિરોધ થશે નિરોધએ મુક્તિ છે.

ધરતી ઉપર દૈત્યોનો ત્રાસ વધ્યો ત્યારે ધરતી બ્રહ્માજીને શરણે ગઈ. બ્રહ્માદિ દેવી બ્રહ્મલોકમાં નારાયણ પાસે આવ્યા. નાથ કૃપા કરો.અવતાર ધારણ કરો. બ્રહ્માજીને ભગવાને આશ્વાસન આપ્યું કે,થોડા સમય પછી વસુદેવ-દેવકીને ઘરે પ્રગટ થઈશ.

આ બાજુ વસુદેવ મથુરામાં લગ્ન કરવા આવ્યા છે. વસુદેવ-દેવકીનું લગ્ન થયું છે. કંસ જાતે વરવધૂનો રથ,'કે છે.તે વખતે આકાશવાણી થઈ કે, હે હંસ સાંભળઃ દેવકીનો આઠમો પુત્ર તને મારશે.આકાશવાણી સાંભળી કંસે તેને હણવા તરત દેવકીનો ચોટલો પકડયો અને તલવાર લઈને તૈયાર થયો. ત્યારે વસુદેવ કંસને સમજાવે છે કે,આ દેવકીથી તારું મરણ નથી ને?કંસ કહે છે, ના.વસુદેવ કહે છે,તો એને શા સારુ મારે છે?એ સ્ત્રી વળી તારી બહેન છે. તારું વેર બાળક સાથે છે, તો એને પેટે જેટલાં બાળકો થશે તે હું તને આપીશ કંસે વિચાર્યું કે,આ યોજના સારી છે. સ્ત્રી હત્યાના પાપમાંથી હું બચી જાઉં છું. જ્ઞાની પુરુષો મરણને ટાળવાનો પ્રયત્ન કરતા નથી,મરણને સુધાર વાનો પ્રયત્ન કરે છે. મરણનેસુધારે શ્રીકૃષ્ણ કથા,નામ,ભક્તિ,જેનું મરણ સુધરે એને ફરીથી જન્મ લેવો પડતો નથી.મરણ બગાડનાર બે ચીજ છે? વેર અને વાસના. માટે વેર અને વાસના દૂર કરો, નહીં તો મરણ બગડશે. વેરીને યે વંદન કરો,શ્રીકૃષ્ણલીલા ને નિરોધ લીલા કહે છે.મનના નિરોધ વગર શાંતિ નથી માટે શ્રીકૃષ્ણને હૃદયમાં રાખો અથવા શ્રીકૃષ્ણના હૃદયમાં રહો તો તમારા મનનો નિરોધ થશે નિરોધએ મુક્તિ છે. ધરતી ઉપર દૈત્યોનો ત્રાસ વધ્યો ત્યારે ધરતી બ્રહ્માજીને શરણે ગઈ. બ્રહ્માદિ દેવી બ્રહ્મલોકમાં નારાયણ પાસે આવ્યા. નાથ કૃપા કરો.અવતાર ધારણ કરો. બ્રહ્માજીને ભગવાને આશ્વાસન આપ્યું કે,થોડા સમય પછી વસુદેવ-દેવકીને ઘરે પ્રગટ થઈશ. આ બાજુ વસુદેવ મથુરામાં લગ્ન કરવા આવ્યા છે. વસુદેવ-દેવકીનું લગ્ન થયું છે. કંસ જાતે વરવધૂનો રથ, 'કે છે.તે વખતે આકાશવાણી થઈ કે, હે હંસ સાંભળઃ દેવકીનો આઠમો પુત્ર તને મારશે. આકાશવાણી સાંભળી કંસે તેને હણવા તરત દેવકીનો ચોટલો પકડયો અને તલવાર લઈને તૈયાર થયો. ત્યારે વસુદેવ કંસને સમજાવે છે કે,આ દેવકીથી તારુ મરણ નથી ને?કંસ કહે છે, ના.વસુદેવ કહે છે,તો એને શા સારુ મારે છે?એ સ્ત્રી વળી તારી બહેન છે. તારું વેર બાળક સાથે છે, તો એને પેટે જેટલાં બાળકો થશે તે હું તને આપીશ કંસે વિચાર્યું કે,આ યોજના સારી છે. સ્ત્રી હત્યાના પાપમાંથી હું બચી જાઉં છું. વસુદેવ-દેવકી ઘરે આવ્યાં. પ્રથમ બાળક થયો. વસુદેવે આવીને તે બાળક કંસ રાજા આગળ ધર્યો. કંસનું હૃદય પીગળ્યું.આ બાળકને મારવાથી મને લાભ નથી.આઠમા થી મારું મરણ છે.આ તો પહેલો છે. આ બાળકને હું નહીં મારું! આ વિચાર કરી કહે,સાત બાળકોને તમારા ઘરે રાખજો. માત્ર આઠમો મને આપજો વસુ દેવ બાળકને લઈ ઘરે આવ્યા. નારદજીએ વિચાર કર્યોકે,આ કંસ મામો સુધરી જશે તો પાપનો ગંજ ક્યાંથી થશે?કંસ વસુદેવ-દેવકીને બહુ ત્રાસ આપે તો ભગવાનનું પ્રાક્ટ્ય જલદીથાય પુણ્યશાળી દુઃખી થાય તો ભગવાન અધીરા બની દોડે આવે,એટલા માટે કંસ નો ત્રાસ વધવો જોઈએ અને તે પુણ્યશાળી પર!મિત્રો, આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# અમદાવાદ મંડળ પર મંડળ રેલ ઉપભોકતા સલાહકાર સમિતિની ચોથી બેઠકનું આયોજન

## જયે 450થી વધુ પેઇન્ટીંગ,30 જેટલા એક્ઝીબીશેન, અને 18 ડ્રોઇંગ હરીફાઇમાં ભાગ લીધેલ, દિવ્યાંગ જયની સંવેદન-કોરાના કાળમાં પેઇન્ટીંગની આવકના 5100 રૂપિયા PM CAREમાં દાન કર્યા

**અમદાવાદ, તા. 16**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં તારીખ 16.01.2026ના રોજ મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC)ની ચોથી બેઠક મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદ ખાતે યોજાઈ હતી.

બેઠકના પ્રારંભમાં મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે તમામ સભ્યોનું સ્વાગત તથા અભિવાદન કરી તેમના-પોતાના ક્ષેત્રો સંબંધિત સૂચનો આમંત્રિત કર્યા. તેમણે સભ્યો દ્વારા પ્રસ્તુત વિષયો પર વિસ્તૃત ચર્ચા કરતાં જરૂરી તથા યોગ્ય કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું.





સમિતિના સચિવ તથા વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અન્નૂ ત્યાગીએ ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કરતાં અમદાવાદ મંડળમાં ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ તથા વિકાસાત્મક યોજનાઓ અંગે માહિતી આપી. તેમણે જણાવ્યું કે મુસાફરોની સુવિધાઓમાં સતત સુધારો કરવો તથા મુસાફરીનો અનુભવ વધુ ઉત્તમ બનાવવો મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ દિશામાં તમામ જરૂરી પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને આવનાર સમયમાં મંડળના વિવિધ સ્ટેશનો પર વધુ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

શ્રી ત્યાગીએ પ્રેઝન્ટેશનના માધ્યમથી મંડળની પ્રમુખ ઉપલબ્ધિઓ તથા વિકાસ કાર્યો અંગે માહિતી આપી. તેમણે જણાવ્યું કે અમદાવાદ, સાબરમતી તથા ભુજ સ્ટેશનોના મેજર રીડેવલપમેન્ટના કાર્યો પ્રગતિ પર છે, જેમાં સાબરમતી અને ભુજ સ્ટેશનોના કાર્યો અદ્યતન તબક્કામાં છે. તે ઉપરાંત અન્ય મુખ્ય સ્ટેશનોનો પુનર્વિકાસ "અમૃત સ્ટેશન યોજના" હેઠળ કરવામાં આવી રહ્યો છે. આ યોજનાઓ પૂર્ણ થતાં મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ થશે.

તેમણે એમ પણ જણાવ્યું કે ગેજ પરિવર્તન તથા અન્ય આધારભૂત સંરચના સંબંધિત કાર્યોમાં ગતિ લાવવામાં આવી છે. તાજેતરમાં આંબલિયાસન-વિજાપુર તથા મોટી-વિજાપુર રેલખંડનું ગેજ પરિવર્તન કાર્ય પૂર્ણ થયું છે અને આ ખંડનું CRS નિરીક્ષણ પણ સંપન્ન થયું છે. ટૂંક સમયમાં આ વિભાગ પર ટ્રેનોનું સંચાલન શરૂ કરી શકાશે.

બેઠક દરમિયાન સમિતિના સભ્યો દ્વારા પોત-પોતાના વિસ્તારો સંબંધિત રેલ સમસ્યાઓ, ટ્રેનોના સ્ટોપેજ, ટ્રેનોના વિસ્તરણ, ટ્રેનોને સ્ટોપેજ આપવાની, નવી ટ્રેન સેવાઓ શરૂ કરવાની તેમજ અંડર બ્રિજ અને રોડ ઓવર બ્રિજના નિર્માણ, તથા નવી યોજનાઓના ઝડપી અમલ તથા સ્ટેશનો પર વધુ સારી મુસાફર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગે મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા. મંડળ રેલ પ્રબંધકે રજૂ કરાયેલા મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરીને જરૂરી તથા યોગ્ય કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું.

આ અવસરે સમિતિના સભ્યો સર્વશ્રી રાકેશ કુમાર જૈન, હિંગોરભાઈ રબારી, જામાભાઈ દેસાઈ, ભગવાનભાઈ એચ. પટેલ, ભગવાનદાસ કે.પટેલ, જિતેન્દ્ર કુમાર લેઉવા, સંજયભાઈ પટેલ, દિલીપભાઈ પંડ્યા, કિશોર ઠાકુર, ક્ષિતિશ શાહ, મુકેશકુમાર ઠાકર, અરવિંદભાઈ નાયક, અનિકુમાર પટેલ, આર. પી. શર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીણા, અપર મંડળ રેલ પ્રબંધક વિકાસ ગઢવાલ તથા મંડળના તમામ વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત

# પ્રાકૃતિક કૃષિ અભિયાન-૨૦૨૬, જૈવિક ખેતી (ઑર્ગેનિક ખેતી) અને પ્રાકૃતિક ખેતી વચ્ચે જમીન-આસમાનનું અંતર

**નડિયાદ, તા. 16**

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી કહે છે કે આજે ગ્લોબલ વોર્મિંગ દુનિયા સામે મોટો પડકાર છે. રાસાયણિક ખાતરના વપરાશથી જમીનના જૈવિક કાર્બનમાં મોટાપાયે ઘટાડો થયો છે. આઝાદી પછીના સમયમાં દેશની જમીનમાં ૨ થી ૨.૫ ટકા જૈવિક કાર્બન હતો. જે ઘટીને ૦.૨ થી ૦.૫ ટકા થઈ ચૂક્યો છે. ૦.૫ ટકાથી ઓછો જૈવિક કાર્બન હોય તે જમીન બીનપજાઉ હોય છે. આવી જમીન પથ્થર જેવી થઈ જવાથી પાણી પણ સંગ્રહ કરી શકતી નથી. જો આવી જ સ્થિતિ રહેશે તો આવનારા સમયમાં પીવાનું પાણીની પણ સમસ્યા સર્જાશે. આ તમામ સમસ્યાઓનું સમાધાન પ્રાકૃતિક ખેતીમાં છે. પ્રાકૃતિક ખેતીથી ધરતીમાં રહેલો ઓર્ગેનિક કાર્બન વધે છે. જમીન પોચી બને છે.

રાસાયણિક ખાતરોના વપરાશથી કેન્સર, હાર્ટ એટેક, ડાયાબિટીસ સહિતની બીમારીઓ વધી રહી છે. તાજેતરમાં એક મહિલા વૈજ્ઞાનિકે ૩૦ બાળકો પર કરેલા સંશોધનમાં બાળકોના બ્લડ સેમ્પલમાં પેસ્ટીસાઈડ્સ મળી આવ્યા હતા. રાસાયણિક ખેતીથી દેશની આર્થિક પરિસ્થિતિ, લોકોનું સ્વાસ્થ્ય અને પર્યાવરણને ગંભીર અસર થાય છે. ખેતીમાં યુરિયાના ઉપયોગથી નાઈટ્રસ ઓક્સાઈડ ગેસ પેદા થાય છે. જે કાર્બન ડાયોક્સાઈડ કરતાં ૩૧૨ ગણો ખતરનાક છે.

રાજ્યપાલશ્રીએ જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો તફાવત સમજાવતા કહ્યું કે, જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી તદ્દન અલગ છે. છેલ્લા ૩૦ વર્ષના અનુભવો ઉપરથી સિદ્ધ થયું છે કે જૈવિક ખેતીથી ખેડૂતોને કોઈ ફાયદો થયો નથી, જ્યારે પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ઉત્પાદન પણ વધે છે અને જમીનની ફળદ્રુપતા પણ વધે છે. પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઓછું મળે છે એ વાત સંદતર ખોટી છે. હળદરમાં તો પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન બમણું થયું છે. પ્રાકૃતિક ખેતી કુદરતી ખેતી છે જેમાં બહારથી કોઈ ઈનપુટ લેવામાં આવતા નથી, જ્યારે જૈવિક ખેતીમાં બહારથી ઈનપુટ લેવામાં આવે છે. દેશની ભાવિ પેઢીને સુરક્ષિત કરવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવા રાજ્યપાલશ્રી સૌને અનુરોધ કરતા રહે છે. સૂક્ષ્મ જીવાણુઓ , મિત્ર કીટકો અને અળસિયાનું મહત્વ સમજાવતાં રાજ્યપાલશ્રી કહેતા હોય છે કે જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચે જમીન આસમાનનું અંતર છે. આહારથી વિચારની શુદ્ધિ થાય છે, આજના ઝેરયુક્ત આહારથી હિંસાનું પ્રમાણ વધ્યું છે. જેથી દેશની ભાવિ પેઢીને સુરક્ષિત કરવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવા અનુરોધ કરુ છુ. હળદરમાં તો પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન બમણું થયું છે. પ્રાકૃતિક ખેતી કુદરતી ખેતી છે જેમાં બહારથી કોઈ ઈનપુટ લેવામાં આવતા નથી, જ્યારે જૈવિક ખેતીમાં બહારથી ઈનપુટ લેવામાં આવે છે. દેશની ભાવિ પેઢીને સુરક્ષિત કરવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવા રાજ્યપાલશ્રી સૌને અનુરોધ કરતા રહે છે. સૂક્ષ્મ જીવાણુઓ , મિત્ર કીટકો અને અળસિયાનું મહત્વ સમજાવતાં રાજ્યપાલશ્રી કહેતા હોય છે કે જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચે જમીન આસમાનનું અંતર છે. આહારથી વિચારની શુદ્ધિ થાય છે, આજના ઝેરયુક્ત આહારથી હિંસાનું પ્રમાણ વધ્યું છે. જેથી દેશની ભાવિ પેઢીને સુરક્ષિત કરવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવા અનુરોધ કરુ છુ.

# સેવા, સમર્પણ અને વિશ્વાસનો પર્યાય : અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વર્ષ 2025માં 11.60 લાખથી વધુ દર્દીઓએ લીધી ઓપીડી સેવા

**અમદાવાદ, તા. 16**

અમદાવાદ સિવિલ હોસ્પિટલ આજે માત્ર એક સરકારી આરોગ્ય સંસ્થા નહીં, પરંતુ લાખો નાગરિકોના વિશ્વાસ અને તેમના આરોગ્યની આશાનું કેન્દ્ર બની છે. રાજ્યની સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સૌથી મોટી અને વિશ્વસનીય સંસ્થા તરીકે કાર્યરત સિવિલ હોસ્પિટલ, અમદાવાદની કાર્યક્ષમતા અને પ્રતિબદ્ધતાના આંકડા તેની સેવાની સાક્ષી પૂરી રહ્યા છે. સિવિલ સુપ્રીટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોષીએ વર્ષ 2025 દરમિયાન સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને મળેલી વિવિધ સારવાર સુવિધાઓના આંકડા આપતા જણાવ્યું હતું કે, વર્ષ 2025માં કુલ 11,63,740 દર્દીઓએ ઓપીડી (OPD) સેવાઓનો લાભ લીધો છે, જ્યારે 1,04,840 દર્દીઓએ ઈન્ડોર (IPD) દર્દી તરીકે દાખલ થઈને સારવાર મેળવી છે. આ સિદ્ધિ અંગે ગૌરવ વ્યક્ત કરતા સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ વધુમાં જણાવ્યું હતું કે, 'સિવિલ હોસ્પિટલ માત્ર આંકડાઓથી નહીં, પણ લાખો દર્દીઓના સ્મિત અને સંતોષથી ઓળખાય છે. અમારો ઉદ્દેશ્ય છે કે છેવાડાના માનવીને પણ અદ્યતન ટેકનોલોજી અને માનવતાભર્યા અભિગમ સાથે શ્રેષ્ઠ સારવાર મળે. વર્ષ 2025ના આ આંકડા અમારા તબીબો અને સ્ટાફની રાત-દિવસની મહેનત અને લોકોના અતૂટ વિશ્વાસનું પરિણામ છે.' નિદાન અને શસ્ત્રક્રિયામાં સિવિલનો સર્વોચ્ચ દેખાવ, - ગત વર્ષે રેકોર્ડબ્રેક 34,10,526 લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા છે, જે નિદાન ક્ષેત્રે હોસ્પિટલની સજ્જતા દર્શાવે છે. - રેડિયોલોજી વિભાગ દ્વારા 3,98,710 એક્સ-રે, 24,292 સીટી સ્કેન અને 11,910 એમઆરઆઈ તપાસ કરવામાં આવી છે. - સારવારની સફળતાની વાત કરીએ તો, વર્ષ દરમિયાન 54,868 સફળ ઓપરેશનો દ્વારા અનેક દર્દીઓને નવી જિંદગી મળી છે.

**સર્જન, બાંધકામ અને રોજિંદા ઉપયોગમાં એડહેસિવ્સના મહત્વ વિશે વધુ જાગૃતિ લાવવા અને તેનો સ્વીકાર વધારવાની બ્રાન્ડની મહત્ત્વાકાંક્ષા પણ દર્શાવે છે.**

# બોન્ડટાઇટ દ્વારા રણબીર કપૂર સાથે મળીને ભારતીય એડહેસિવ બજારને નવી દિશા આપતી ભવ્ય પહેલ

**(એજન્સી) અમદાવાદ, તા. 16**

30 વર્ષથી વધુનો મજબૂત વારસો ધરાવતી અને ભારતની સૌથી વિશ્વસનીય એડહેસિવ બ્રાન્ડ્સમાંની એક, એસ્ટ્રલ લિમિટેડની બોન્ડટાઇટ હવે તેના નવા બ્રાન્ડ કેમ્પેઇન સાથે એક મહત્વપૂર્ણ પગલું ભરવા જઈ રહી છે. આ પહેલ ભારતીય એડહેસિવ બજારમાં બોન્ડટાઇટને એક પ્રીમિયમ ચેલેન્જર બ્રાન્ડ તરીકે વધુ મજબૂત બનાવવા માટે લેવામાં આવી છે. આ વ્યૂહાત્મક પગલાં હેઠળ બોન્ડટાઈટે જાણીતા અભિનેતા રણબીર કપૂરને તેના બ્રાન્ડ ફેસ તરીકે જોડ્યા છે. અનેક પેઢીઓમાં લોકપ્રિયતા ધરાવતા રણબીર કપૂર વિશ્વાસ, વર્સેટિલિટી અને વ્યાપક આકર્ષણ માટે જાણીતા છે. આ ગુણધર્મો બોન્ડટાઇટના બ્રાન્ડ મૂલ્યો સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતા હોવાથી, આ સહયોગ બ્રાન્ડને વધુ મજબૂત અને સંબંધિત બનાવે છે. રણબીર કપૂરની જોડાણ બોન્ડટાઇટના વિવિધ એપ્લિકેશન્સ માટેના એડહેસિવ વિઝનમાં નવી ઊર્જા અને આત્મવિશ્વાસ ઉમેરે છે. આગામી કેમ્પેઇનનો મુખ્ય ફોકસ વુડ એડહેસિવ્સ પર રહેશે, જે બોન્ડટાઇટ માટે એક મહત્વપૂર્ણ ગ્રોથ ડ્રાઇવર તરીકે ઉભરી આવી રહ્યા છે. વુડ એડહેસિવ્સ ઉપરાંત, બોન્ડટાઇટ પાસે ઈપોક્સી અને સાયનોએક્રીલેટ (ઝડપી) એડહેસિવ્સનો પણ મજબૂત પોર્ટફોલિયો છે, જે ઉદ્યોગો, વેપાર અને ઘરગથ્થુ ઉપયોગ માટે બાંધકામ અને રિપેરિંગની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરે છે. આ કેમ્પેઇનના લોન્ચ સમયે એસ્ટ્રલ લિમિટેડ (એડહેસિવ્સ અને પેઇન્ટ્સ) ના CEO શ્રી સૌમ્ય એન્જિનિયરે જણાવ્યું હતું કે, "બોન્ડટાઈટે તેની કામગીરી અને કન્સિસ્ટન્સી દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી બજારમાં વિશ્વાસ મેળવ્યો છે. મજબૂત સેલિબ્રિટી એસોસિએશન સાથેની આ નવી કેમ્પેઇન, ખાસ કરીને વ્હાઇટ એડહેસિવ્સ સેગમેન્ટમાં વૃદ્ધિ માટે અમારા નવા ઉત્સાહ અને આત્મવિશ્વાસને દર્શાવે છે. અમારું વિઝન રાષ્ટ્રીય સ્તરે એક વિશ્વસનીય બ્રાન્ડ બનાવવાનું છે, જે પ્રોફેશનલ્સ, કારીગરો અને ગ્રાહકોને એક શક્તિશાળી અને વિશ્વસનીય વિકલ્પ આપે. સમગ્ર ભારતમાં અમારી પહોંચને વધુ મજબૂત બનાવવાનું આ એક મહત્વપૂર્ણ પગલું છે." આ નવી કેમ્પેઇન માત્ર બોન્ડટાઇટની બ્રાન્ડ વિઝિબિલિટી વધારવા માટે જ નહીં, પરંતુ સર્જન, બાંધકામ અને રોજિંદા ઉપયોગમાં એડહેસિવ્સના મહત્વ વિશે વધુ જાગૃતિ લાવવા અને તેનો સ્વીકાર વધારવાની બ્રાન્ડની મહત્ત્વાકાંક્ષા પણ દર્શાવે છે. એસ્ટ્રલની મજબૂત મેન્યુફેક્ચરિંગ, ડિસ્ટ્રિબ્યુશન અને ઈનોવેશન ક્ષમતાઓના આધાર સાથે, બોન્ડટાઇટ પોતાની માર્કેટ પ્રેઝન્સને વધુ મજબૂત બનાવશે અને ભારતીય એડહેસિવ બજારના ભવિષ્યને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ કેમ્પેઇન અનેક મીડિયા પ્લેટફોર્મ્સ પર રજૂ કરવામાં આવશે, જે બોન્ડટાઇટ માટે એક નવા અધ્યાયની શરૂઆત કરશે – જ્યાં પરફોર્મન્સ, વિશ્વાસ અને આકાંક્ષા એક મજબૂત બંધન સાથે જોડાય છે. એસ્ટ્રલ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી કૈરવ એન્જિનિયરે જણાવ્યું હતું કે, "વુડ એડહેસિવ્સ અમારી શ્રેણીની કરોડરજ્જુ છે અને બોન્ડટાઇટ તેને સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ સાથે નેતૃત્વ આપવા માટે તૈયાર છે. બોન્ડટાઇટને 'લકડી કા ચુંબક' તરીકે સ્થાન આપીને, અમે સુથારો, એપ્લીકેટર્સ અને ટ્રેડ પાર્ટનર્સ માટે પસંદગી સરળ બનાવી રહ્યા છીએ.

# ખેડા જિલ્લામાં વસતાં પૂર્વ સૈનિકો/દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓનુ સંમેલન યોગી ફાર્મ નડિયાદ ખાતે યોજાશે

**નડિયાદ, તા. 16**

તા. ૧૮/૦૧/૨૦૨૬ને રવિવારે સવારે ૯ થી ૨ વાગ્યા સુધી પ્રમુખ સ્વામી સભાગૃહ, BAPS શ્રી સ્વામીનારાયણ મંદિર યોગી ફાર્મ હાજર રહેવું, ખેડા જિલ્લામાં વસતાં પૂર્વ સૈનિકો/દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓનુ સંમેલન માટે તારીખ ૧૮/૦૧/૨૦૨૬ને રવિવારના ના રોજ સવારે ૦૯:૦૦ કલાક થી ૧૪.૦૦ કલાક સુધી પ્રમુખ સ્વામી સભાગૃહ, BAPS શ્રી સ્વામીનારાયણ મંદિર, યોગી ફાર્મ, પીપલાગ રોડ, નડિયાદ, જિલ્લો-ખેડા ખાતે રાખવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રી તથા રાજ્ય સૈનિક બોર્ડ, ગુજરાત રાજ્ય તરફથી પૂર્વ સૈનિકો/દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓને આપવામાં આવતી વિવિધ સહાયની જાણકારી આ સંમેલનમાં આપવામાં આવનાર છે. ખેડા જિલ્લાના રજીસ્ટર થયેલ દરેક પુર્વ સૈનિકો/દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓને આ સંમેલનમાં હાજરી આપવા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, વડોદરા તરફથી આમંત્રણ પાઠવવામાં આવેલ છે. તેમ છતાં આ તાલુકાઓમાં વસતા જેઓને પત્ર ન મળેલ હોય તે તમામ પૂર્વ સૈનિકો/દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓને આ સંમેલનમાં હાજરી આપવી એમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુન: વસવાટ અધિકારી વડોદરાની અખબારી યાદીમાં જણાવ્યું છે. તેમ છતાં આ તાલુકાઓમાં વસતા જેઓને પત્ર ન મળેલ હોય તે તમામ પૂર્વ સૈનિકો/દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓને આ સંમેલનમાં હાજરી આપવી એમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુન: વસવાટ અધિકારી વડોદરાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

**ગામનો નિર્ધાર સહકાર થી સાકાર અભિયાન-પોષણ મિત્ર, જિલ્લાના ૭,૪૦૦ થી વધુ બાળકો આ અભિયાન હેઠળ પોષણનો લાભ મેળવી રહ્યા છે**

# ઉતરાયણ પર્વથી રાષ્ટ્રીય પર્વના સમયગાળામાં એટલે કે ૧૫ જાન્યુઆરી થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી સૌ પોષણમિત્રો આંગણવાડીની મુલાકાત લેશે

**નડિયાદ, તા. 16**

ખેડા જિલ્લામાં ગામનો નિર્ધાર સહકારથી સાકાર અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ અને કર્મચારી મિત્રો પોષણમિત્ર તરીકે નોંધાયા છે. ત્યારે ઉતરાયણ પર્વથી રાષ્ટ્રીય પર્વના સમયગાળામાં એટલે કે ૧૫ જાન્યુઆરી થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી સૌ પોષણમિત્રો આંગણવાડીની મુલાકાત લેવાની, કલેક્ટરશ્રીની અપીલ અંતર્ગત જિલ્લાના પોષણમિત્રો આંગણવાડીની મુલાકાત લઈ રહ્યા છે. જે પૈકી આજ રોજ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેસાઈએ ડુંગર ટીંબા આંગણવાડી કેન્દ્ર, પીજ, તા વસો ની મુલાકાત લીધી હતી. જિલ્લા વહીવટી તંત્ર અને અમૂલ ડેરીની આગેવાનીમાં ખેડા જિલ્લામાં શરૂ થયેલ "ગામનો નિર્ધાર સહકારથી સાકાર " પોષણ અભિયાન અંતર્ગત પોષણ મિત્ર તરીકેના ફરજના ભાગરૂપે ગ્રામ્ય અમલીકરણ સમિતિના અધ્યક્ષશ્રી શાળાના આચાર્યશ્રી અને સભ્ય સચિવશ્રી દૂધ મંડળીના ચેરમેનશ્રીની હાજરીમાં





કુપોષિત બાળકોને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. એક કુપોષિત બાળક હાજર ના હતું તેની કીટ ઘરે પોહંચાડવાની જવાબદારી આચાર્યશ્રી અને દૂધમંડળીના ચેટમેનશ્રીએ લીધી. તથા જરૂરી ચકાસણી કરીને સૂચનો આપવામાં આવ્યા હતા. ગતરોજ તાલુકા વિકાસ અધિકારીશ્રી કપડવંજ દ્વારા રામતલાવડી આંગણવાડી કેન્દ્રની મુલાકાત દરમિયાન તેમણે કુપોષિત બાળકોનું વજન ઉંચાઈ ચકાસણી, રેકર્ડ રજીસ્ટર ચકાસણી કરી હતી. પોષણમિત્ર બની તેમણે બાળકોને દૂધ વિતરણ અને ફ્રુટનું વિતરણ કર્યુ હતુ. જયારે આજરોજ આઈ.સી.ડી.એસ પ્રોગ્રામ ઓફિસરશ્રી મનીષાબેન બારોટ દ્વારા પૂનમપૂરા આંગણવાડી કેન્દ્ર, ઉત્તરસંડાની મુલાકાત કરવામાં આવી હતી.જિલ્લા વહીવટીતંત્ર અને અમૂલ ડેરીની આગેવાનીમાં ખેડા જિલ્લામાં શરૂ થયેલ "ગામનો નિર્ધાર સહકારથી સાકાર " પોષણ અભિયાન અંતર્ગત પોષણ મિત્ર તરીકેના ફરજના ભાગરૂપે ગ્રામ્ય અમલીકરણ સમિતિના અધ્યક્ષશ્રી શાળાના આચાર્યશ્રીને સાથે રાખી કેન્દ્ર પર હાજર તમામ બાળકોને ફળો તથા 3 કુપોષિત બાળકોને પોષક આહાર માટેની કીટનું વિતરણ કર્યુ હતુ. એક જરૂરિયાત મંદ સગર્ભા બેનને પણ આ કીટ આપવામાં આવી. તેમના દ્વારા વાલીનેકેન્દ્ર પર નિયમિત બાળકોને મોકલવા તથા પોષક આહાર વિશે જરૂરી સમજ આપી હતી તેમજ કેન્દ્રની એકંદર કામગીરી ચકાસવામાં આવી હતી. આ ઉપરાંત આજરોજ નડિયાદ તાલુકાના વલેટવા ગામ વિસ્તારમાં ડેરી વિસ્તારની આંગણવાડીમાં આરટીઓ અધિકારીશ્રી મિતેશભાઈ રાવલ, રણજીતસિંહ વાઘેલા તેમજ ક્રિષ્નાબેન પટેલ તેમજ ખેડા જિલ્લા પંચાયત શિક્ષણશાખાના ઉમેશભાઈ શર્મા સર્વે પોષણમિત્ર તરીકે આંગણવાડીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓએ આંગણવાડીના ૧૮ બાળકો માટે તલનું કચરિયું, રાજગરાના લાડુ, ચાર જાતના બિસ્કીટ, કેક, ખજૂર, ચીકુ આંગણવાડી કાર્યકર સંગીતાબેન રાવલને બાળકો માટે આપ્યા હતા તેમજ તેમણે બાળકો સાથે વાતચીત કરી હતી. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આંગણવાડીની મુલાકાત લઈને બાળકો સાથે અને આંગણવાડી કાર્યકર બહેન અને માતા યશોદા સાથે વાતચીત કરી હતી. જિલ્લા પંચાયત શાખાના મોનિટરિંગ સિસ્ટમના અધિકારીશ્રી ઉમેશભાઈ શર્મા જણાવે છે એમ કલેકટરશ્રી અમિત પ્રકાશ નવતર અભિગમ ગામનો નિર્ધાર સહકારથી સાકાર અંતર્ગત અમે સૌએ પોષણમિત્ર તરીકે અમારી નોંધણી કરાવી છે એ અંતર્ગત સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત અમને સોંપેલી આંગણવાડી વલેટવા ગામ વિસ્તાર આંગણવાડીમાં અમે આજરોજ પોષણ કીટ આપવામાં આવ્યા છે તેમજ આંગણવાડીની મુલાકાત લઈને અમે પણ આનંદ અનુભવી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે કે ખેડા જિલ્લામાં કુપોષણ નાબૂદી માટે જિલ્લા વહીવટી તંત્ર અને અમૂલ ડેરીના સહયોગથી અમલમાં મૂકાયેલું "ગામનો નિર્ધાર, સહકારથી સાકાર અભિયાન" ટૂંકા ગાળામાં જ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી રહ્યું છે. માત્ર બે મહિનામાં આ અભિયાન સહકારની શક્તિનું ઉત્તમ ઉદાહરણ બની ઉભરી આવ્યું છે. જિલ્લાની વિવિધ દૂધ મંડળીઓ દ્વારા દરરોજ સરેરાશ ૭૫૦ લિટર દૂધનું દાન કરવામાં આવી રહ્યું છે. આ દૂધ આંગણવાડી કાર્યકરોના સંકલનથી એકત્રિત કરી જિલ્લાના કુપોષિત બાળકો સુધી નિયમિત રીતે પહોંચાડવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૨૧,૭૮૫ લિટર દૂધ એકત્રિત કરી વિતરણ કરવામાં આવ્યું છે, જેના પરિણામે જિલ્લાના ૭,૪૦૦ થી વધુ બાળકો આ અભિયાન હેઠળ પોષણનો લાભ મેળવી રહ્યા છે.

# ICCએ પોતાની ભૂલ સુધારી: રેન્કિંગમાં કોહલીના નંબર-1 રહેવાના દિવસો ઓછા જણાવ્યા હતા, પહેલા પણ ઘણી ભૂલો થઈ છે



**મુંબઈ, તા. 16**

ICCએ આ સપ્તાહે જાહેર કરાયેલી રેન્કિંગમાં એક ભૂલ કરી હતી, જેને હવે કાઉન્સિલે સુધારી લીધી છે. 14 જાન્યુઆરીએ જાહેર કરાયેલા વન-ડે રેન્કિંગમાં વિરાટ કોહલી નંબર-1 બેટર બન્યો હતો, પરંતુ ICCએ ભૂલથી તેના નંબર-1 રહેવાના કુલ દિવસો ઓછા જણાવ્યા હતા. બાદમાં ICCએ સ્પષ્ટ કર્યું કે વિરાટ વન-ડે ક્રિકેટમાં કુલ 1,547 દિવસ સુધી નંબર-1 બેટર રહ્યો છે. કોહલી ત્રીજા નંબર પર છે 14 જાન્યુઆરીએ ICCએ વિરાટ કોહલી સાથે સંબંધિત એક ડેટા સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો, જે બાદમાં ખોટો સાબિત થયો. ભૂલ સામે આવ્યા પછી ICCએ તે કોપીને સુધારી દીધી. પહેલા ICCએ જણાવ્યું હતું કે વિરાટ કોહલી કુલ 825 દિવસ સુધી વન-ડે રેન્કિંગમાં નંબર-1 સ્થાન પર રહ્યો છે, જેના આધારે તે આ સૂચિમાં દુનિયામાં 10મા સ્થાને હતો. જોકે, આંકડાઓમાં સુધારા બાદ ICCએ સ્પષ્ટ કર્યું કે વિરાટ કુલ 1,547 દિવસ સુધી વન-ડે ક્રિકેટમાં નંબર-1 બેટર રહ્યો છે. આ સાચા આંકડા સાથે વિરાટ હવે આ યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ દિવસો સુધી નંબર-1 રહેનારા બેટર્સની યાદીમાં તેમનાથી આગળ ફક્ત વેસ્ટ ઈન્ડિઝના સર વિવિયન રિચર્ડ્સ (2,306 દિવસ) અને બ્રાયન લારા (2,079 દિવસ) છે. વિરાટ વન-ડેમાં 11મી વખત નંબર-1 વિરાટે ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વન-ડેમાં 93 રનની ઈનિંગ રમી હતી, જેનો તેને સીધો ફાયદો મળ્યો. તેના હવે 785 રેટિંગ પોઈન્ટ્સ થઈ ગયા છે. વિરાટ જુલાઈ 2021 પછી પ્રથમ વખત અને ઓવરઓલ પોતાની કારકિર્દીમાં 11મી વખત નંબર-1 વન-ડે બેટર બન્યો છે. ગયા અઠવાડિયે તે નંબર-2 પર હતો. તેણે રોહિત શર્માને પાછળ છોડ્યો.

# અંડર-19 વર્લ્ડ કપમાં ભારતની જીતથી શરૂઆત : અમેરિકાને 6 વિકેટે હરાવ્યું



**મુંબઈ, તા. 16**

અંડર-19 મેન્સ વર્લ્ડ કપમાં ભારતે જીત સાથે શરૂઆત કરી છે. ટીમે ઓપનિંગ મેચમાં અમેરિકાને 6 વિકેટે હરાવ્યું. બુલવાયોમાં ગુરુવારે ઈન્ડિયા અંડર-19એ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી અને અમેરિકાને 107 રન પર ઓલઆઉટ કરી દીધું. ભારતે પછી 17.2 ઓવરમાં જ ટાર્ગેટ ચેઝ કરી લીધો. અમેરિકાની શરૂઆત ખૂબ જ ખરાબ રહી અને ટીમે 39 રનના સ્કોર પર જ 5 વિકેટ ગુમાવી દીધી. અમરિન્દર ગિલ 1, સાહિલ ગર્ગ 16, ઉત્કર્ષ શ્રીવાસ્તવ 0, અર્જુન મહેશ 16 અને અમોઘ અરેપલ્લી 3 રન બનાવીને આઉટ થયા. અદનીત ઝાંબે પછી 18 રન બનાવીને ટીમને 50 રન પાર પહોંચાડી. આખરે નીતિશ સુદિનીએ 36 રન બનાવીને ટીમને 35.2 ઓવરમાં 107 રન સુધી પહોંચાડી દીધી. ભારત તરફથી હેનિલ પટેલે 5 વિકેટ ઝડપી. જ્યારે વૈભવ સૂર્યવંશી, દીપેશ દેવેન્દ્રન, આરએસ અંબરીશ અને ખિલન પટેલને 1-1 સફળતા મળી. એક બેટર રન આઉટ થયો હતો. 108 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ભારતીય ટીમને શરૂઆતી ઝટકો લાગ્યો. વૈભવ સૂર્યવંશી માત્ર 2 રન બનાવીને આઉટ થઈ ગયો. તેને અમેરિકાના પેસર ઋત્વિક અપ્પીદીએ બોલ્ડ કર્યો. ભારતે 4 ઓવરમાં 1 વિકેટ ગુમાવીને 21 રન બનાવી લીધા, ત્યારે વરસાદ શરૂ થયો.

# WPLમાં યુપી વોરિયર્સની પ્રથમ જીત : મુંબઈ ઈન્ડિયન્સને 7 વિકેટે હરાવ્યું

**મુંબઈ, તા. 16**

વુમન્સ પ્રીમિયર લીગ (WPL)ની ચોથી સીઝનમાં યુપી વોરિયર્સને 3 હાર બાદ પ્રથમ જીત મળી. ટીમે ગુરુવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને 7 વિકેટે હરાવ્યું. નવી મુંબઈના DY પાટીલ સ્ટેડિયમમાં મુંબઈએ 161 રન બનાવ્યા. UPWએ 18.1 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કર્યો. ખરાબ શરૂઆત બાદ મુંબઈએ મોટો સ્કોર બનાવ્યો ટૉસ હારતા પહેલી બેટિંગ કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સે પાવરપ્લેમાં કોઈ વિકેટ ગુમાવી ન હતી, પરંતુ ટીમનો સ્કોર 36 રન સુધી જ પહોંચ્યો હતો. જી કમલિની 12 બોલમાં 5 રન બનાવીને આઉટ થઈ. તેમની સામે અમનજોત કૌરે 38 રન બનાવ્યા. બંને બાદ કેપ્ટન હરમનપ્રીત કૌર પણ 11 બોલમાં 16 રન જ બનાવી શકી. 13 ઓવર સુધી મુંબઈએ 78 રન સુધીમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. અહીંથી નેટ સિવર બ્રન્ટે નિકોલા કેરી સાથે મળીને ટીમને 150ના પાર પહોંચાડી દીધી. સિવર-બ્રન્ટ 43 બોલમાં 65 રન બનાવીને આઉટ થઈ. કેરી 32 રન બનાવીને નોટઆઉટ રહી અને ટીમને 161 સુધી પહોંચાડી દીધી. યુપી વોરિયર્સ તરફથી શિખા પાંડે, દીપ્તિ શર્મા, સોફી એકલસ્ટન અને આશા સોભનાને 1-1 વિકેટ મળી.

# વિદર્ભ બીજી વખત વિજય હઝારે ટ્રોફીની ફાઇનલમાં

## 5 વખતની ચેમ્પિયન કર્ણાટકને 6 વિકેટે હરાવ્યું; અમન મોખડેની સદી



**મુંબઈ, તા. 16**

વિદર્ભે બીજી વખત વિજય હઝારે ટ્રોફીની ફાઇનલમાં સ્થાન મેળવી લીધું છે. ટીમે ગુરુવારે રમાયેલી પ્રથમ સેમિફાઈનલમાં કર્ણાટકને 6 વિકેટે હરાવ્યું. આ પહેલા વિદર્ભ 2024-25 સીઝનમાં પણ ફાઈનલ સુધી પહોંચી ચૂક્યું છે. બેંગલુરુ સ્થિત BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ ગ્રાઉન્ડમાં કર્ણાટકના કેપ્ટન મયંક અગ્રવાલે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો. પાંચ વખતની ચેમ્પિયન કર્ણાટકની ટીમ 49.4 ઓવરમાં 280 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. ટીમ તરફથી કરુણ નાયરે સૌથી વધુ 76 રનની ઈનિંગ રમી. વિદર્ભ માટે દર્શન નાલકંડેએ શાનદાર બોલિંગ કરતા 5 વિકેટ ઝડપી. 281 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી વિદર્ભની ટીમે અમન મોખડેની સદીની મદદથી 46.2 ઓવરમાં 4 વિકેટના નુકસાન પર 284 રન બનાવીને મુકાબલો પોતાના નામે કરી લીધો. કર્ણાટક તરફથી અભિલાષ શેટ્ટીએ 3 વિકેટ લીધી. કર્ણાટકની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. ટીમના કેપ્ટન મયંક અગ્રવાલ 9 રન બનાવીને આઉટ થઈ ગયો, જ્યારે શાનદાર ફોર્મમાં ચાલી રહેલા દેવદત્ત પડિકલ માત્ર 4 રન જ બનાવી શક્યો. શરૂઆતી ઝટકાઓ પછી કરુણ નાયરે ઈનિંગ્સને સંભાળી. નાયરે 90 બોલમાં 76 રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી. આ દરમિયાન તેણે 8 ચોગ્ગા અને 1 છગ્ગો ફટકાર્યો. તેણે ધ્રુવ પ્રભાકર (28 રન) સાથે ફિફ્ટીની ભાગીદારી કરી, જ્યારે કૃષ્ણન શ્રીજીથ (54 રન) સાથે 100+ રનની ભાગીદારી કરીને કર્ણાટકના સ્કોરને મજબૂત બનાવ્યો. 74 રનમાં 3 વિકેટ પડ્યા બાદ કૃષ્ણન શ્રીજીથે કરુણ નાયર સાથે મળીને ચોથી વિકેટ માટે 113 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી. શ્રીજીથે 53 બોલમાં 7 ચોગ્ગાની મદદથી 54 રન બનાવ્યા. ત્યારબાદ સ્પિન ઓલરાઉન્ડર શ્રેયસ ગોપાલે 39 બોલમાં 36 રનની ઉપયોગી ઈનિંગ રમી, જ્યારે અભિનવ મનોહરે 33 બોલમાં 26 રન ઉમેરીને કર્ણાટકને 280 રનના સ્કોર સુધી પહોંચાડ્યું. વિદર્ભ તરફથી દર્શન નાલકંડેએ શાનદાર બોલિંગ કરતા 5 વિકેટ ઝડપી.

# ભૂમિ પેડનેકરના 'દલદલ'થી લોખંડી મનોબળ ધરાવતા લોકો પણ ફફડી ઉઠશે


**મુંબઈ, તા. 16**

ભૂમિ પેડનેકર સ્ટારર ક્રાઈમ થ્રિલર સિરીઝ 'દલદલ'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. એક મિનિટ સાત સેકન્ડના ટીઝરમાં લોહીથી લથપથ ચહેરાઓ, વિચલિત કરી દેતા દ્રશ્યો, હિંસા અને દ્વંદથી ભરેલું છે. ટીઝરની શરૂઆત વોર્નિંગથી થાય છે. ટીઝર જોઈને કઠણ હૃદયનું વ્યક્તિ પણ ફફડી ઉઠે તેવી ક્રુરતા દર્શાવવામાં આવી છે. મુંબઈની પૃષ્ઠભૂમિ પર આધારિત, આ સિરીઝ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના નવનિયુક્ત ડીસીપી રીટા ફરેરાની વાર્તા છે, જેનું પાત્ર ભૂમિ સતીશ પેડનેકરે ભજવ્યું છે. 'દલદલ'ની વાર્તા ડીસીપી રીટા ફરેરાની આસપાસ ફરે છે. રીટા એક એવી પોલીસ અધિકારી છે, જે ન્યાય માટે સમર્પિત છે, પરંતુ પોતાના ભૂતકાળની ભૂલ અને અંદરના ડરથી પરેશાન પણ છે અને તે એક નિર્દય હત્યારાનો પીછો કરવાના એક ભયાનક મિશનમાં ફસાઈ જાય છે. ટીઝર દર્શકોને એવી દુનિયામાં લઈ જાય છે, જ્યાં હિંસા અને માનસિક ડર માત્ર ચોંકાવનારો નથી, પરંતુ લાંબા સમય સુધી અસર કરે છે. ટીઝરની ક્રૂરતાના ચિત્રણ પરથી સ્પષ્ટ છે કે આ સિરીઝ નબળા હૃદયવાળા લોકો માટે નથી. મૂળભૂત રીતે, દલદલ માત્ર એક ક્રાઈમ-સસ્પેન્સ વાર્તા નથી, પરંતુ તે આઘાત અને નૈતિકતાની ઊંડી તપાસ પણ છે. આ વાર્તા ફક્ત એ નથી પૂછતી કે ગુનો કોણે કર્યો? પરંતુ તેનાથી પણ વધુ ભયાવહ પ્રશ્ન ઉઠાવે છે કે, આવું શા માટે કરવામાં આવ્યું? ભૂમિ પેડનેકર સાથે, આ સિરીઝમાં સમરા તિજોરી અને આદિત્ય રાવલ પણ મુખ્ય ભૂમિકામાં છે. નોંધનીય છે કે, 'દલદલ' વિષ ધમિજાના બેસ્ટસેલિંગ પુસ્તક 'ભીંડી બજાર' પર આધારિત છે, જેને વિક્રમ મલ્હોત્રા અને સુરેશ ત્રિવેણીએ પ્રોડ્યુસ કરી છે. આનું ડિરેક્શન અમૃત રાજ ગુપ્તાએ કર્યું છે અને વાર્તા ત્રિવેણી સાથે શ્રીકાંત અગ્નિશ્વરન, રોહન ડિસોઝા, પ્રિયા સગ્ગી અને હુસૈન હૈદરીએ લખી છે. 'દલદલ'નું પ્રીમિયર 30 જાન્યુઆરીએ ભારત સહિત વિશ્વભરના 240 થી વધુ દેશોમાં ઓટીટી પ્લેટફોર્મ પ્રાઈમ પર થશે.



1. ભૂમિ પેડનેકરનું પાત્ર પોતાના કર્તવ્યો અને દ્વંદ વચ્ચે ગુંચવાયેલું જોવા મળે છે.

# 'સૂર્યકુમાર મેસેજ કરતા હતા' નિવેદન પર ખુશી વિરુદ્ધ ફરિયાદ



**મુંબઈ, તા. 16**

ઈન્ડિયન T20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ વિશે આપેલા એક નિવેદન બાદ અભિનેત્રી અને મોડેલ ખુશી મુખર્જી વિવાદમાં આવી ગઈ છે. સૂર્યકુમારના ફેન ફૈઝાન અંસારીએ ખુશી મુખર્જી વિરુદ્ધ 100 કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો કર્યો છે. આ અંગેની ફરિયાદ ગાઝીપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. ફૈઝાન અંસારીનો આરોપ છે કે ખુશી મુખર્જીએ સૂર્યકુમાર યાદવ વિશે જાણીજોઈને એવાં નિવેદનો આપ્યાં, જેનાથી એક રાષ્ટ્રીય સ્તરના ખેલાડીની છબિને નુકસાન પહોંચી શકે છે. તેમનું કહેવું છે કે આ નિવેદનો કોઈ પુરાવા વગર અને ખોટી નિયતથી આપવામાં આવ્યાં છે. ખુશીએ કહ્યું હતું કે સૂર્ય મને મેસેજ કરતા હતા ખુશી મુખર્જીએ થોડા દિવસ પહેલાં દાવો કર્યો હતો કે ભારતીય ક્રિકેટર સૂર્યકુમાર યાદવ તેમને પહેલાં અવારનવાર મેસેજ કરતા હતા,

# 'ગદર' એક્ટ્રેસ અમીષા પટેલનો મોબાઈલ નંબર લીક?



**મુંબઈ, તા. 16**

બોલિવૂડ એક્ટ્રેસ અમીષા પટેલે પોતાના ચાહકોને ફેક નંબરથી સાવધાન રહેવાની ચેતવણી આપી છે. અમીષાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં શંકાસ્પદ કોન્ટેક્ટનો સ્ક્રીનશોટ શેર કરતા જણાવ્યું કે કોઈ તેના નામ અને ફોટોનો ઉપયોગ કરી રહ્યું છે. તેણે સ્પષ્ટ કર્યું કે સર્ક્યુલેટ થઈ રહેલો નંબર તેમનો નથી. સ્ક્રીનશોટ સાથે એક્ટ્રેસે લખ્યું- 'આ નંબર ફેક છે અને આ વ્યક્તિ છેતરપિંડી કરનાર છે. કૃપા કરીને તેની જાળમાં ન ફસાશો. આ હું નથી.' એક્ટ્રેસ સોશિયલ મીડિયા પર લોકોને આ સ્કેમ વિશે એલર્ટ કરતા અપીલ કરી છે કે તેના નામથી કરવામાં આવેલા કોઈપણ નકલી કોલ કે મેસેજનો શિકાર ન બનો અને સતર્ક રહો.

# દિશા પટણીના રૂમર્ડ બોયફ્રેન્ડે ફોટોગ્રાફરને ગંદો ઈશારો કર્યો



**મુંબઈ, તા. 16**

પંજાબી સિંગર તલવિંદર સિંહ સિદ્ધુ અચાનકથી ચર્ચામાં છે. તેની આ લાઈમલાઈટનું કારણ એક્ટ્રેસ દિશા પટણી છે. નૂપુર સેનન અને સ્ટેબિનના લગ્નમાંથી બંનેનો હાથ પકડેલો વીડિયો વાયરલ થયો અને તેમના ડેટિંગના અટકળો લાગવા માંડી. નૂપુર-સ્ટેબિનના રિસેપ્શનમાં દિશા તલવિંદર સાથે પહોંચ્યો હતો, હવે નૂપુર સેનન-સ્ટેબિનના રિસેપ્શનમાંથી તલવિંદર અને દિશા પટણીના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ છે. જોકે, આ બધાં જ વીડિયોમાં બંને કેમેરા સામે એકબીજા સાથે ઊભા રહેવાથી કે વાતચીત કરવાથી બચતા જોવા મળ્યા. પરંતુ દરેક વીડિયોમાં આસપાસ ચોક્કસ જોવા મળ્યા. સામે આવેલા એક વીડિયોમાં તલવિંદર લિફ્ટમાં મૌની રોય, દિશા અને તેના બેસ્ટ ફ્રેન્ડ એલેક્ઝાન્ડર એલેક્સ ઈલિક સાથે જોવા મળે છે. જેવો તે લિફ્ટમાંથી બહાર નીકળ્યો, મીડિયાને જોઈને નારાજ થઈ ગયો. તલવિંદરે પહેલા તો મીડિયાને મિડલ ફિંગર બતાવી અને પછી થોડું સંભાળીને પોઝ આપવા લાગ્યો. તે જ સમયે, એક વીડિયોમાં તલવિંદર, મૌની રોય સાથે વેન્યુ પર જોવા મળી રહ્યા છે. આ દરમિયાન તે મીડિયાને વિક્ટરી સાઈન બતાવતો અને કેમેરાથી બચતો જોવા મળ્યો. તલવિંદરનો સાથ આપવા માટે મૌની રોયે પણ પોતાનો ચહેરો કાળા માસ્કથી ઢાંકી રાખ્યો હતો. બંનેની પાછળ-પાછળ દિશા પોતાના બેસ્ટ ફ્રેન્ડ સાથે એન્ટ્રી લે છે. તે જ સમયે એક અન્ય વીડિયોમાં ચારેય સાથે ઉભેલા જોવા મળી રહ્યા છે. જોકે, વેન્યુ પરથી બંને એક જ કારમાં પાછા ફર્યા. વીડિયોમાં દિશા અને તલવિંદર બેક સીટ પર બેઠેલા જોવા મળી રહ્યા છે, જ્યારે દિશાનો બેસ્ટ ફ્રેન્ડ એલેક્ઝાન્ડર ફ્રન્ટ સીટ પર દેખાયો. તાજેતરમાં દિશા ઉદયપુરમાં કૃતિ સેનનની બહેન નૂપુર સેનન અને સિંગર સ્ટેબિન બેનના ડેસ્ટિનેશન વેડિંગમાં સામેલ થઈ હતી.

# એમેઝોન-ફ્લિપકાર્ટ સહિત 8 ઈ-કોમર્સ કંપનીઓને ₹44 લાખનો દંડ

## ગેરકાયદેસર વોકી-ટોકી વેચવા બદલ CCPAની કાર્યવાહી; તેને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યો

**નવી દિલ્હી, તા.16**

સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (CCPA) એ ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર ગેરકાયદેસર વોકી-ટોકી વેચવા બદલ કાર્યવાહી કરી છે. CCPA એ એમેઝોન, ફ્લિપકાર્ટ, મીશો અને મેટા સહિત આઠ કંપનીઓ પર કુલ 44 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

આ પ્લેટફોર્મ્સ પર એવા વોકી-ટોકી વેચવામાં આવી રહ્યા હતા જેમની પાસે જરૂરી લાયસન્સ કે ટેકનિકલ મંજૂરી નહોતી. આ કાર્યવાહી કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ 2019 અને ટેલિકોમ કાયદાઓના ઉલ્લંઘન માટે કરવામાં આવી છે.

ઓથોરિટીએ તપાસમાં જાણ્યું કે આ વેબસાઈટ્સ પર 16,970 થી વધુ એવા ઉત્પાદનો લિસ્ટેડ હતા, જે સુરક્ષા ધોરણો પર ખરા ઉતરતા નહોતા.

ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ જણાવ્યું કે મીશો, મેટા (ફેસબુક માર્કેટપ્લેસ), ફ્લિપકાર્ટ અને એમેઝોન પર 10-10 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત ચિમિયા, જિયોમાર્ટ, ટોક પ્રો અને માસ્કમેન ટોય્ઝ પર 1-1 લાખ રૂપિયાનો દંડ લાગ્યો છે.

અધિકારીના જણાવ્યા અનુસાર, મીશો, મેટા, ચિમિયા, જિયોમાર્ટ અને ટોક પ્રોએ દંડની રકમ જમા કરાવી દીધી છે, જ્યારે બાકીની કંપનીઓના ચુકવણીની રાહ જોવાઈ રહી છે. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે તપાસમાં જાણવા મળ્યું કે આ પ્લેટફોર્મ પર્સનલ મોબાઈલ રેડિયો (PMR) ને કોઈપણ લાયસન્સની માહિતી વગર વેચી રહ્યા હતા.




ભારતમાં વોકી-ટોકીનો ઉપયોગ કરવા માટે કડક નિયમો છે. વર્તમાન નિયમો અનુસાર, લાયસન્સ વગર ફક્ત તે જ વોકી-ટોકીનો ઉપયોગ કરી શકાય છે જે 446.0 થી 446.2 મેગાહર્ટ્ઝ (MHz)ની ફ્રીક્વન્સી પર કામ કરે છે.

CCPA ની તપાસમાં સામે આવ્યું કે ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર વેચાતા ઘણા ડિવાઈસ આ નિર્ધારિત મર્યાદાની બહારની ફ્રીક્વન્સી પર કામ કરી રહ્યા હતા. સાથે જ, આ ઉપકરણો પાસે 'ઈક્વિપમેન્ટ ટાઈપ અપ્રુવલ' (ETA) સર્ટિફિકેટ પણ નહોતું, જે કોઈપણ વાયરલેસ ડિવાઈસને ભારતમાં વેચવા માટે ફરજિયાત છે.

ફ્લિપકાર્ટ: 65,931 યુનિટ્સ એવી રીતે વેચવામાં આવ્યા જ્યાં ફ્રીક્વન્સીની માહિતી ખાલી હતી અથવા તે નિર્ધારિત મર્યાદાની બહાર હતી.

એમેઝોન: જાન્યુઆરી 2023 થી મે 2025 ની વચ્ચે 2,602 યુનિટ્સ વેચવામાં આવ્યા. ઘણી પ્રોડક્ટ લિસ્ટિંગમાં જરૂરી સર્ટિફિકેશનની માહિતી નહોતી.

મીશો: અહીં માત્ર એક જ સેલરે 2,209 યુનિટ્સ વેચ્યા, જેમાં નિયમોનું પાલન કરવામાં આવ્યું નહોતું.

ફેસબુક માર્કેટપ્લેસ: લાઈસન્સ અને ફ્રીક્વન્સીની માહિતી વિના વોકી-ટોકી લિસ્ટ કરવામાં આવ્યા હતા. હસ્તક્ષેપ પછી 710 લિસ્ટિંગ્સને હટાવવામાં આવ્યા.

CCPA એ ચેતવણી આપી છે કે પરવાનગી વગરના આ રેડિયો ડિવાઈસ દેશની સુરક્ષા માટે ગંભીર ખતરો બની શકે છે. આ ડિવાઈસ પોલીસ, આપત્તિ વ્યવસ્થાપન અને અન્ય ઈમરજન્સી સેવાઓના કોમ્યુનિકેશન નેટવર્કમાં અવરોધ ઊભો કરી શકે છે. જો આ ડિવાઈસ સંવેદનશીલ ફ્રીક્વન્સીમાં દખલ કરે છે, તો તેનાથી મહત્વપૂર્ણ સરકારી ઓપરેશન્સ અટકી શકે છે અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે સમાધાન થઈ શકે છે.

સુનાવણી દરમિયાન ઘણી કંપનીઓએ દલીલ કરી હતી કે તેઓ ફક્ત એક 'વચેટિયા' છે અને થર્ડ-પાર્ટી સેલર જે સામાન વેચી રહ્યા છે, તેના માટે તેઓ જવાબદાર નથી. જોકે, CCPA એ આ દલીલને સંપૂર્ણપણે ફગાવી દીધી.

પ્રાધિકરણે કહ્યું કે જે પ્લેટફોર્મ ઉત્પાદનોની લિસ્ટિંગ, હોસ્ટિંગ અને પ્રમોશન કરી રહ્યા છે, તેઓ પોતાની જવાબદારીમાંથી છટકી શકતા નથી. કંપનીઓએ પોતાની ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગેરકાયદેસર સામાનની લિસ્ટિંગને રોકવી જોઈએ.

ઈ-કોમર્સ કંપનીઓની જવાબદારી નક્કી કરવા માટે CCPA એ 'રેડિયો ઉપકરણોની ગેરકાયદેસર લિસ્ટિંગ અને વેચાણની રોકથામ' માટે નવી ગાઈડલાઈન્સ-2025 અધિસૂચિત કરી છે. તેને દૂરસંચાર વિભાગ (DoT) અને ગૃહ મંત્રાલય સાથે સલાહ લીધા પછી તૈયાર કરવામાં આવી છે.

લિસ્ટિંગ પહેલાં ફ્રીક્વન્સી અને ETA સર્ટિફિકેટની તપાસ. લાયસન્સની જરૂરિયાતો વિશે ગ્રાહકોને સંપૂર્ણ માહિતી આપવી. ભ્રામક જાહેરાતો પર રોક લગાવવી. ગેરકાયદેસર ઉપકરણોને હટાવવા માટે ઓટોમેટિક સિસ્ટમ બનાવવી.

# દેશમાં ખુલી રહ્યા છે દરરોજ 136 સ્ટાર્ટઅપ: સ્ટાર્ટઅપ ડે- વર્ષ 2025માં 50,000 નવા જોડાયા, હવે 2.09 લાખ સ્ટાર્ટઅપ

**નવી દિલ્હી, તા.16**

વર્ષ 2025માં દેશમાં 50 હજારથી વધુ નવા સ્ટાર્ટઅપ શરૂ થયા છે. એટલે કે, સરેરાશ દરરોજ 136 નવા સ્ટાર્ટઅપ ખુલ્યા છે. આ પછી હવે દેશમાં રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપની સંખ્યા 2.09 લાખ થઈ ગઈ છે. છેલ્લા સ્ટાર્ટઅપ દિવસ (જાન્યુઆરી, 2025) ના અવસરે દેશમાં સ્ટાર્ટઅપની સંખ્યા 1.59 લાખ હતી. છેલ્લા એક દાયકામાં આ સૌથી ઝડપી વાર્ષિક વૃદ્ધિ છે.

ઉદ્યોગ અને આંતરિક વ્યાપાર સંવર્ધન વિભાગ (DPIIT) ના રિપોર્ટ અનુસાર, 52.6 ટકા સ્ટાર્ટઅપ મેટ્રો શહેર નહીં, પરંતુ ટિયર-2 અને ટિયર-3 શહેરોમાંથી છે. 50 ટકા સ્ટાર્ટઅપમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર્સ છે, જે બેબી પ્રોડક્ટ્સથી લઈને ભારે ઉદ્યોગ મશીનો બનાવતી સંસ્થાઓ સાથે સંકળાયેલી છે.




છેલ્લા એક દાયકામાં સ્ટાર્ટઅપ્સે દેશભરમાં લગભગ 21 લાખ નોકરીઓનું સર્જન કર્યું. એટલે કે, એક સ્ટાર્ટઅપે સરેરાશ 10 લોકોને સીધો રોજગાર આપ્યો. ગયા વર્ષે ફક્ત 7 સ્ટાર્ટઅપ યુનિકોર્ન (એક અબજ ડોલર કે તેથી વધુ મૂલ્ય ધરાવતી કંપની) બન્યા. PM મોદીએ પણ X પર પોસ્ટ દ્વારા લોકોને સ્ટાર્ટઅપ ડેની શુભેચ્છાઓ પાઠવી.

ઓનલાઈન ગેમિંગ કાયદો લાગુ થવાથી 4 યુનિકોર્ન (ડ્રીમ11, એમપીએલ, ગેમ્સક્રાફ્ટ, ગેમ્સ24ઈનટુ7)નો દરજ્જો છીનવાઈ ગયો. DPIITના સંયુક્ત સચિવ સંજીવના જણાવ્યા અનુસાર, દેશમાં છેલ્લા 10 વર્ષ દરમિયાન 6,385 સ્ટાર્ટઅપ બંધ થયા છે. આ કુલ સ્ટાર્ટઅપના માત્ર 3 ટકા છે. આ દર દુનિયાભરમાં સૌથી ઓછો છે.

લાઈફ સ્કિલ: જીડીપીમાં 15% યોગદાન શક્ય- ભારત 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' થી 'એન્ટરપ્રેન્યોરિયલ ભારત' તરફ આગળ વધી રહ્યું છે. ધ ઈન્ડસ એન્ટરપ્રેન્યોર્સના રિપોર્ટ મુજબ, એન્ટરપ્રેન્યોરશિપને જરૂરી લાઈફ સ્કિલ તરીકે ભણાવવી જોઈએ. 2035 સુધીમાં 75% સેકન્ડરી શાળાઓ અને 80% ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં તેને સામેલ કરવું આવશ્યક છે. જો આવું થાય તો સ્ટાર્ટઅપ્સ જીડીપીમાં 15% યોગદાન આપી શકે છે અને 5 કરોડ નવી નોકરીઓ ઊભી થઈ શકે છે. ઈકોસિસ્ટમ: IPO લાવવામાં ઓછો સમય- ઓરિયોસ વેન્ચર પાર્ટનર્સના રિપોર્ટ અનુસાર, 2025માં શેરબજારમાં સૂચિબદ્ધ થનારા 20 સ્ટાર્ટઅપ્સે આવું 13.3 વર્ષમાં કરી બતાવ્યું. 2024માં સરેરાશ 13.4 વર્ષ લાગ્યા. જોકે 2023માં મામાઅર્થ અને યાત્રાએ 12.5 વર્ષમાં જ શેરબજારમાં સ્થાન બનાવ્યું. 2022 અને 2021માં આ મુકામ સુધી પહોંચવામાં 16 વર્ષ લાગ્યા હતા. એટલે કે ભારતીય સ્ટાર્ટઅપ્સ ઓછા સમયમાં IPO માટે તૈયાર થઈ રહ્યા છે.

ફંડિંગ: ભારતથી માત્ર અમેરિકા-બ્રિટન આગળ- ટ્રેક્શનના રિપોર્ટ અનુસાર, સ્ટાર્ટઅપ્સે 2025માં 94,500 કરોડ રૂપિયા એકઠા કર્યા. અમેરિકા-બ્રિટન પછી ભારત ત્રીજું સૌથી મોટું ફંડેડ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બન્યું.

એક દાયકો પૂરો થવા પર આજે કાર્યક્રમ- વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલનો એક દાયકો પૂરો થવાના કાર્યક્રમમાં ભાગ લેશે. સ્ટાર્ટઅપ ઈન્ડિયાની શરૂઆત 16 જાન્યુઆરી 2016ના રોજ થઈ હતી.

# સેન્સેક્સમાં 200 અંકથી વધુનો ઊછાળો: 83,600 પર ટ્રેડિંગ, નિફ્ટી પણ 50 અંક ચઢ્યો

**મુંબઈ, તા.16**

શેરબજારમાં આજે એટલે કે 16 જાન્યુઆરીએ તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 200થી વધુ પોઈન્ટ ચઢીને 83,600ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. જ્યારે નિફ્ટીમાં પણ લગભગ 50 પોઈન્ટનો ઉછાળો છે. તે 25,700ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. સેન્સેક્સના 30 શેરોમાંથી 16માં તેજી અને 14માં ઘટાડો જોવા મળી રહ્યો છે. બેન્કિંગ, ઓટો અને IT શેરોમાં તેજી જોવા મળી રહી છે. જ્યારે ફાર્મા અને મેટલ શેરોમાં ઘટાડો છે. એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 0.88% ઉપર 4,839 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.44% નીચે 53,874 પર કારોબાર કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.25% નીચે 26,856 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.050% ઉપર 4,114 પર ટ્રેડ કરી રહ્યો છે. 15 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.60% ચઢીને 49,442 પર



બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટ 0.25% ચઢ્યો. S&P 500માં 0.26%ની તેજી રહી. 14 જાન્યુઆરીએ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) એ 4,781 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DIIs) એ 5,217 કરોડના શેર ખરીદ્યા. ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,350 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા. 15 જાન્યુઆરીએ મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે બજાર બંધ હતું. 14 જાન્યુઆરીએ શેરબજારમાં ઘટાડો રહ્યો. સેન્સેક્સ 245 પોઈન્ટના ઘટાડા સાથે 83,383 પર બંધ થયો.

# ચીન ખાતેથી આયાત વધતી અટકાવવા ભારત વધુ અંકૂશાત્મક પગલાં હાથ ધરશે

## છેલ્લા કેટલાક વર્ષોમાં ચીનથી એશિયાના દેશોમાં નિકાસમાં જોવાતો વધારો

**મુંબઈ, તા.16**

ભારત સહિત એશિયાની ઊભરતી બજારોમાં ચીનની વધી રહેલી નિકાસ સામે પ્રતિકાર ઊભો થવાની શકયતા જોવાઈ રહી છે. ચીન ખાતેથી આયાત કરતા દેશોમાં ઘરઆંગણેના તથા આંતરરાષ્ટ્રીય સ્તરેથી ચીનના માલસામાન સામે વિરોધ ઉઠી રહ્યો છે એમ એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સના એક રિપોર્ટમાં જણાવાયું હતું. છેલ્લા કેટલાક વર્ષોમાં ચીન ખાતેથી એશિયાના દેશોમાં નિકાસ વધી રહી છે, જેને કારણે આયાતકાર દેશોની ઘરઆંગણેની બજારોને અને વૈશ્વિક આર્થિક સ્થિતિ પર પણ અસર પડે છે. ચીન ખાતેથી વધી રહેલી આયાતને ધ્યાનમાં રાખી ભારત આયાત અટકાવવા વધુ અંકૂશાત્મક પગલાં લેશે તેવી શકયતા જોવાઈ રહી છે. અત્રે ઉલ્લેખનિય છે કે ૨૦૨૫માં ચીન ખાતે ભારતની નિકાસ ૫.૫૦ અબજ ડોલર વધી ૧૯.૭૫ અબજ




ડોલર રહી હતી. જ્યારે ચીન ખાતેથી ભારતમાં નિકાસ ૧૨.૮૦ ટકા વધી ગયા વર્ષે ૧૩૫.૮૭ અબજ ડોલર રહી હતી જેને પરિણામે ભારતની ચીન સાથેની વેપાર ખાધ વધી ૧૧૬.૧૨ અબજ ડોલર પહોંચી ગઈ હતી. એસએન્ડપીના રિપોર્ટ પ્રમાણે, એશિયાના કેટલાક દેશો ચીનના માલને અમેરિકા સહીત અન્ય દેશોમાં રિ-એકસપોર્ટ કરે છે. કેટલાક દેશોમાં સ્થાનિક કંપનીઓએ ચીનના સસ્તા માલ સામે સ્પર્ધા કરવી પડે છે. ભારતની વાત કરીએ તો, ચીન ખાતેથી વધી રહેલી આયાતને કારણે ઘરઆંગણેની મેન્યુફેકચરિંગ કંપનીઓ દબાણ હેઠળ આવી જાય છે અને તેને કારણે તેમણે વધુ સંરક્ષણાત્મક પગલાં લેવા પડે છે, એમ પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

# ચાંદીમાં 4 દિવસમાં 40 હજારનો ધરખમ વધારો: ઓલ ટાઈમ હાઈ, 10 ગ્રામ સોનાનો ભાવ પણ વધીને રુ. 1.42 લાખે પહોંચ્યો

**નવી દિલ્હી, તા.16**

16 જાન્યુઆરીએ ચાંદીના ભાવમાં સતત ચોથા દિવસે તેજી જોવા મળી રહી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર ચાંદીની કિંમત 5,208 રૂપિયા વધીને 2.83 લાખ રૂપિયા પ્રતિ કિલોના ઓલટાઈમ હાઈ પર પહોંચી ગઈ છે. આ પહેલાં 14 જાન્યુઆરીએ ચાંદીની કિંમત 2.77 લાખ રૂપિયા હતી.

ચાર દિવસમાં ચાંદી 40 હજાર રૂપિયા મોંઘી થઈ ગઈ છે. જ્યારે સોનાના ભાવમાં ત્રણ દિવસની તેજી બાદ આજે ઘટાડો જોવા મળ્યો છે. 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ આજે 298 રૂપિયા ઘટીને 1,41,717 રૂપિયા પર ખૂલ્યો હતો. 14 જાન્યુઆરીએ તેણે 1,42,015 રૂપિયા પર ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો.



IBJAની સોનાની કિંમતોમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું, તેથી શહેરોના રેટ્સ આનાથી અલગ હોય છે. આ રેટ્સનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના રેટ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના રેટ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે.

ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

ડોલર નબળો - અમેરિકાના વ્યાજદરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ આખા વર્ષમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે.

ઔદ્યોગિક માગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EV માં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, જરૂરી કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકી કંપનીઓ ચાંદીનો ભારે સ્ટોક જમા કરી રહી છે, ગ્લોબલ સપ્લાયમાં ઘટાડાથી કિંમતો ઉપર ચઢી.

ઉત્પાદકોની સ્પર્ધામાં - ઉત્પાદન અટકવાના ડરથી બધા પહેલેથી ખરીદી રહ્યા છે, આ જ કારણોસર આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકને ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ રાખો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

# જિયો ફાઈનાન્સને ત્રીજા ક્વાર્ટરમાં 269 કરોડનો નફો: વાર્ષિક ધોરણે 9% ઘટ્યો, રેવન્યૂ 101% વધીને ₹901 કરોડ પહોંચી

**મુંબઈ, તા.16**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC) જિયો ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડને નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરમાં 269 કરોડ રૂપિયાનો નફો થયો છે. વાર્ષિક ધોરણે આ 9% ઘટ્યો છે. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં કંપનીને 295 કરોડ રૂપિયાનો નફો થયો હતો.

જ્યારે કંપનીની કમાણીમાં 101%નો વધારો થયો છે. ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં જિયો ફાઈનાન્સિયલે 901 કરોડ રૂપિયાની કમાણી કરી છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં આ આંકડો 449 કરોડ રૂપિયા હતો. નવા બિઝનેસમાં રોકાણ અને વધતા ખર્ચાઓને કારણે નફામાં સામાન્ય ઘટાડો થયો છે.

મેનેજમેન્ટ હેઠળની કુલ સંપત્તિમાં વધારો: કંપની હવે પહેલા કરતા વધુ પૈસા મેનેજ કરી રહી છે. તેની કુલ સંપત્તિ (AUM) પાછલા ક્વાર્ટરની સરખામણીમાં 29% વધીને 19,049 કરોડ થઈ ગઈ છે. તેનો અર્થ એ છે કે કંપનીનો વ્યાપ ઝડપથી વિસ્તરી રહ્યો છે.

લોન વિતરણમાં તેજી: કંપનીના લોન બિઝનેસ (જિયો ક્રેડિટ) એ આ ક્વાર્ટરમાં 8,615 કરોડની લોનનું વિતરણ કર્યું. આ ગયા વર્ષની સરખામણીમાં લગભગ બમણું છે. લોકો જિયો પાસેથી લોન લેવામાં રસ દાખવી રહ્યા છે.

જિયો પેમેન્ટ્સ બેંકની કમાણી વધી: બેંકની કુલ કમાણી 10 ગણી વધી ગઈ છે. હવે તેની પાસે 32 લાખથી વધુ ગ્રાહકો છે. બેંકમાં લોકોના જમા પૈસા (ડિપોઝિટ્સ) પણ 94% વધીને 507 કરોડ થઈ ગયા છે.




પેમેન્ટ ટ્રાન્ઝેક્શનમાં અઢી ગણો ઉછાળો: જિયો દ્વારા થતા કુલ ટ્રાન્ઝેક્શનનું વોલ્યુમ 2.6 ગણું વધીને 16,315 કરોડ પર પહોંચી ગયું છે. એટલે કે દુકાનદારો અને ગ્રાહકો પેમેન્ટ માટે જિયોની સિસ્ટમનો ઉપયોગ પહેલા કરતા ઘણો વધારે કરી રહ્યા છે.

જિયો ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો શેર બુધવારે 287.30 રૂપિયા પર બંધ થયો હતો. કંપનીનો શેર છેલ્લા 5 દિવસમાં 1.58% ઘટ્યો છે. એક મહિનામાં 4.11% ઘટ્યો છે અને 6 મહિનામાં 10% ઘટ્યો છે. એક વર્ષમાં ફાઈનાન્સ કંપનીનો શેર 5.47% વધ્યો છે. કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન 1.83 લાખ કરોડ રૂપિયા છે.

જિયો ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડને 22 જુલાઈ 1999 ના રોજ રિલાયન્સ સ્ટ્રેટેજિક ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ તરીકે સ્થાપિત કરવામાં આવી હતી. ત્યારબાદ, કંપનીનું નામ બદલીને રિલાયન્સ સ્ટ્રેટેજિક ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ કરવામાં આવ્યું. 25 જુલાઈ 2023 ના રોજ ઈનકોર્પોરેશનનું એક નવું સર્ટિફિકેટ ઈશ્યૂ કરીને કંપનીનું નામ બદલીને 'જિયો ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડ' કરવામાં આવ્યું. જિયો ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો શેર બુધવારે 287.30 રૂપિયા પર બંધ થયો હતો. કંપનીનો શેર છેલ્લા 5 દિવસમાં 1.58% ઘટ્યો છે. એક મહિનામાં 4.11% ઘટ્યો છે અને 6 મહિનામાં 10% ઘટ્યો છે. એક વર્ષમાં ફાઈનાન્સ કંપનીનો શેર 5.47% વધ્યો છે. જિયો પેમેન્ટ્સ બેંકની કમાણી વધી: બેંકની કુલ કમાણી 10 ગણી વધી ગઈ છે. હવે તેની પાસે 32 લાખથી વધુ ગ્રાહકો છે.

# છૂટાછેડા પછી તેના બાપા પૈસા ગણવા બેસે એ શરમજનક: રૂપાલા

## 'બહુ મોડું થઈ ગયું છે, આપણો સમાજ પાછળ રહી ગયો', સુરત પાટીદાર સમાજના કાર્યક્રમમાં સાંસદની હૈયાવરાળ

**સુરત, તા.16**

સુરતમાં સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સેવા સમાજના કાર્યક્રમમાં લોકસભા સાંસદ પુરુષોત્તમ રૂપાલાએ સમાજની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યના પડકારો અંગે ગંભીર અને મનનીય વિચારો વ્યક્ત કર્યા હતા. આ સાથે જ જાહેર મંચ પરથી પાટીદાર સમાજને આકરી ટકોર કરી હતી.

રૂપાલાએ પોતાના વક્તવ્યમાં સમાજમાં આવતાં પરિવર્તનો, કુરિવાજો અને આંતરિક અનુશાસન પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે છૂટાછેડા પછી તેના બાપા પૈસા ગણવા બેસે છે એ સમાજ માટે શરમજનક છે. બહુ મોડું થઈ ગયું છે, આપણો સમાજ પાછળ રહી ગયો છે.

રૂપાલાએ જણાવ્યું હતું કે આપણે ભવનો બનાવવાનાં છે, સાથે સાથે સમાજનું પણ ઘડતર કરવાની જરૂર છે. હવે આપણે સમાજમાં કોઈ નિયમો રાખ્યા છે? આપણું કોઈ બંધારણ છે? આપણે કોઈ નીતિ-નિયમ પ્રમાણે ચાલવું છે? એમાં હવે ખૂબ ગંભીરતાથી વિચારવાની આવશ્યકતા છે અને અન્ય સમાજો આપણા કરતાં આગળ થઈ ગયા છે. પાંચ-પચ્ચીસ વર્ષ પહેલાં એવો સમય હતો કે આપણો સમાજ નિર્ણય કરતો અને બીજો સમાજ એને ફોલો કરતો. આજે બીજા સમાજોએ નિર્ણય કરી નાખ્યા અને આપણે તો હજી વિચારણા પણ નથી શરૂ કરી.

આ ખૂબ ગંભીર મુદ્દો છે, એમાં આપણે વિચારવાની આવશ્યકતા છે. કેટલાય સમાજે નિર્ણય કર્યા. એક સમાજે તો એવો નિર્ણય કર્યો કે સોનાના દાગીના દેવાના જ નહીં. સામાજિક નિર્ણય છે, નિર્ણય થઈ ચૂક્યો છે. ઘણા સમાજની અંદર સમૂહલગ્નોના નિર્ણય થઈ ગયેલા છે કે આખા સમાજના એક જ તારીખે લગ્ન થાય - કચ્છ આહીર સમાજ, એની એક જ તારીખ, એ તારીખે જ બધાનાં લગ્ન થાય.

રૂપાલાએ વધુમાં કહ્યું હતું કે આપણા સમાજે આવું કંઈ વિચારવાની આવશ્યકતા છે? અને એટલું લગ્ન પૂરતું જ નહીં, બીજા ખૂબ આપણા વ્યવહારો જાત-ભાતના વધી ગયા છે. એમાંથી જો આપણે સામાજિક બંધારણની કોઈ અસર નહીં આપીએ તો આ ભવનો એ સગવડતા આપણી વધારશે, પણ સામાજિક પોત જે આપણું હતું એ ઘસાતું જાય છે.

સાંસદે જણાવ્યું હતું કે આપણે પ્રસંગોપાત્ત એકત્રિત થઈએ છીએ અને પછીની આપણી કોઈ ગતિવિધિ નથી, એટલે આપણામાં હમણા થોડીક સુષુપ્તતા આવી ગઈ છે અને એને લીધે સામાજિક નિયંત્રણો રહ્યાં નથી. હજી હું એવા કાર્યક્રમોમાં જાઉં તો નેતાનું ભાષણ ચાલતું હોય, પાછળથી હરિહરની



થાળી પડી જાય, એ પાછળનું પડાળ ખાલી થઈ જાય. નેટ ઊભા ઊભા ભાષણ કરતા હોય, પણ પાછળ કોઈ વધ્યું ન હોય! આપણે પૂછીએ કે કેમ આમ થયું? તો કહે જમણવાર ચાલુ થઈ ગયો! પણ તમે સમાજના કાર્યક્રમમાં આવ્યા છો, તો સમાજનો કાર્યક્રમ એને પણ સાયન્ટિફિક રીતે બનાવો. 4 વાગ્યે શરૂ થશે, 6 વાગ્યે પૂરો થઈ જશે. મહેમાન આવવાના હશે એ આવશે, નહીં આવવાના હોય મોડા આવે એ 6 વાગ્યે.

તેમણે કહ્યું હતું કે કાર્યક્રમો હવેના સમય પ્રમાણે આપણે કરવા જોઈએ. ગમે ત્યારે શરૂ કરીએ, ભાઈ ગમે ત્યારે પૂરા કરીએ, એને લીધે આ બધા પ્રશ્નો થાય છે અને એને લીધે મંચની ગરિમા નથી રહેતી, સમાજની ગરિમા નથી રહેતી. આપણી ધાક હોવી જોઈએ કે ભાઈ આ સમાજનો કાર્યક્રમ છે, એમાં ટાઈમસર પોગો, પછી ન્યા કંઈ નહીં હોય.

સાંસદે આગળ જણાવ્યું હતું કે પહેલા આપણા લગ્નમાં એવું થતું કે 12 વાગ્યા પછી કોઈ જમવાવાળા આવે તો પીરસનારા સામા મળે! એ આપણા સમાજની શાખ હતી, એ આબરૂ હતી. તે દી હારથિયા આપણે આ કરતા હતા, એ દિવસે આપણી આ શાખ હતી. હવે આ કેટરિંગવાળાને સોંપ્યું છે એટલે ચાલ્યા રાખે છે! અને બગાડ પણ એટલો થાય છે. થાળીઓ એમ ને એમ ભરેલી ને એમ ને એમ ચાલ્યા રાખે બધું. આ બધી ચીજોમાં આપણા સમાજની શાખ ખોવાઈ રહી છે. મૂળ વિષય આ છે અને એ શાખ ઘવાતી ઘવાતી પછી ત્યાં સુધી ગઈ છે કે હવે દીકરા-દીકરી માનતાં નથી! પણ મારો બહુ સ્પષ્ટ મત છે કે એમાં દીકરા કે દીકરીઓનો વાંક નથી, આપણો વડીલોનો વાંક છે. આપણે તેમને ઘડતા નથી.

રૂપાલાએ કહ્યું હતું કે આપણે હવે બધા બોલીએ છીએ કે સંગઠિત થવું જોઈએ, સંગઠન કરવું જરૂરી છે, તમે સંગઠિત નહીં હોવ તો આમ થશે ને તેમ થશે... અને પછી છેક અમારા સુધી ચાલે 'બટોગે તો કટોગે'. ત્યાં સુધી ચાલે અને એમાં તથ્ય છે, પણ ખરેખર સંગઠનની જરૂર છે ક્યાં? એવું તો કોઈક દિવસ પૂછો. સંગઠનની જરૂર છે આપણા ઘરમાં, આપણા કુટુંબમાં.

તેમણે કહ્યું હતું કે કેટલી મોટી ગાંઠો આપણે હાથે કરીને ઊભી કરી રહ્યા છીએ. આખા જનરેશનો કપાઈ ગયાં છે, એ સમાજના અસ્તિત્વ સામે પ્રશ્નો ઊભા થઈ ગયા છે. આ બધી બાબતોને સમાજે ગંભીરતાથી વિચારવી જોઈએ અને એ દિશામાં પ્રયાસો કરવા પડશે, એટલે મારી સમાજને વિનંતી છે કે આપણે આ મોટા કાર્યક્રમો ખૂબ સફળતાપૂર્વક કરીએ છીએ, કારોબારીઓ પણ આપણી છે, પણ હવે સમાજના શ્રેષ્ઠીઓએ ભેગા મળીને સમાજનાં થોડાક ધારા-ધોરણ નવા સમય પ્રમાણેના વિચારીને સમાજમાં અમલમાં આવે એના માટેના પ્રયાસો હવે કરવા પડશે.

તેમણે કહ્યું હતું, હવે તમે જો નહીં કરો તો મોડું બહુ થઈ જશે. ઘણું મોડું થઈ ગયેલું જ છે ઓલરેડી. એવા સંજોગોમાં જો આપણે બધા સાથે મળીએ અને સમાજને નવી દિશા એની જરૂરિયાત પ્રમાણેની આપીએ. તક એવી સરસ ઊભી થઈ છે, વાતાવરણ એવું સરસ ઊભું થયું છે, વિશ્વમાં ભારતનો વટ પડી રહ્યો છે. ગ્લોબલ થઈ ગઈ છે દુનિયા, ગ્લોબલ વિલેજ બની ગયું છે અને આવી જ્યારે ઉમદા તકો ઉભી થઈ હોય ત્યારે આપણા સમાજનું કોઈ માળખું જ ન હોય અને મન ફાવે એવી રીતે આપણો સમાજ હાલે એ આપણા સમાજને પરવડે નહીં. રૂપાલાએ કહ્યું હતું કે એટલા માટે એક તાંતણે, સૌથી પહેલો વહેલો આખા દેશમાં આપણે ત્યાં સમાજમાં રિવાજ હતો.



ગુજરાત રાજ્યના શૂટર કેતન ભીમજીભાઈ પટેલે ૫ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૬ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન નવી દિલ્હીના ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જ ખાતે યોજાનારી ૬૮મી રાષ્ટ્રીય શોટગન શૂટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં ISSF ડબલ ટ્રેપ મેન્સ વ્યક્તિગત કેટેગરીમાં પ્રથમ વ્યક્તિગત બ્રોન્ઝ મેડલ જીત્યો છે. તે આ સ્તરે પહોંચનાર ગુજરાતનો પ્રથમ શૂટર છે. તેણે પશ્ચિમ ઝોનમાં ૪, રાજ્ય સ્તરે ૧૭, જીવી માવલંકરમાં ૩, ઈન્ડિયા ઓપનમાં ૨ અને NSCCમાં ૧ મેડલ જીત્યા છે. તેણે વિવિધ સ્તરની ચેમ્પિયનશિપમાં આ મેડલ જીત્યા છે.

# ઉત્તરાયણમાં પતંગની દોરી જીવલેણ બની, 5400થી વધુ પક્ષી ઘાયલ, 9 ટકાના મૃત્યુ થયા

**અમદાવાદ, તા.16**

ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાંથી 5439 પક્ષીઓ પતંગની કાતિલ દોરીથી ઘાયલ થયા હતા. જેમાંથી 4937એટલે કે 91 ટકા પક્ષીઓને બચાવી લેવામાં આવ્યા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર કરૂણા અભિયાન અંતર્ગત ગુજરાતમાં છેલ્લા 9 વર્ષમાં 1.03 લાખ પશુ-પક્ષીને રેસ્ક્યુ કરાયા છે, જેમાંથી 1.03 લાખને યોગ્ય સારવાર આપીને બચાવી લેવામાં આવ્યા છે. હેલ્પ લાઈન '1962' દ્વારા જારી માહિતી અનુસાર ગત વર્ષની સરખામણીએ પશુ સંબધિત ઈમર્જન્સીના કેસમાં 25 ટકાનો ઘટાડો જ્યારે પક્ષી સંબધિત ઈમર્જન્સીના કેસમાં સામાન્ય દિવસ કરતાં 1669 ટકાનો વધારો થયો છે. જિલ્લા પ્રમાણે જોવામાં આવે તો ઈમર્જન્સી કેસમાં અમદાવાદમાં 85 ટકા, અરવલ્લીમાં 103 ટકા, સુરતમાં 75 ટકા, જામનગરમાં 54 ટકા જેટલો વધારો નોંધાયો છે. અમદાવાદમાં સામાન્ય દિવસોમાં પશુ-પક્ષીની ઈમર્જન્સીના 101ની સામે ઉત્તરાયણના 186 કોલ્સ નોંધાયા હતા. જેમાં પશુ ઘાયલ થવાના 107, પક્ષી ઘાયલ થવાના 79 કેસનો સમાવેશ થાય છે. પક્ષી ઘાયલ થવાનો આ આંક હજુ આગામી બે દિવસમાં વધવાની સંભાવના છે.

# ડાકોર ઓવરબ્રીજ ઉપર તહેવારના ટાણે રાત્રે સ્ટ્રીટ લાઈટ બંધ, ધોળા દિવસે ચાલુ

**નડિયાદ, તા.16**

ડાકોરમાં ટ્રાફિકની સમસ્યાને લઈ સરકાર દ્વારા ડાકોર ચોકડી પર 68 કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે. જોકે, ઓવરબ્રિજ બન્યો ત્યારથી જ સતત વિવાદોમાં ઘેરાયેલો છે. ત્યારે મકરસંક્રાંતિના તહેવાર ટાણે બ્રિજની રાત્રિ દરમિયાન લાઈટો બંધ જોવા મળી હતી. જોકે, વાસી ઉતરાયણ ના દિવસે લાઈટોસ ધોળા દિવસે લાઈટો ચાલુ રાખીને વીજળીનો વેડફાટ કરવામાં આવી રહ્યો છે.

લાઈટો બંધ હોવાના કારણે રાત્રિ દરમિયાન વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ગ્રાફિકની સમસ્યાને દૂર કરવા માટે



ડાકોર ચોકડી ખાતે ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો હતો. જેમાં આ બ્રિજ બન્યો ત્યારથી સતત વિવાદોમાં ઘેરાયેલો રહ્યો છે.

પહેલા બ્રિજ પરથી પોપડા પડવાની ઘટના પ્રકાશમાં આવી હતી. જે બાદ બ્રિજના જોઈન્ટ ના બોલ્ટ ઉખાડવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ત્યારે હવે તહેવારના ટાણે એટલે કે રાત્રિ દરમિયાન બ્રિજ પરની લાઈટો બંધ હાલતમાં જોવા મળી હતી.

# મકરપુરામાં યુવકની હત્યા મામલે 3 આરોપીનું રિ-કન્સ્ટ્રક્શન: લોકોના ટોળેટોળા એકત્ર થઈને 'પોલીસ જિંદાબાદ'ના નારા લગાવ્યા

**વડોદરા, તા.16**

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા જશોદાનગરમાં યુવકની હત્યાના કેસમાં આજે મકરપુરા પોલીસે 3 આરોપીઓને સાથે રાખીને સમગ્ર ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું. આ સમયે લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને ગુજરાત પોલીસ જિંદાબાદ અને મકરપુરા પોલીસ જિંદાબાદના નારા લાગ્યા હતા. આરોપીઓ બે દિવસના પોલીસ રિમાન્ડ પર છે, ત્યારે પોલીસ ત્રણેય આરોપીની પૂછપરછ કરી રહી છે. આવતીકાલે શનિવારે આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

સુશીલાબેન પત્ની બિટુ ગજાનંદ પટેલ (ઉંમર 45, રહેવાસી એ/8,



શિવશક્તિનગર, જશોદા કોલોની, મકરપુરા, વડોદરા)એ મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના દીયર અનુપ ગજાનંદ પટેલ (ઉંમર 40) તેમની પત્ની સુનિતાબેન તથા બાળકો સાથે આમ્રપાલી કોમ્પ્લેક્ષ, ફ્લેટ નં. એફ-1, પહેલો માળ, મકરપુરા એરફોર્સ સ્ટેશન પાસે રહે છે. અનુપભાઈ જીઈવરનોવા કંપની, હાલોલ ખાતે શિફ્ટ વાઈઝ નોકરી કરે છે.

13 જાન્યુઆરીના રોજ રાત્રે અંદાજે 9:30 વાગ્યે મારી મોટી દીકરી અંશીકાનો જન્મદિવસ હોવાથી અનુપભાઈ અમારા ઘરે આવ્યા હતા. ત્યાં થોડીવાર બેસીને બર્થડે વિશ કર્યા બાદ તેઓ નોકરી માટે નીકળ્યા હતા. ઘરની બહાર વાતચીત દરમિયાન અચાનક પડોશી રાહુલ યાદવ (મનુ યાદવનો દીકરો) તથા તેની સાથેનો બીજો એક વ્યક્તિ આવ્યો હતો અને અનુપભાઈ સાથે ચાવીને લઈને બોલાચાલી ઝઘડો શરૂ કરી દીધો હતો. રાહુલે અનુપભાઈને બે-ત્રણ થપ્પડ માર્યા હતા.

# મ્યુનિ.હોસ્પિટલ, કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં બે દિવસમાં દોરીથી ઈજા પામવાના140 થી વધુ કેસ નોંધાયા....

**અમદાવાદ, તા.16**

અમદાવાદમાં ૧૪ અને ૧૫ જાન્યુઆરી એમ બે દિવસમાં દોરીથી ઈજા પામવાના ૧૪૦થી વધુ કેસ નોંધાયા હતા. મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલ, કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં ઉત્તરાયણના પર્વને ધ્યાનમા લઈ ખાસ સારવાર વ્યવસ્થા કરાઈ હતી. એલ.જી.હોસ્પિટલમાં ૪૬થી વધુ, વી.એસ.હોસ્પિટલમાં ૨૩ લોકોને સારવાર અપાઈ હતી. ૮ લોકોને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર અપાઈ હતી. પતંગથી ઈજા પહોંચવાના પણ પાંચ બનાવ નોંધાયા હતા. કોર્પોરેશન તરફથી એલ.જી.હોસ્પિટલ ઉપરાંત શારદાબેન, વી.એસ.હોસ્પિટલ, એસ.વી.પી. હોસ્પિટલ તથા નગરી આંખની હોસ્પિટલ ઉપરાંત ૧૨ જેટલા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે મેડીકલ ઓફિસર સાથે ટીમ પતંગ પર્વ દરમિયાન ઈજા પામનારા લોકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે સ્ટાફને ફરજ ઉપર મુકવામા આવ્યો હતો. વી.એસ.હોસ્પિટલમાં ૨૨ લોકોને આઉટડોર પેશન્ટ તરીકે જ્યારે એક પેશન્ટને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર અપાઈ હતી. એસ.વી.પી.હોસ્પિટલમાં બે દિવસમાં છ લોકોને આઉટડોર તથા એક વ્યકિતને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર આપવામા આવી હતી. પતંગથી ઈજા થવાના બનાવમાં ૧૩ જાન્યુઆરીના રોજ બે તથા ૧૪ જાન્યુઆરીના રોજ ત્રણ બનાવ નોંધાયા હતા.

# બે દિવસમાં બર્ડ રેસ્કયૂના 40 થી વધુ કોલ, નિકોલમાં હાઈડ્રોલિક ક્રેન દ્વારા ટાવર ઉપર ફસાયેલી સમડીને બચાવાઈ

**અમદાવાદ, તા.16**

અમદાવાદમાં ઉત્તરાયણ પર્વના બે દિવસ દરમિયાન બર્ડ રેસ્ક્યૂના ૪૦થી વધુ કોલ ફાયર વિભાગને મળ્યા હતા.નિકોલ વિસ્તારમાં મોબાઈલ ટાવર ઉપર સમડી ફસાઈ હોવાની સ્થાનિકોએ ફાયર વિભાગને જાણ કરાઈ હતી. ફાયર વિભાગ દ્વારા હાઈડ્રોલિક ક્રેનની મદદથી પતંગની દોરીમાં ફસાઈ ગયેલી સમડીને બચાવી લીધી હતી.શહેરના મણિનગર, ગોમતીપુર સહિત અનેક વિસ્તારમાં વૃક્ષ ઉપર ફસાયેલા પક્ષીઓને ફાયર વિભાગ દ્વારા બચાવાયા હતા. દર વર્ષે અમદાવાદમાં ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીના કારણે પશુ-પક્ષીઓ ઘાયલ થતા હોય છે.ગુરુવારે નિકોલ વિસ્તારમાં દાસ ખમણ રોડ ઉપર મોબાઈલ ટાવરની ઉપર પતંગની દોરીમાં સમડી ફસાઈ ગઈ હતી. સમડીનો જીવ બચાવવા ફાયર વિભાગની મદદ લેવામા આવી હતી.ફાયરના જવાનો દ્વારા સમડીને સલામત બચાવી લેવાતા હાજર લોકોએ ફાયરના જવાનોનો આભાર વ્યકત કર્યો હતો. અમદાવાદ ફાયર વિભાગને ગત વર્ષે જાન્યુઆરી-૨૫માં માત્ર એક મહિનામાં બર્ડ રેસ્કયૂના ૬૮૧ કોલ મળ્યા હતા.આ વર્ષે કોલની સંખ્યા વધી શકે એમ છે. કોર્પોરેશનના સી.એન.સી.ડી.વિભાગ દ્વારા ઉત્તરાયણના પર્વની ઉજવણી પછી શહેરના બોપલ,સરદારનગર, સાબરમતી, ખાડીયા, મણીનગર તેમજ નહેરુબ્રિજ, દરિયાપુર, શાહપુર, ઓઢવ, વસ્ત્રાલ વોર્ડના અલગ અલગ રોડ ઉપરથી અકસ્માત નિવારવા તથા મનુષ્ય,પશુ-પક્ષીને હાનિકર્તા નકામા પતંગ અને દોરી દુર કરાયા હતા.

# દલા તરવાડી જેવી દરખાસ્ત, બાંધકામ તોડવા, દબાણ દુર કરવા કોન્ટ્રાકટરને ચાર કરોડ ચૂકવાશે

**અમદાવાદ, તા.16**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આજે શુક્રવારે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે. આ બેઠકમાં ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ગેરકાયદે બાંધકામ તોડવા ઉપરાંત હોર્ડિંગ્સ,બેનરો દુર કરવા કોન્ટ્રાકટર જયશ્રી ચામુંડા સ્ક્રેપને ત્રણ વર્ષ માટે ચાર કરોડ ચૂકવી કોન્ટ્રાકટ આપવા દરખાસ્ત મંજૂરી માટે મુકાઈ છે. કોન્ટ્રાકટરને તો આ કામગીરી મળ્યા પછી ભંગાર કે કાટમાળમાંથી આવક થવાની છે. આમ છતાં દલા તરવાડીની જેમ રીંગણા લે દસ-બાર યથાર્થ સાબિત કરાશે. કોર્પોરેશન દ્વારા શહેરના તમામ સાત ઝોનમાં ગેરકાયદેસર બાંધકામ તોડવાથી લઈ ગેરકાયદેસર હોર્ડિંગ્સ દુર કરવા માટે વાર્ષિક કોન્ટ્રાકટથી જ કામગીરી



અપાતી હોય છે. પરંતુ ઉત્તર-પશ્ચિમ ઝોન એસ્ટેટ વિભાગ તરફથી ત્રણ વર્ષ માટે વાર્ષિક કોન્ટ્રાકટનુ ટેન્ડર સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી માટે મુકયુ છે.ઉત્તર-પશ્ચિમ ઝોનમાં થલતેજ, બોડકદેવ, ઘાટલોડીયા સહિતના સમૃધ્ધ વિસ્તાર આવેલા છે. આ વિસ્તારોમાં કોન્ટ્રાકટર જાહેરખબરના ગેરકાયદેસર બોર્ડ,હોર્ડિંગ્સ દુર કરે કે ગેરકાયદેસર બાંધકામ કે તેનો ભાગ. કોર્પોરેશન કોન્ટ્રાકટર પાસે કાટમાળ તો પાછો માંગવાનુ નથી. આ પરિસ્થિતિમા ખરેખર તો કોર્પોરેશને કોન્ટ્રાકટર પાસે રેવન્યુ શેરીંગ માંગવુ જોઈએ.એના બદલે ત્રણ વર્ષમા ચાર કરોડ કોન્ટ્રાકટરને ચૂકવાશે. એલ.જી.હોસ્પિટલના કેમ્પસમા આવેલા બી બ્લોકના જર્જરીત બિલ્ડિંગને સંપૂર્ણપણે ડિમોલીશ કરી સ્થળ ઉપરથી તમામ માલસામાન કાટમાળ સાથે લઈ જવા અને જગ્યા સમથળ કરવા એ.એમ.સી.મેટ દ્વારા ટેન્ડર કરાયુ છે.જેમા કામગીરી કરવા માંગતા કોન્ટ્રાકટર માટે રુપિયા ૪૫.૮૮ લાખ અપસેટ વેલ્યુ રાખવામા આવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

